Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૯૯
તા.૨૪-૦૮-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૦ સૂર્યાસ્ત : ૦૭:૦૪

તાપમાન
ડીસા ૨૯.૮ | વડોદરા ૩૧.૪
અમદાવાદ ૨૯.૯ | સુરત ૩૧.૬
ગાંધીનગર ૨૭.૮ | નલિયા ૩૦.૬

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૩
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

ઓબીસી માટે આવક મર્યાદા ૮ લાખ કરાઈ

ઓબીસી વર્ગના વધુ લોકોને નોકરી અને ભરતીમાં અનામતનો લાભ : હજુ સુધી મર્યાદા છ લાખ હતી : નાણામંત્રી અરુણ જેટલી દ્વારા મોટી જાહેરાત કરાઈ : સરકાર અન્ય પછાત જાતિની પેટા કમિટિ ચકાસવા કમિશન બનાવશે

નવીદિલ્હી

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં નાણામંત્રી અરુણ જેટલીએ આજે એક મોટી જાહેરાત કરી દીધી હતી. આના ભાગરુપે કેન્દ્ર સરકારે ઓબીસી અનામત માટે ક્રિમિલેયરની આવક મર્યાને વધારી દીધી છે. હવે આઠ લાખ રૂપિયા સુધી વાર્ષિક કમાણી કરનાર અન્ય પછાત જાતિ (ઓબીસી) ક્રિમિલેયરમાં આવશે. પહેલા આ મર્યાદા છ લાખ રૂપિયા હતી. સરકારના આ નવા નિર્ણયના પરિણામ સ્વરુપે હવે ઓબીસી વર્ગમાં વધુ લોકોને નોકરી અને ભરતીમાં અનામતના લાભ મળી શકશે. જેટલીએ કહ્યું હતું કે, ઓબીસીની યાદીમાં સબ કેટેગરી બનાવવા માટેની દિશામાં એક પંચની રચના કરવા માટે રાષ્ટ્રપતિની પાસે ભલામણ મોકલવામાં આવી છે. આનાથી લાભથી વંચિત રહી ગયેલા લોકોને પણ સામેલ કરી શકાશે. હજુ સુધી છ લાખ રૂપિયા અથવા તો તેનાથી વધુની વાર્ષિક આવક ધરાવનાર ઓબીસી પરિવારનો લાભ મેળવનારની યાદીથી દૂર કરીને ક્રિમિલેયરમાં રાખવામાં આવ્યા હતા. આ આવક વર્ગના ઓબીસીને કોઇ પ્રકારના લાભ મળી રહ્યા ન હતા. અત્રે નોંધનીય છે કે, કેન્દ્ર સરકારે ક્રિમિલેયરની પરિભાષા ફરીવાર નક્કી કરવા તૈયારી કરી છે. વધુ જરૂરિયાતવાળા લોકોને તથા સમાજના નિચલા વર્ગના લોકોને અનામતના લાભ મળી શકે તે દિશામાં પહેલ થઇ રહી છે. ઓબીસી અનામત માટે છેલ્લી સમીક્ષા ૨૦૧૩માં કરવામાં આવી હતી. અરુણ જેટલીએ આજે આ જાહેરાત કર્યા બાદ તેનો સીધો ફાયદો સામાન્ય લોકોને મળી શકે છે. જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર દ્વારા અન્ય પછાત જાતિ અથવા તો ઓબીસીની પેટા કેટેગરીની ચકાસણી કરવા એક કમિશનની રચના કરશે. ઓબીસી ક્રિમિલેયરની મર્યાદાને છ લાખથી વધારીને હવે આઠ લાખ કરી દેવામાં આવી છે. આ કમિશન ચેરમેનની નિમણૂંકના ૧૨ સપ્તાહની અંદર અહેવાલ સુપરત કરશે. નેશનલ કમિશન ફોર બેકર્વ ક્લાસ (એનસીબીસી)એ તેના અહેવાલમાં ત્રણ કેટેગરીની અંદર પેટા કેટેગરી બનાવવા માટે સરકારને ભલામણ કરી હતી. એનસીબીસીએ ઓબીસીની અંદર પેટા કેટેગરીની ભલામણ કરીને આમા સૌથી પછાત જાતિ (ગ્રુપએ), વધુ પછાત વર્ગ (ગ્રુપ બી), પછાત વર્ગ (ગ્રુપ સી)ની વાત કરી હતી. એવી ભલામણ પણ કરવામાં આવી હતી કે, સૌથી પછાત જાતિઓને અલગગ્રુપમાં રાખવામાં આવે તે જરૂરી છે. આનાથી તેમને વધુ સુવિધા આપી શકાશે. ઓબીસી અનામતના સંદર્ભમાં આજે કરવામાં આવેલી જાહેરાતને ખુબ મોટી જાહેરાત તરીકે ગણાવામાં આવે છે. આનાથી ઓબીસી વર્ગના વધુ લોકોને નોકરી અને ભરતીમાં સીધો ફાયદો થશે.

ટ્રેન અકસ્માતોનો સિલસિલો યથાવત રીતે રહેતા ચિંતાનું મોજુ

કેફિયત એક્સપ્રેસ ડમ્પર સાથે ટકરાતા ૮૦ પ્રવાસીઓને ઈજા

આઝમગઢથી દિલ્હી તરફ જનાર કેફિયત એક્સપ્રેસ દુર્ઘટનાનો શિકાર થતાં રેલવે તંત્રમાં ભાગદોડ : શનિવાર બાદ બીજી મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ ગઇ

કાનપુર

ઉત્તરપ્રદેશના ઔરૈયા જિલ્લામાં આજે વહેલી સવારે આઝમગઢથી દિલ્હી તરફ જનાર કેફિયત એક્સપ્રેસ ડમ્પર સાથે ટકરાઈને પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૮૦ લોકોને ઈજા થઈ છે. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. શનિવારના દિવસે જ મુઝફ્ફર જિલ્લાના ખટોલીમાં કાલિંગ-ઉત્કલ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઇ જતાં ૨૬ના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઉત્કલ એક્સપ્રેસ બનાવમાં પણ લાપરવાહીની બાબત સપાટી ઉપર આવી છે. આજે સવારે દુર્ઘટના થયા બાદ અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે. જ્યારે અનેક ટ્રેનો ડાયવર્ટ કરવાની ફરજ પડી છે. કાનપુર ટુંડલા સેક્સનની તમામ ટ્રેનોને રદ કરવામાં આવી ચુકી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

રેલ્વે મંત્રી સુરેશ પ્રભુએ રાજીનામાની ઓફર કરી

રેલવે અકસ્માતોનો સિલસિલો યથાવત રીતે જારી રહેતા આજે રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ટ્રેન દુર્ઘટનાઓની નૈતિક જવાબદારી સ્વીકારીને છેલ્લા પદથી રાજીનામુ આપી દેવાની ઓફર કરી હતી. આજે એક પછી એક દુર્ઘટ કરીને પ્રભુએ રાજીનામાની ઓફર કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને રાજીનામાની ઓફર કરી હતી. મોદીને રાજીનામુ સોંપી સુરેશ હોવાના સંકેત પણ પ્રભુએ આપ્યા હતા. મોદીએ તેમને રાહ જોવા માટે કહ્યું છે. પ્રભુએ તમામ નૈતિક જવાબદારી લીધી છે અને પોતાના પક્ષને રજૂ કરવાના પ્રયાસ કર્યા છે. પહેલા ઉત્કલ એક્સપ્રેસ અને કેફિયત એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ રેલવે વહીવટીતંત્ર ઉપર લાપરવાહીના આક્ષેપ થઈ રહ્યા છે. સુરેશ પ્રભુ પોતે પણ આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. વિપક્ષ દ્વારા તેમના રાજીનામાની માંગ કરવામાં આવી છે. પ્રભુએ કહ્યું છે કે, મોદીને મળીને તેમણે રાજીનામાની ઓફર કરી છે.

કુલ મૃતાંક વધીને ૨૯૫ ઉપર પહોંચ્યો

રાજયમાં સ્વાઈન ફ્લુથી વધુ નવના મોત, ૨૦૭ નવા કેસો

અમદાવાદમાં સૌથી વધુ કેસો એએમસીમાં નોંધાયા હોવાના અહેવાલો

અમદાવાદ

ગુજરાતભરમાં પણ સ્વાઈન ફ્લુનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુના કારણે વધુ નવ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૨૯૫ ઉપર પહોંચ્યો હતો જ્યારે નવા ૨૦૭ કેસો નોંધાતા કુલ કેસોની સંખ્યા વધીને ૩૬૦૦ ઉપર પહોંચી ગઈ છે. જે નવ લોકોના મોત થયા છે તે પૈકી એએમસીમાં ૩, એસએમસી, કચ્છ, ભરુચ, ગીરસોમનાથ, અમરેલી, જુનાગઢમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે જે ૨૦૭ કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા છે જે પૈકી એએમસીમાં સૌથી વધુ ૧૦૨ કેસો સપાટી ઉપર આવ્યા છે. બનાસકાંઠામાં સાત, અમદાવાદ, ભરુચમાં ૯-૯, સાબરકાંઠા, જામનગરમાં ૫-૫, એસએમસી, આરએમસી, ગાંધીનગર, કચ્છમાં ૪-૪, રાજકોટ, વડોદરા, મહેસાણા, જામનગર, જીએમસી, ખેડા, દાહોદમાં ૩-૩, આણંદ, પાટણ, પંચમહાલ, અરવલ્લી, પોરબંદર, મહીસાગરમાં ૨-૨, ભાવનગર, ગીરસોમનાથ, અમરેલી અને સુરતમાં એક-એક કેસ સપાટી ઉપર આવ્યા છે. સ્વાઈન ફ્લુનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કેસો ચિંતાજનકરીતે વધી રહ્યા છે. રાજય સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તમામ પગલા લવામાં આવી રહ્યા હોવા છતાં મોતનો આંકડો અને નવા કેસોનો આંકડો રોકેટગતિએ વધી રહ્યો છે. મોટાભાગના શહેરોમાં સ્વાઈન ફ્લુની દહેશત અકબંધ રહી છે. આગામી દિવસોમાં સ્વાઈન ફ્લુ હાલ કાબુમાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સ્વાઈન ફ્લુથી ગ્રસ્ત વિસ્તારોમાં સૌરાષ્ટ્ર વિસ્તારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુરત, રાજકોટ, અમદાવાદમાં પણ મોટાપાયે કેસો નોંધાયા છે. સ્વાઈન ફ્લુનો આતંક જારી રહેતા તંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. પોઝિટિવ કેસોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. તંત્રના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. રાજયના જુદા જુદા શહેરો અને વિસ્તારોમાં મૃત્યુઆંક વધવાનો દોર આજે પણ જારી રહ્યો હતો. તો, સ્વાઈન ફ્લુના કારણે વધતા જતાં મૃત્યુ આંક વચ્ચે સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક રીતે વધી રહી છે. રાજયમાં સૌથી વધુ મોત અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં નોંધાયા છે. સ્વાઈન ફ્લુના ભયાનક સ્વરૂપને જોતાં હાલમાં જ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તમામ જિલ્લા કલેકટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને આરોગ્ય અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી તાજી પરિસ્થિતિ જાણી હતી અને સ્વાઈન ફ્લુની સારવાર અને તેને નિયંત્રણ સંબંધી જરૂરી સૂચનો પણ કર્યા હતા. સ્વાઈન ફ્લુ ફેલાઈ જવા માટે અનેક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. જેના માટે ગંદગીને પણ એકરીતે જવાબદાર ગણી શકાય છે.

ચૂંટણીલક્ષી કોંગ્રેસના ભરચક કાર્યક્રમો

રાહુલ ગાંધી પહેલી-ચોથીના બંને કાર્યક્રમોમાં હાજર રહેશે

૨૬મી ઓગસ્ટે ભાવનગરમાં સત્ય વિજય સંમેલન અને ૨૯મીએ સુરત ખાતે સંમેલન : વફાદારોનું સન્માન કરાશે

અમદાવાદ

રાજયસભાની ચૂંટણીમાં એહમદ પટેલના પ્રતિષ્ઠાભર્યા વિજય બાદ કોંગ્રેસમાં જાણે નવા ઉત્સાહ અને જુસ્સાના પ્રાણ ફુંકાયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ આક્રમક બન્યું છે. આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા ભરચક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં સૌથી મહત્વના કાર્યક્રમ એવા તા.૧લી સપ્ટેમ્બરના પારડી ખાતેના ખેત સંમેલન અને તા.૪થી સપ્ટેમ્બરના અમદાવાદના રિવરફ્રન્ટ પર પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મહાસમેલેનના કાર્યક્રમમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ખાસ હાજરી આપનાર છે. ભરચક કાર્યક્રમોને લઈ કોંગ્રેસના કાર્યકરોથી લઈ ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ અને આગેવાનો ભારે વ્યસ્તતામાં જોતરાઈ ગયા છે. આવતીકાલે યુથ કોંગ્રેસ દ્વારા શહેરમાં યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે વિજય વિશ્વાસ સંમેલન યોજાનાર છે ત્યારે એ પછી તા.૨૬મી ઓગસ્ટે ભાવનગર ખાતે સત્ય વિજય સંમેલન યોજાશે. જેમાં કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોનું સન્માન કરવામાં આવશે. એ પછી તા.૨૯મી ઓગસ્ટે સુરતમાં આ જ પ્રકારનું સંમેલન યોજાશે, જેમાં વફાદાર ૪૩ ધારાસભ્યોને કોંગ્રેસપક્ષ દ્વારા સન્માન કરી ભિરદાવવામાં આવશે. એ પછી સૌથી મહત્વનો કાર્યક્રમ તા.૧લી સપ્ટેમ્બરે નવસારીના પારડી ખાતે ખેત સંમેલન યોજાશે. પારડીના ખેત સંમેલનમાં હજારો ખેડૂતો, આદિવાસીઓ અને પ્રજાજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાય તેવી શકયતા છે. વર્ષો પહેલાં ખેડૂતોને તેમની જમીનનો હક્ક અપાવવા જમીન સુધારણા અને અધિકારની લડાઈ માટે જે સત્યાગ્રહ થયો હતો તેનું આ સ્થળ ઐતિહાસક ગવાહ છે

સરકારને સૂચના મેળવવા હાઇકોર્ટનો નિર્દેશ

મુખ્યમંત્રી રાહતફંડની વિગત જાહેર કરવા માટે રીટ

સરકારને કરોડો રૂપિયા ફંડમાં મળે છે પરંતુ તેની વિગતો જાહેર થતી નથી : અરજદાર

અમદાવાદ

મુખ્યમંત્રી રાહત ફંડ અંગેની વિગતો જાહેર કરવા દાદ માંગતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થઇ છે. જેની સુનાવણીમાં હાઇકોર્ટે રાજય સરકારને મુખ્યમંત્રી રાહતફંડને લઈ તાજી સ્થિતિ અંગે સુચના મેળવી અદાલતને જાણ કરવા મૌખિક નિર્દેશ કર્યો છે. હાઇકોર્ટે જાહેરહિતની રિટની વધુ સુનાવણી આગામી સપ્તાહમાં મુકરર કરી છે. સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, સરકાર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડની વિગતો જાહેર કરવામાં આવતી નથી કે, તેની વિગતો પણ સરકારની સત્તાવાર વેબસાઇટ પર મુકવામાં આવતી નથી. જોગવાઇ મુજબ, સરકારે મુખ્યમંત્રી રાહત ફંડની વિગતો અને માહિતી તેની વેબસાઇટ પર પણ જાહેર કરવી જોઇએ પરંતુ તેમ થતું નથી. તાજેતરમાં સરકારે બનાસકાંઠા સહિતના પુરગ્રસ્ત વિસ્તારોના પીડિતોની સહાય માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી છે, જેમાં તા.-૮-૨૦૧૭થી કરેલી આ જાહેરાત બાદ સરકારને રૂ.૦૧.૫૪ કરોડની રકમ પ્રાપ્ત થઇ છે, ગઇકાલે તા.૨૨મી ઓગસ્ટે રૂ.એક કરોડનું દાન મળ્યું છે અને આ સિવાય પણ નાની-મોટી રકમના દાન મળ્યા છે. પરંતુ તેમછતાં સરકાર દ્વારા રાહત સહાયની રકમોના આંકડા, કરોડો રૂપિયા જેને સહાયમાં આપવાના છે, તે લાભાર્થીઓ કોણ છે તે સહિતની વિગતો સરકારી વેબસાઇટ પર જાહેર કરવી પડે પરંતુ સરકારે આ તમામ વિગતો જાહેર જ કરી નથી. સરકાર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડની વેબસાઇટ તાત્કાલિક બનાવવામાં આવે અને તેની પર આ તમામ વિગતો પ્રસિધ્ધ કરાય તેવી પીઆઇએલમાં દાદ માંગવામાં આવી હતી. હાઇકોર્ટે સરકારપક્ષને મુખ્યમંત્રી રાહત ફંડની વિગતો જાહેર કરવા બાબતે શું તાજી સ્થિતિ કે જોગવાઇ છે તેની સુચના સરકારમાંથી મેળવી અદાલતને જાણ કરવા મૌખિક નિર્દેશ કર્યો હતો.

સ્વાઈન ફ્લુને રોકવા શિક્ષકો, વિદ્યાર્થીઓ મોટી ભૂમિકા કરે

અમદાવાદ

છેલ્લા કેટલાક સમયથી રાજયમાં વધી રહેલા સ્વાઈન ફ્લુના રોગને નિયંત્રણમાં લાવવા શિક્ષકો અને વિદ્યાર્થીઓને લોકજાગૃતિના વાહક નિર્ણાયક ભૂમિકા ભજવવા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આહવાન કર્યું છે. શિક્ષકને એક જાગૃત નાગરિક તથા બાળક-વિદ્યાર્થીને આ રોગના નિયત્રણના ઉપાયો સુચવવા એક ઉપયોગી વાહક લેખાવી શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, કોઈપણ આપત્તિને અવસરમાં પલટાવાનો હવે આપણો સ્વભાવ બની ગયો છે ત્યારે સ્વાઈન ફ્લુની પ્રાકૃતિક આપત્તિને ખાળવા ઘર ઘરના સંપર્ક દ્વારા આ આપત્તિને લોકજાગૃતિનો અવસર બનાવી પ્રત્યેક ઘરમાં સ્વાઈન ફ્લુ સામે જાગૃતિનું વાતાવરણ સર્જીએ તો આ રોગને આસાનીથી ખાળી શકાશે.

૨૦૦ રૂપિયાની નોટ ખુબ જ ઉપયોગી સાબિત થશે

૨૦૦ રૂપિયાની નવી નોટ અંગે સપ્ટેમ્બરમાં જાહેરાત

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત : બ્લેકમની ઉપર અંકુશ મુકવાની દિશામાં પહેલ

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ૨૦૦ રૂપિયાની નવી નોટ જારી કરવાના સંદર્ભમાં ચાલી રહેલી ચર્ચાઓનો અંત લાવી દીધો છે. સુત્રોએ કહ્યું છે કે, ૨૦૦ રૂપિયાની નવી નોટ જારી કરવાને લઈને કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી દીધી છે. આરબીઆઈનું માનવું છે કે, ૨૦૦ રૂપિયાની નોટ ખુબ જ અસરકારક રહેશે. સાથે સાથે નોટની ઉપલબ્ધતા પણ બની શકશે. આ અગાઉ રિઝર્વ બેંકે હાલમાં જ ૫૦ રૂપિયાની નવી નોટ જારી કરવાની જાહેરાત કરી હતી. આરબીઆઈ કોઈ રીતે બોગસ નોટો ઉપર અંકુશ મુકીને આગળ વધવાની પ્રક્રિયામાં છે. આના માટે પ્રથમ વખત ભારતીય રિઝર્વ બેંક ૨૦૦ રૂપિયાની નવી નોટ લાવવાની

તૈયારીમાં છે. સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં આની જાહેરાત કરવામાં આવી શકે છે. જાણકાર લોકોના કહેવા મુજબ કાળા નાણા ઉપર બ્રેક મુકવાની દિશામાં આ પહેલ ઉપયોગી સાબિત થશે. ત્યારબાદ ૫૦૦ રૂપિયાની નવી નોટ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટ જારી કરવામાં આવી હતી. ત્યારબાદથી ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટ વચ્ચે કોઈ નોટ ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. આવી સ્થિતિમાં હવે ૨૦૦ રૂપિયાની નોટ જારી કરવાની હિલચાલ હાથ ધરાઈ છે. સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ સુધી આની જાહેરાત કરવામાં આવી શકે છે. રિઝર્વ બેંક અને સરકાર હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી રહી ન હતી.

વિચાર વૈભવ...

'તું ક્યારેય જેલમાં ગયો છે ખરો?'

ન્યાયાધીશનો આ પ્રશ્ન સાંભળતા જ રમેશની આંખમાં આંસુ આવી ગયા. એ કાંઈ બોલવા જાય એ પહેલાં ન્યાયાધીશે એને સંભળાવી દીધું,

'એમાં આટલું બધું રડવાની જરૂર નથી'

'હું આજે ને આજે જ તને જેલમાં મોકલી દઉં છું. બોલ, કહે તો રાજી ને?'

***

દુર્ગંધ સહન થતી નથી તો માણસ ગટરના રસ્તે આગળ વધતો નથી. કાંટાની વેદના સહન કરવી નથી તો માણસ કાંટાવાળા રસ્તે આગળ વધતો નથી. તો માણસ કાંટાવાળા રસ્તે આગળ વધવાનું મુલતવી રાખી દે છે પણ દુઃખ સહન થતું નથી, દુઃખ સહન કરવું નથી છતાં માણસ પાપના રસ્તે આગળ વધવાનું મુલતવી તો રાખતો નથી પણ ભમણા ઉત્સાહથી અને તેજ ગતિથી પાપના રસ્તે ભાગતો રહે છે.

યાદ રાખજો, ગટર આગળ ઊભા રહેવા છતાં દુર્ગંધથી બચી જવામાં હજી કદાચ સફળતા મળી જશે અને કાંટાવાળા રસ્તે આગળ વધવા છતાં કંટકની વેદનાથી બચી જવામાં હજી કદાચ સફળતા મળી જશે પણ પાપસેવન છતાં દુઃખથી ઊગરી જવામાં સફળતા? અસંભવ છે.

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

સાર સમાચાર...

ભડથ નજીક નદીમાં ડુબી જતાં યુવકનું મોત

ડીસા

બનાસ અને સીપુ નદીમાં ચાલુ વર્ષે પાણી વહેતાં અનેક લોકોના મૃત્યુ થયા છે જ્યારે બુધવારે ડીસાના ભડથ નજીક સીપુ નદીમાં ડુબી જતાં ૨૦ વર્ષના યુવકનું મોત નિપજ્યું હતું.

બનાવની વિગત એવી છે કે ડીસા તાલુકાના ભડથ ગામે રહેતો ભલુભા નાનજીજી વાઘેલા (ઉ.વ.૨૦)બુધવારે બપોરે ભડથથી મોરથલ ગોળીયા જવા નિકળ્યો હતો ત્યારે રસ્તામાં સીપુ નદી પસાર કરતી વખતે નદીના પાણીમાં પગ લપસી જતાં તે પ્રવાહમાં તણાયો હતો. ભુમાભુમ થતાં આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને તેને પાણીમાંથી બહાર કાઢયો હતો જો કે પાણીમાં ડુબી જવાના કારણે તેનું મોત થઈ ચૂકયું હતું.

મૃતકની લાશને ડીસા સિવિલમાં પી.એમ.અર્થે લવાઈ હતી. ઉલ્લેખનીય છે કે બનાસ અને સીપુ નદી જ્યારે વહે છે ત્યારે અનેક લોકોના ભોગ લેવાય છે. ચાલુ વર્ષે પણ નદીમાં અત્યાર સુધી પાંચ વ્યક્તિના મોત થઈ ચૂકયા છે.

સૂર્યોદય - ૬.૧૪ સૂર્યાસ્ત - ૭.૧૭

તિથિદર્શન

ભાદરવા સુદ-૩ ગુરૂવાર ૨૦૭૩

૬ ગુ.		૪ મં.રા.
૭	૫ લ.સુ.બુ. ચં.	૩ શુ.
૮ શ.		૨
૯	૧૧ કે.	૧
૧૦		૧૨

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :ત્રીજ ગુરૂવાર નક્ષત્ર :ઉત્તર ફાલ્ગુની બપોરે ૨.૦૦ પછી હસ્ત યોગ: સાધ્ય કરણ:તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

શત દધાન્ન વિવેદેદિતિ વિજ્ઞસ્ય સંમતમ્
વિના હેતુમપિ દ્વં દ્વ મેતન્મૂર્ખસ્ય લક્ષણમ્

'સમજુ અને જ્ઞાની માણસનો એવો મત છે કે ભલે પૈસા આપવા પડે તો આપીને પણ વિવાદનો અંત આણવો, વાદ વિવાદ, ટંટોફસાદ કરવા નહીં, પરંતુ મૂર્ખ- દુર્જન લોકોનું લક્ષણ અને માન્યતા- સ્વભાવ એવાં હોય કે કારણ ન હોય તો ઉપજાવીને પણ કજિયો- કંકાસ કરવા.'

કેટલાક લોકો શાંતિપ્રિય હોય છે વાદ- વિવાદ- કંકાસને ટાળે છે. પતિ- પત્નીને પોતાની આગવી માન્યતાઓ નિશ્ચિત- મક્કમ વર્તણૂક બાંધછોડ હું તો ન જ કરું જેને કરવું હોય તે- સામું પાત્ર જ કરે આવી જીદ- જક્કી વલણ અને પોતાની માન્યતાઓને સત્યનું સ્વરૂપ સમજી પકડી લે ત્યારે ઘરભંગ થાય છે, સંબંધ તૂટે છે, જો બેમાંથી એક પાત્ર 'નમતું' જોખી, માન- અપમાન જતાં કરી, નમ્રતા કેળવે તો જ 'ગાડું' ચાલે. શાંતિ- સુખમાં રહેવા સહનશક્તિ અને ક્ષમાભાવ ખૂબ જ જરૂરી છે.

પરંતુ કેટલાક લોકો સ્વભાવ જ 'આવ પાણા પગ પર પડ' જેવો હોય, વિના કારણ બોલબોલ કરી શાંત સરોવરમાં પથરા નાખે અને પોતે ઊભાં કરેલાં વમળમાં ફસાય છે. 'શાંતિ' એમના સ્વભાવની સીમારેખાની બહાર જ રહે છે. ઉધારા કજિયા કરે- કજિયો કર અથવા કરવાવાળો દે...

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. મનમાં મુંઝવણ અનુભવાય.
વૃષભ : (બ.વ.ઉ.)પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. તબિયત સંભાળવી.
મિથુન : (ક.છ.ઘ.) ધીરજના ફળ મીઠા મળે. પ્રવાસથી લાભ થાય.
કર્ક : (ડ.હ.) દિવસ પ્રગતિકારક વ્યતિત થાય. મનની મૂંઝવણ દૂર થાય.
સિંહ : (મ.ટ.) સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. વેપારી વર્ગને લાભ થાય.
કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ માનસિક અશાંતિ અનુભવાય ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : (ર.ત.) માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃશ્ચિક :(ન.ય.)નવિન ખરીદીના યોગ છે. માનસિક તનાવમાં હળવાશ અનુભવાય.
ધન : (ભ.ફ.ધ.) નવું આર્થિક આયોજન સફળતાથી પાર પાડી શકશો. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર : (ખ.જ.) મહત્વની સમસ્યાનો ઉકેલ મળે. માનસિક અશાંતિ રહે.
કુંભ : (ગ.શ.સ.) નવિન લાભની તક સાંપડે. અગત્યના કાર્યમાં પ્રગત્તિ થાય.
મીન : (દ.ચ.જ.થ.) લાભની આશા ઠગારી નીવડે. શત્રુઓ પ્રબળ બને.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

આપણા મહાન સમાજસુધારક અને યશસ્વી સર્વક કવિ નર્મદની જન્મજયંતી છે. આપણા ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગનો પ્રારંભ નર્મદથી (૧૮૩૩-૧૮૮૬) થયો ગણાય છે. એમનો જન્મ ૨૪ મી ઓગસ્ટે ૧૮૩૩ ના રોજ સુરતમાં થયો હતો. કલમના ખોળે જીવન સમર્પી દેનાર આ આપણા મહાન સર્જક જ્ઞાન-ભકિત, વૈરાગ્ય, દેવ દેવીઓના વિષયોમાંથી કવિતાને છોડાવી સુધારો સ્વતંત્રતા, દેશાભિમાન, પ્રકૃતિ-પ્રણયના રંગે તેને રંગી ગુજરાતી કવિતાને તેમણે આત્મલક્ષી વળાંક આપ્યો. એમના 'સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે' કાવ્યમાં જુસ્સો અને ગુજરાત પ્રત્યેનો પ્રેમ વ્યકત થાય છે. આ મહાન કવિ નું ઈ.સ. ૧૮૮૬માં અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૯૭૬૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

તા ૨૩.૦૮.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૮૫૯) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૯૭૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૮૭૩ પોઈન્ટ થી ૯૮૯૮ પોઈન્ટ, ૯૯૦૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૭૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) છઝઝ લિમિટેડ (૧૮૦૦) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૮૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૭૩ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૧૮ થી રૂ.૧૮૨૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) HDFC લિમિટેડ (૧૭૬૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૪૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૩૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૭૯ થી રૂ.૧૭૮૬ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૫૮) :- રૂ.૧૬૩૭ પ્રથમ તેમજ રૂ.૧૬૨૩ ના બીજા સપોર્ટથી બેન્ક સેકટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૭૩ થી રૂ.૧૬૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

૪) મહિન્દ્રા & મહિન્દ્રા (૧૩૭૫) :- ઓટો સેકટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૯૦ થી રૂ.૧૪૦૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૩૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) એશિયન પેઈન્ટ (૧૧૪૧) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૨૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! પેઈન્ટ સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૧૫૭ થી રૂ.૧૧૬૬ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) HDFC બેન્ક (૧૭૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૧૭૯૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૦૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૨૦૮) :- રૂ.૧૨૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૯૭ થી રૂ.૧૧૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) કોટક બેન્ક (૯૭૭) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૯૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૬૪ થી રૂ.૯૫૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) HCL ટેકનોલોજી (૮૮૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક રૂ.૮૯૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૬૮ થી રૂ.૮૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૦૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) તાતા સ્ટીલ (૬૩૫) :- રૂ.૬૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૫૫ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૧૯ થી રૂ.૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

રૈયા ગામે શિવાલયમાં ઓમ નમઃ શિવાયનો નાદ ગુંજ્યો

ચેતન કોઠારી

પ્રતિ. રૈયા

દિયોદર તાલુકાના રૈયા ગામે શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર અને મહાઅમાસ હોવાથી શિવ મંદિરમાં ભગવાન શિવના દર્શનાર્થે ભક્તોની મોટી ભીડ જામી હતી.શિવજી મંદિરમાં બે ગુરૂજીઓની જીવંત સમાધી છે.શ્રી કમળેશ્વર મહાદેવ અને શ્રી કેશરાપરમેશ્વરા નામક ગુરૂજીઓનાં પગલાની આ શિવજી મંદિરમાં છે.શિવજી મંદિરમાં બરી આવેલ કમળેશ્વર ગુરૂ અને શ્રી કેશરાપમેશ્વરા મહાદેવના મંદિરમાં બારેમાસ અખંડ જયોત ચાલે છે.ભગવાન શિવના મંદિરમાં શિવલીંગ પર બીલીપત્ર, ગુલાબના ફુલ, કમળના ફુલ, ગાયનું દૂધ, મધ, મિશ્ર કરીને નવીનભાઈ દવે દ્વારા શાસ્ત્રાર્થ વિધિ પ્રમાણે ચડાવવામાં આવે છે .

થાવર ગામે સી.આર.સી. કક્ષાનો બાળ રમતોત્સવ યોજાયો

તા. પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના થાવર ગામે સી.આર.સી. કક્ષાનો બાળ રમતોત્સવ કાર્યક્રમ શ્રી આદર્શ પ્રાથમિક શાળામાં તા. ૨૨/૦૮/૨૦૧૭ ના રોજ યોજાયો હતો. જેમાં ૧૨ જેટલી શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોએ કબડ્ડી, ખો- ખો, દોડ, કૂદ, ગોળાફેંક, ચક્રફેંક જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, પે.સે.આચાર્ય તથા સી.આર.સી.એ દિપ- પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ કાર્યક્રમમાં વિજેતા થયેલ વિદ્યાર્થી ભાઈ- બહેનોને પંચાયત તરફથી તથા સી.આર.સી. તરફથી પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવેલ. તમામ રમતવીરો તથા શિક્ષકોને તિથિભોજન પણ આપવામાં આવેલ.

ભાભરમાં ૩૧ મી.મી. વરસાદ

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

લાંબા વિરામ બાદ જ્યારે પાકને જરૂર ઉભી થઈ એવા સમયે વરસાદ થતાં ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ છે.ગતરાત્રે અચાનક ગાજવીજ સાથે ૩૧ મી.મી વરસાદ થતાં ધાન્ય પાકો ખિલી ઉઠ્યા છે.જયારે શહેરી વિસ્તારોમાં નિચાણણવાળા ભાગોમાં પાણી ભરાઈ જતાં લોકો હાલાકીઓ વેઠી રહ્યા છે.સમયસર વરસાદ થતાં ચોમાસું સિઝન સારી પાકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

લવાણા પે કેન્દ્ર શાળાનું ગૌરવ

હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

લવાણા ગામે યોજાયેલ કલા મહાકુંભ કાર્યક્રમમાં લવાણા પે કેન્દ્ર શાળાના બાળકોએ વિવિધ પ્રકારની હરીફાઈમાં ભાગ લીધો હતો જેમાં ઓર્ગેનવાદમાં દતાણી ભાર્ગવકુમાર પ્રથમ ક્રમાંક લાવ્યો હતો તો તબલા વાદનમાં ઘટાડ કિરણકુમાર પ્રથમ ક્રમે આવ્યો હતો દસ વર્ષથી નીચેના વિભાગમાં લોક નૃત્યમાં પણ આ શાળાના બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ગરબા અને સમૂહ ગાનમાં પણ શાળાના બાળકોએ તૃત્ય ક્રમાંક પાસ કર્યો હતો કલા મહાકુંભ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બાળકોને શાળાના પ્રિન્સિપાલ દશરથભાઈ વાઘેલાએ બિરદાવ્યા હતા.

પિલુચા નિલકંઠ મહાદેવમાં સોમવતી અમાસે યજ્ઞ યોજાયો

પ્રતિ. પિલુચા

વડગામના પિલુચામાં શ્રી નિલકંઠ મહાદેવના મંદિરે શ્રાવણ માસની શરૂઆતથી જ ભાવિક ભક્તોની ભીડ જોવા મળતી હતી શ્રાવણ માસના છેલ્લા દિવસ સુધી ભક્તો દ્વારા શિવની પૂજા - અર્ચના કરાઈ હતી. સોમવતી અમાસ પણ સોમવારે થતાં ભક્તોમાં ખુશાલી જોવા મળતી હતી.

નિલકંઠ મહાદેવમાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસથી શ્રાવણ માસના છેલ્લા દિવસ સુધી સવાલાખ જેટલા બીલીપત્ર ચઢાવવામાં આવ્યા હતા અને સોમવતી અમાસે યજ્ઞ પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાત પ્રદેશ હિંગળાજ સેનાના ઉપાધ્યક્ષ પદે વરણી

દેવજી રાજપૂત

પ્રતિનિધિ વાતમ

પરમપૂજ્ય અનંતશ્રી વિભુષિત જ્યોતિષીપીઠાધિશ્વર અને દ્વારકા શારદા પીઠાધિશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વામી શ્રી સ્વારૂપાનંદ સરસ્વતીજી મહારાજના સાનિધ્યમાં અખિલ ભારતીય હિંગળાજ સેનાનું વાર્ષિક અધિવેશન દ્વારકા ખાતે યોજવામાં આવ્યું જેમાં ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ પદે જાણીતા કથાકાર અને ગુજરાત સરકારના ગ્રાહક સુરક્ષા વિભાગના ડિરેકટર કિશોરભાઈ દવે(ડીસા)ની વરણી કરવામાં આવી હતી.જેમને જગતગુરૂ શંકરાચાર્યના હસ્તે નિમણુંકપત્રઆપી ભારતીય સંસ્કૃતિના જતન રક્ષણ અને સંસ્કૃતિની પરંપરાની રક્ષા કરવાના ધ્યેયથી કામ કરી હિંગળાજ સેનાની જવાબદારી નિભાવવા આશિર્વાદ આપ્યા હતા.

આદિત્ય શૈક્ષણિક સંકુલમાં સોમવતી અમાસ નિમિત્તે ચોકલેટ વિતરણ

પ્રતિનિધિ વાતમ

શ્રી આદિત્ય શૈક્ષણિક સંકુલ લાખણીમાં તારીખ ૨૧/૮/૦૧૭ ને સોમવાર સોમવતી અમાસ નિમિત્તે સંકુલના વિદ્યાર્થીઓને દાતા ભમરાભાઈ વરધાભાઈ મોદી (લાખણી) તરફથી વેફર, બિસ્કિટ, ચોકલેટો, શિવ મહાપ્રસાદના રૂપમાં આપી વિદ્યાર્થીઓને શિવનો મહિમા સમજાવવામાં આવ્યો. શિશુમાં શિવના દર્શન કરતા ભક્તજનો શિવપ્રિય શ્રાવણ માસ વિદાયને આરે છે ત્યારે અંતિમ સોમવાર એટલે સોમવતી અમાસ સાથે શ્રાવણ મહિનો વિદાય લેતો હોઈ શિવભક્તો શાળાના બાળકોને ચોકલેટ ખવરાવી પવિત્ર શ્રાવણ માસને વિદાય આપી રહ્યા છે. તમામ બાળકો ચોકલેટને શિવનો મહાપ્રસાદ માની શંકર ભગવાનની સમૂહ પ્રાર્થના કરી ચોકલેટરૂપી મહાપ્રસાદ લીધો. સંકુલનો તમામ સ્ટાફ તથા શાળા પરિવાર પ્રાર્થનામાં જોડાયા.

ડીસામાં બાબા નારંગદેવ સાહેબની જન્મ જયંતિ ઉજવાઈ

(વિનોદ બાંડીવાલા)

શ્રી સિન્ધી બ્રહ્મક્ષત્રિય સમાજના સંત શ્રી બાબા નારંગદેવ સાહેબના જન્મજયંતિ મહોત્સવની દર વર્ષની જેમ ભાદરવા સુદ-૨ ને બુધવારના રોજ શ્રી લીલાશાહ ભવન આદર્શ સોસાયટી પાસે આવેલ સમાજની વાડીમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.સમાજના સેવાભાવી પ્રમુખ શોભરાજમલ ખુહા, ભોજરજમલ છાટબાર, કેશવભાઈ ઘગીયા, રવિભાઈ ખત્રી તથા સમાજના ભાઈઓ અને બહેનો વિશાળ સંખ્યામાં હાજર રહી હવન-ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

આકોલી પે.કેન્દ્ર શાળામાં સી.આર.સી.કક્ષાનો રમતોત્સવ યોજાયો

પ્રતિ. કંબોઈ

સજ્જનસિંહ સોલંકી

ગતરોજ કાંકરેજ તાલુકાના આકોલી પે.કેન્દ્ર શાળામાં સી.આર.સી.કક્ષાનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો.જેમાં દોડ, લાંબીકુદ, ગોળાફેંક, કબ્બડી, ખો-ખો, જેવી રમતો રમાડવામાં આવી હતી.આ રમતોત્સવમાં મોટી સંખ્યામાં વિસ્તારની શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો.અને રમત બાદ વિજેતા જાહેર કરેલા.બાળકોને શાળાના આચાર્ય બિન્દુબા ઝાલા દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

ભારત વિકાસ પરિષદ ડીસા દ્વારા ભારત કો જાનો સ્પર્ધા યોજાઈ

ડીસા

વ્યક્તિગત ચારિત્ર્ય ઘડતર માટે શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓમાં સંસ્કાર ઘડતરનું કામ કરતી દેશની સેવાભાવી સંસ્થા ભા.વિ.પ.ની ડીસા શાખા દ્વારા શાખા કક્ષાની આંતર- શાખા ડીસા સ્પર્ધા ભારત કો જાનો- ૨૦૧૭ નું આયોજન ગત તા. ૨૦/૮/૧૭ ના રોજ આદર્શ હાઈસ્કુલ ડીસા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ડીસા તાલુકામાંથી ૧૪ પ્રાથમિક અને ૧૩ માધ્યમિક શાળાઓમાંથી શાળા કક્ષાએ વિજેતા થયેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં શિવનગર પ્રા.શાળા ડીસા અને માધ્યમિક વિભાગમાં માતૃશ્રી એસ.એમ.જી. રાજગોર મા. શાળા રાણપુરના વિદ્યાર્થીઓ પ્રથમ નંબરે વિજેતા જાહેર થયેલ.

જેઓ હવે પ્રાંત કક્ષાએ ભાગ લેવા તા. ૧૦/૯/૧૭ ના રોજ દિયોદર મુકામે જશે. કાર્યક્રમના અંતે દરેક વિદ્યાર્થી ભાઈ- બહેનોને પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. સમગ્ર સ્પર્ધાનું સંચાલન રાજેશભાઈ ત્રિવેદીએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સંયોજક કનુભાઈ હાલાણીએ ખુબ જ જહેમત ઉઠાવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ.ભુપેશભાઈ ત્રિવેદી, મંત્રી જયેશભાઈ દેસાઈ તથા નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, ડૉ.દિપક ઠક્કર, નિરવભાઈ સોની, દેવેન્દ્રભાઈ શાહ, મહેશભાઈ ભટ્ટ, કિરીટભાઈ ખંડેલવાલ, કાન્તીભાઈ દોશી વગેરે હાજર રહ્યા હતા.

મોટાસડા હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાના ૭૧ મા સ્વાતંત્ર પર્વની ઉજવણી

દાંતા

જયશ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા ખાતે તાલુકા કક્ષાના ૭૧ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી ખુબજ ઉલ્લાસ અને ઉત્સાહ સાથે કરવામાં આવી જેમાં કાર્યક્રમના અધ્યક્ષ દાંતા પ્રાંત અધિકારી બી.ડી.વાઘેલાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ગઢવી, તાલુકા મામલતદાર હરિકૃષ્ણ પંજાબી, દાંતા તાલુકા પ્રમુખ એલ.કે બારડ, રાજપૂત કેળવણી સહાયક મંડળના પ્રમુખ એલ.કે રાઠોડ, દાંતા પી.એસ.આઈ તથા અન્ય અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોની હાજર રહ્યા હતા.

ડીસા ખાતે શ્રીમાળી બ્રાહ્મણ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ડીસા

વાવ- થરાદ- દિયોદર (૪૨ ગામ) શ્રીમાળી બ્રાહ્મણ સમાજ પ્રગતિ યુવક મંડળ દ્વારા ડીસા શહેરમાં વસવાટ કરતા સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા તા. ૨૭/૮/૨૦૧૭ ને રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ કલાકે ડીસા માર્કેટયાર્ડ ખાતે ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રસંગે પૂજ્ય બ્રહ્મચારીશ્રી વાલજી બાપુ (રાંટીલાવાળા) શાસ્ત્રી રઘુનાથજી સી.દવે (ગાયત્રી પંચાગ, પ્રમુખ વાવ- થરાદ દિયોદર (૪૨ ગામ) શ્રીમાળી સમાજ), શાસ્ત્રી વાસુદેવભાઈ ત્રિવેદી, શાસ્ત્રી હિતેષભાઈ જી. ત્રિવેદી, શાસ્ત્રી બાલકૃષ્ણભાઈ એ. ત્રિવેદી, શાસ્ત્રી શૈલેષભાઈ કે. ત્રિવેદી, નાયબ શિક્ષણ નિયામક બિપીનભાઈ કે. ત્રિવેદી, હાજર રહી આશિર્વચન પાઠવશે. જયારે સ્વ. વાઘજીભાઈ નથુરામભાઈ ત્રિવેદી (લુણાલવાળા) પરિવાર તરફથી ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ચેતનભાઈ જે. ત્રિવેદી અને કિરીટભાઈ ડી. ઓઝાએ અનુરોધ કર્યો છે.

ધાનેરાની ધ નેશનલ સ્કુલના બાળકોએ જિલ્લા કક્ષાની ઉજવણીમાં ભાગ લીધો

તા.પ્રતિનિધિ ધાનેરા

૭૧ માં સ્વાતંત્ર્ય દિવસની બનાસકાંઠા જિલ્લાની જિલ્લા કક્ષાની ઉજવણી ધાનેરા ખાતે કરવામાં આવી હતી. મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે પોલીસ પરેડ, અશ્વદોડ સહિત જિલ્લાની વિવિધ શાળાઓ દ્વારા દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ધાનેરાની ધ નેશનલ સ્કુલે પણ ભાગ લીધો હતો અને નાના બાળકોએ ગીતો રજુ કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. આ પ્રસંગે સ્કુલના એમ.ડી. નરપતસિંહ વાઘેલા અને આચાર્ય તેમજ શિક્ષકોએ બાળકોને બિરદાવ્યા હતા.

ભીલડીના યુવાનો દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયું

કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડીના સેવાભાવી યુવકો દ્વારા ભીલડી તેમજ આજુબાજુની શાળાઓના બાળકોના "સમુહ ભોજન" નું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં નવી ભીલડી, જુની ભીલડી, એમ.વી.વાલાણી, સોયલા ઈન્દીરાનગર (ખેટવા), બી.એમ.આર્ટસ કોલેજ, આદર્શ વિદ્યાલય વગેરે મળીને ૪૦૦૦ ચાર હજાર જેટલા વિદ્યાર્થીભાઈ બહેનોએ લાભ લીધો હતો.નવી ભીલડી સરપંચ મહેશભાઈ મોદી, બનાસબેંક ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા, પૂર્વ સરપંચ કાંતીભાઈ માળીએ ભીલડીના યુવાનોની કામગીરી બીરદાવી હતી.

માલગઢની આદર્શ હાઈસ્કુલમાં ૭૧ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

પ્રતિનિધિ માલગઢ

ડીસાની શેઠ શ્રી એલ.એચ. માળી આદર્શ હાઈસ્કુલમાં મંગળવારે ૭૧ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં પ્રભાતફેરી મુખ્ય માર્ગો પર યોજાઈ હતી. ત્યારબાદ હાઈસ્કુલના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ જી.પઢિયારના વરદ હસ્તે ધ્વજને ફરકાવી સલામી અપાઈ હતી. શાળાના આચાર્ય દેવરાજભાઈ આઈ. રાવલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે જગદીશકુમાર પીરાજી માળીએ શાળાના ધો.૧૦ થી ૧૨ ના પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર છાત્રોને ચાંદીના સિક્કા આપીને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ રોકડ પુરસ્કાર ડાહ્યાજી મગનાજી કચ્છવાએ છાત્રોને આપ્યા હતા. જ્યારે જયદેવભાઈ દાનેશ્વરભાઈ ગેલોત તરફથી શાળામાં પ્રથમ ક્રમે આવનાર છાત્રોને લેપટોપ બેગ, બીજા ક્રમે આવનારને થરમોસ અને ત્રીજા ક્રમે આવનારને લંચ બોક્સ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે માલગઢ ગામના સરપંચ શ્રવણકુમાર પરમાર, વ્યાયામ શિક્ષક મુકેશભાઈ પઢિયાર, જીગ્નેશભાઈ એચ. ટાંક, શાન્તીલાલ સુંદેશા, ભાસ્કરભાઈ રાવલ, ત્રંબકભાઈ ત્રિવેદી, પીન્ટુભાઈ વાળંદ, ભરતભાઈ પ્રજાપતિ, સાધનાબેન, શિક્ષકો, છાત્રો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વડગામના નાગરપુરા ખાતે શ્રી નિલેશ્વર મહાદેવમાં યજ્ઞ યોજાયો

પ્રતિ. પિલુચા

વડગામ તાલુકાના નાગરપુરા ખાતે શિવની પ્રતિકૃતિવાળું નિલેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જ્યાં ભાવિકોનો ભારે ઘસારો રહે છે. અને શ્રાવણ માસમાં ભક્તોની મોટા પ્રમાણમાં ભીડ જોવા મળે છે. જ્યાં શ્રાવણ માસની પૂર્ણાહુતિ સોમવતી અમાસના બદલે ભાદરવા સુદ - ૧ ના દિવસે પૂજા - અર્ચના અને યજ્ઞ કરીને શ્રાવણ માસની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

વડગામની દુષ્કર્મની પિડીતાનું સારવાર દરમ્યાન મોત

પિડીતાએ શરીરે કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો : પોલીસ બંદોબસ્ત હેઠળ અંતિમવિધિ

(પ્રતિ.) છાપી

વડગામ તાલુકાના એક ગામમાં વિધવા મહિલાની એકલતાનો લાભ ઉઠાવી કૌટોમિક કાકા સસરા દ્વારા ખેતરમાં દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. જેથી પિડીત મહિલાએ કાકા સસરા વિરૂધ્ધ છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. તેમ છતાં ધમકી મળતા તેણીએ કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

બનાવની વિગત મુજબ તા.૪/૮/૧૭ ના રોજ વડગામ તાલુકાના એક ગામમાં વિધવા મહિલાને ખેતરમાં ચારના પૂળા માંડવાના બહાને એક ઓરડામાં મોકલી મહિલાની એકલતાનો લાભ ઉઠાવી કૌટુંબિક કાકા સસરાએ દુષ્કર્મ આચર્યું હતું. જેને લઈ પિડીત મહિલાએ છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. બાદમાં મહિલાને આરોપીની પત્નિએ જ્ઞાનથી મારી નાંખવાની ધમકી આપતા પિડીતાએ ગત તા.૭/૮/૧૭ ના રોજ પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

જો કે, આસપાસના લોકોએ તાત્કાલિક આગ બુઝાવી પિડીતાને સારવાર અર્થે પાલનપુરની સ્વસ્તિક હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ તબિયત નાજુક જણાતાં વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી. દરમ્યાન પિડીત મહિલાનું બુધવારે રૂરૂણ મોત નિપજયું હતું. આ સમાચારને લઈ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી અને પોલીસ બંદોબસ્ત હેઠળ મૃતક પિડીતાની અંતિમ વિધિ કરવામાં આવી હતી.

લાખણી - ગેળા રોડ ઉપર રેતીના ઢગલા જીવલેણ

મહિનો થવા છતાં તંત્ર દ્વારા ઢગલા હટાવાતા નથી : પાણી ઓસરવા છતાં ગામલોકોની પરેશાની અકબંધ

(પ્રતિ.) વાતમ

ગત મહિને અતિ ભારે વરસાદ અને પુરના કારણે તાલુકા મથક લાખણીથી ગેળાને જોડતા રોડ ઉપર રેતી ઘસી આવી હતી. જેને એક મહિનો થવા છતાં તંત્ર દ્વારા રેતીના ઢગલા હટાવવાની તસ્દી લેવાતી નથી. જેના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જવાની દહેશત વર્તાય છે.

ગત જુલાઈ મહિનામાં લાખણી પંથકમાં અતિ ભારે વરસાદ અને પુરના કારણે વ્યાપક તબાહી સર્જાઈ હતી. પાણીના ધસમસતા પ્રવાહમાં કાચા અને પાકા રોડ પણ ધોવાયા હતા. જેમાં લાખણીથી યાત્રાધામ ગેળાને જોડતા રોડ પર રેતી ઘસી આવી હતી. જેથી રોડ ઉપર રેતીના ઢગનું સામ્રાજ્ય છવાયું છે. આ રોડ ઉપર રાત - દિવસ વાહનોની વધુ અવર જવર રહે છે. તેમ છતાં એક મહિના પછી પણ જવાબદાર સરકારી તંત્ર રોડ ઉપરથી રેતીના ઢગલા હટાવવાની તસ્દી લેતુ નથી. જેથી રેતીના ઢગના કારણે ખાસ કરીને ટુ વ્હીલર વાહનો સ્લીપ થવાના બનાવો બનવા લાગ્યા છે. અન્ય વાહનો પણ અટવાય છે. ગતિશીલ ગુજરાતમાં તંત્રના આ ધજાગરાથી ગોઝારો માર્ગ અકસ્માત સર્જવાની પુરેપુરી શકયતા છે. તેથી રોષે ભરાયેલા વાહનચાલકોએ તંત્ર અકસ્માતની રાહ જોતુ હોવાનો બળાપો ઠાલવ્યો હતો. ત્યારે તંત્ર આળસ ખંખેરી સત્વરે રોડ ઉપરથી રેતીના ઢગલા હટાવે તેવો જનમત પ્રવર્તે છે.

દેવજી રાજપુત

અમદાવાદ મીઠાખળી ખાતે પર્યુષણ મહાપર્વની આરાધના

અમદાવાદ

અમદાવાદ મીઠાખળી ખાતે પ.પૂ. આ.ભ.શ્રીમદ્ વિજય જયંતસેન સુરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ. આ.ભ.શ્રી વિજય નિત્યસેન સુરીશ્વરજી મ.સા.આદિ ઠાણા ની પાવન નિશ્રામાં ચાતુર્માસ તેમજ પર્યુષણ મહાપર્વ ની આરાધના ચાલી રહી છે.

જયારેઆ આરાધનાના ભાગરૂપે અમદાવાદમાં વસતા જૈન પરિવારોમાં પણ ઘેર ઘેર ઉગ્ર તપસ્યાઓ થઈ રહી છે, શહેરમાં કેટલાક તપસ્વીઓએ અઠ્ઠાઈ તપની ઉગ્ર તપસ્યા શરૂ કરી છે,તો કેટલાકે સોળ ઉપવાસ, માસક્ષમણ કે સિધ્ધિતપ સહિતની ઉગ્ર તપસ્યાઓ આદરી છે,ત્યારે આખુ અમદાવાદ જાણે ધર્મમય બની ગયું છે.

ઉપરોક્ત આરાધના ના પ્રસંગ ને અનુલક્ષી ને નાના મોટા દરેક આરાધકોની સાથે કુમળી વયના બાળકો પણ આવી ઉગ્ર તપસ્યાઓ માં જોડાયા છે.

જેના ભાગ રૂપે બનાસકાંઠાના લાખણી ના વતની અને હાલ અમદાવાદ મોટેરા ખાતે રહેતા મોરખીયા વિજયકુમાર શાંતિલાલ ની બંન્ને સુપુત્રીઓ પૈકી કુ.રાહી-૧૧ ઉપવાસ,તેમજ કુ.શિયા-૮ ઉપવાસ જેવી ઉગ્ર તપસ્યામા જોડાયા છે,જેના પચ્છખાણ ગઈ કાલે અમદાવાદ મીઠાખલી ખાતે પૂજ્ય ગુરુ ભગવંતોની નિશ્રામાં તેમજ ચતુર્વિધ સંઘની હાજરી મા યોજાયેલ સામૂહિક પચ્છખાણ પ્રસંગમા ગુરુજી ના સન્મૂખે ઉચ્ચારવતાં સમગ્ર વાતાવરણ માં તપસ્વી અમર રહો તપસ્વી નો જય જય કાર ના નારાઓ ગુંજી ઉઠ્યા હતા..!!

બનાસકાંઠા મહાકાલ સેના દ્વારા ૩૫૦ બાળકોને ફિલ્મ બતાવાઈ

પાલનપુરની જામપુરા પ્રા.શાળાના છાત્રો ટોયલેટ ફિલ્મ બતાવી સફાઈનો સંદેશ અપાયો

સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા મહાકાલ સેના દ્વારા બુધવારે પાલનપુરની જામપુરા પ્રાથમિક શાળાના ૩૫૦ જેટલા છાત્રો ને ટોઈલેટ ફિલ્મ બતાવી સફાઈ માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો. ત્યારે પ્રથમવાર થિયેટરમાં ફિલ્મ નિહાળી માસૂમ બાળકો ખુશાખુશાલ થઈ ગયા હતા.

બનાસકાંઠા મહાકાલ સેના દ્વારા બુધવારે મહાકાલ સેનાના પાલનપુર તાલુકા પ્રમુખ સ્વ. નરેન્દ્રસિંહ સોલંકી ની પ્રથમ માસિક પુણ્ય તિથિએ પાલનપુર ની જામપુરા પ્રાથમિક શાળા ના છાત્રોને સફાઈના સંદેશ માટે ટોઈલેટ ફિલ્મ બતાવવા નો કાર્યક્રમ નક્કી કરાયો હતો. જેનું આયોજન પંકજસિંહ ઠાકુર ના સાહિયોગ થી કરાયું હતું. આ પ્રસંગે જામપુરા શાળા ના ૩૫૦ છાત્રો ને નાસ્તો કરાવી થિયેટર માં ટોઈલેટ ફિલ્મ નિહાળવા લઈ જવાયા હતા. જયાં મહાકાલ સેનાના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ બળવંતસિંહ રાઠોડ, જિલ્લા મહામંત્રી પ્રદીપસિંહ ચૌહાણ, પાલનપુર શહેર પ્રમુખ ધવલસિંહ રાઠોડ, વડગામ તાલુકા પ્રમુખ સાંમતસિંહ સોલંકી, અગ્રણી જયદીપસિંહ હડિયોલ, ભૂપતસિંહ ચૌહાણ, દિવાકરભાઈ જોશી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી સ્વ.નરેન્દ્રસિંહ સોલંકી ને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.તેમજ બાળકો ને ટોઈલેટ ફિલ્મ બતાવી સફાઈ માટેનો સંદેશો આપવામાં આવ્યો હતો. ત્યારે પ્રથમવાર થિયેટર માં ફિલ્મ જોનારા માસૂમ બાળકો ખુશાખુશાલ થઈ ગયા હતા. ફિલ્મ જોવ્યૂયા બાદ બાળકો માટે અલ્પાહાર ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ડીસા સહિત જિલ્લામાં શ્રાવણમાસ પૂર્ણ થતાની સાથે ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ

ભાદરવા સુદ ચોથના દિવસે ઠેર ઠેર ગણેશ મહોત્સવનું આયોજન

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

પવિત્ર શ્રાવણમાસમાં ભોળાનાથની પૂજા-અર્ચના કર્યા બાદ હવે શિવપાર્વતીના પુત્ર ગણેશને રીઝવવાના દિવસો નજીક આવતા તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.ત્યારે હવે ગણેશચતુર્થીને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બજારોમાં ઠેર ઠેર ગણેશની મૂર્તિઓનું આગમન થઈ ચુક્યું છે.

ડીસા સહિત જિલ્લાભરમાં દર વર્ષે ગણેશ ઉત્સવના મહોત્સવનું મહત્વ વધી ગયું છે.મોટા શહેરોથી માંડી નાના ગામડા સુધી ગણેશ મહોત્સવનું આયોજન થાય છે.ભારદવા સુદ ચોથ એટલે કે ગણેશચતુર્થીના દિવસથી શરૂ થતાં ગણેશ મહોત્સવ પ્રજાજનો સંગઠન અને મંડળોની યથા શક્તિ પ્રમાણે તેટલા દિવસો સુધી રાખી રોજ રોજ પૂજા-અર્ચના આરતી અને રાત્રે ગરબાઓનું આયોજન કરતા હોય છે.ડીસા પંથકમાં ગણેશચતુર્થી થી માંડી જલ જલણી એકાદશીના દિવસે નીકળતી શોભાયાત્રામાં ગણપતિ મહારાજનું વિસર્જન કરતા હોય છે.તો વળી અનેક જગ્યાએ અનંત ચૌદશના દિવસે પણ ગણપતિનું વિસર્જન થાય છે.

અનુસંધાન પાના નં.૬

ધાનેરામાં ભાજપ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સવારે ૭:૩૦ કલાકે સ્વાઈન ફ્લુ જેવા રોગોથી બચવા માટે લોકોને લાલચોક ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું.

એન.કે.મોદી

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ જગદીશભાઈ પટેલે ઉકાળાનું વિતરણ ત્રણ દિવસ કરાયું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ભાજપના જિલ્લા ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, આશાબેન પટેલ, કાંતિભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યાત્રાધામ ઢીમામાં છેલ્લા ત્રણ દિવસથી વિજળી વેરાન બની : ગ્રામજનો મુશ્કેલીમાં

પ્રતિનિધિ ઢીમા

વાવ તાલુકાના ખિનિ અંબાજી તરીકે ઓળખાતા યાત્રાધામ ઢીમામાં છેલ્લા ત્રણ દિવસ ઢીમામાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. જેથી ગ્રામજનો તોબા પોકારી ઉઠ્યા છે. ઢીમા ખાતે ત્રણ દિવસ રાત્રે બિલકુલ વીજ પુરવઠો નથી મળતો અને દિવસે માત્ર બે થી ત્રણ કલાક પુરવઠો મળે છે તે પણ અડધા કલાક ને અડધો કલાકે ટ્રીપો આપતી હોવાથી માત્ર બે કલાક વિજ પુરવઠો મળે છે. યાત્રાધામ ઢીમા જ્યોતિગ્રામમાં હોવા છતાં વિજ પુરવઠો ન મળતા ગ્રામજનોમાં રોષની લાગણી ઉદ્ભવી છે.

અત્યારે ચોમાસાની સિઝન અને વરસાદી માહોલ હોવાથી ઝેરી જીવજંતુઓ તેમજ મચ્છરોનો ભયંકર ત્રાસ હોવાથી લોકોને જીવવુ દુષ્કર થઈ ગયુ છે. બીજી તરફ વિજળીના અભાવે છેલ્લા ત્રણ દિવસથી પાણીનો કાળો કેર વર્તાય છે. જેથી ઢીમા સરપંચ હર્ષબેન સેવકે તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. હવે પછી વિજતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો આવનાર દિવસોમાં જિલ્લા કલેક્ટર કચેરી પાલનપુર ખાતે ઢીમા ગ્રામજનો દ્વારા ઉપવાસ ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારી છે.

શિહોરીમાં છતીસગઢના રસોઈયાની અનોખી સેવા : બાળકોને તિથિ ભોજન આપ્યું

દર વર્ષે ગામની તમામ શાળાના બાળકોને તિથિભોજન આપે છે

(પ્રતિ.) થરા/શિહોરી

કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે રહી રસોઈ તેમજ છૂટક મજુરીનું કામ કરતા છતીસગઢના રાજુભાઈ અગ્રવાલને શિક્ષણ અને બાળકો પ્રત્યે અનોખો લગાવ છે તેઓ દર વર્ષે પોતાની કમાણીમાંથી શિહોરીની તમામ શાળાના બાળકોને તિથિ ભોજન આપી પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. તેમની આ કામગીરીની કદર કરી તાલુકા ભાજપ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કિશોર પ્રજાપતિ

આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, જિલ્લા પંચાયત ડેલીગેટ શાંતુભા ડાભી, તાલુકા ભાજપ મહામંત્રી કિશોર પ્રજાપતિ, ઈશ્વુભા વાઘેલા, જિલ્લા સદસ્ય રમેશભાઈ વાઘડા, હંસપુરી ગોસ્વામી, યુવા ભાજપ પ્રમુખ ગેબુભા વાઘેલા, રમેશભાઈ દવે, નટુભા ભટેસરીયા, હસુભાઈ ઠક્કર, શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલા, ઈન્દુભા ઝાલા, સજ્જનસિંહ સોલંકી વગેરે હાજર રહ્યા હતા.

પાલનપુર કોલેજમાં સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

પાલનપુર

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ પાલનપુર દ્વારા પાલનપુર મુકામે જી.ડી.મોદી, એમ.એ. પારીખ આર્ટસ/ ફાઈનાન્સ કોલેજમાં છ દિવસનો યુવક તાલીમ વર્ગ યોજાયો.

આ વર્ગની પૂર્ણાહુતિ પ્રસંગે જિલ્લા સહકારી સંઘના માનદ્ મંત્રી નરસંગભાઈ વી. પટેલ(મેરવાડા), ઉદબોધન કરતા જણાવેલ કે આપણો દેશ પશુપાલન અને ખેતીપ્રધાન દેશ છે. આઝાદીની લડત વખતે મહાત્મા ગાંધીજીએ ગામડાં માટે કલ્પના કરેલી કે ગામડુ સ્વાવલંબી બનશે, પોતાની જરૂરિયાતો ગામમાં જે પેદા કરશે અને પછીનું ગામડુ ગોકળીયું ગામ બનશે હાલ ગામડા થકી શહેરમાં વિકાસ થયેલ અને ગામડાના વિકાસ એજ પરિસ્થિતિમાં છે. કારણ કે લોકો શહેરમાં વિકાસ તરફ દોડે છે પણ આપણે ગામડામાં વિકાસ કરવો પડશે તેના માટે સૌ સાથે મળીને એકબીજાના સહકારથી શક્ય છે. ખેતીને સ્વાવલંબી અને સ્વનિર્ભર બનાવવા કિસાનોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો રોજ રોજ બજાર સમિતિઓમાં કાર્યક્રમ તંત્ર સરકારે ઉભુ કરવુ જોઈએ. મોટી ઉચ્ચતર શિક્ષણ માટે ઈજનેરી કોલેજો, દવાખાના શહેરના બદલે ગામડાઓમાં ઉભી કરવી જોઈએ. ગામડાઓમાં સારી સગવડ મળશે ત્યારે દરેક ગામડું ગોકળીયું બનશે.

આ પ્રસંગે જિલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર રમેશભાઈ પટેલે જણાવેલ કે

અનુસંધાન પાના નં.૬

ડીસા લો કોલેજમાં જી.એસ.ટી. વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજાયો



ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ (કાંટા) ડીસા દ્વારા કાયદાના વિદ્યાર્થીઓને જી.એસ.ટી.ના નવા કાયદા વિશે માર્ગદર્શન અર્થે સેમીનાર યોજાયો હતો. જેમાં બનાસકાંઠા ટેક્ષ પ્રેક્ટીશનર એસોસીયેશનના પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા વિદ્યાર્થીઓને સપ્રદ અને જ્ઞાનસભર માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બી.કે. ટેક્ષ પ્રેક્ટીશનર એસો.ના સેક્રેટરી સતીષભાઈ બનાવાલા, રમેશભાઈ કચરાણી, રાજેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં મહેમાનોનું લો કોલેજના આચાર્ય ડો.રાજુલબેન દેસાઈએ સ્વાગત કરેલ. આ પ્રસંગે લો કોલેજના સ્ટાફમિત્રો ક્લ્પેશભાઈ, પિયુષભાઈ, પિન્ટુભાઈ હાજર રહેલ.

દેના બેન્ક ધાનેરા દ્વારા વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અપાઈ

મેડીકલ ચેકઅપ કેમ્પ તથા લોન સહાયના ચેકો ચુકવાયા

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લામાં લીડ બેંકની જ્વાળદારી ધ્યાનમાં રાખીને દેના બેંકે તાજેતરમાં કુદરતી આફતથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત પગલાં પુરા પાડવાના ઉદ્દેશ સાથે પૂરગ્રસ્ત ધાનેરા મુકામે તા. ૨૩/૦૮/૨૦૧૭ ના રોજ વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ હતું.


એન.કે.મોદી

જેમાં સીપ્રથમ દેનાબેંક દ્વારા પૂરગ્રસ્ત ધાનેરા ગામમાં ભીલવાસમાં આવેલ પૂરગ્રસ્ત ભીલવાસ પ્રાથમિક શાળામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને સ્કુલ બેગ સહિત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંવેદનશીલતા અને ગંભીરતાને સમજીને દેના બેંક ઝોનલ ઓફિસ મહેસાણાના ઝોનલ મેનેજર જી.ટી.બ્યાસ હાજર રહી દેના બેંક દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં બેંકિંગ કામગીરી ઝડપથી પુનઃસ્થાપિત કરતાં ગ્રાહકોને ચેકબુક, પાસબુક અને એટીએમ કાર્ડ ઝડપથી પૂરી પાડશે. ધંધાકીય એકમો, વેપારીઓ તથા ખેડુતોને પૂરના કારણે કોઈપણ પ્રકારનું નુકશાન થયું હોય તેમને નિયમાનુસાર ઝડપથી લોન આપવાનું ચાલુ છે. જે પૈકી ૪૫ લાખની લોનના ચેકો આપવામાં આવ્યા હતા. પૂરગ્રસ્ત ધાનેરા તથા આજુબાજુના વિસ્તારોના એટીએમ પાણીમાં ગરકાવ થયેલ. જેથી દેનાબેંક દ્વારા તાત્કાલિક પોરણે ધાનેરા તથા આજુબાજુના વિસ્તારોમાં મોબાઈલ એટીએમ વાનની પણ સુવિધા પુરી પાડેલ છે.

અત્રે ઉપસ્થિત તાલુકા વિકાસ અધિકારી મકતલાલ જોશી તથા મામલતદાર ભગવાનભાઈ ખરાડીએ સંક્ષેપમાં સરકાર દ્વારા હાથ ધરાયેલ વિવિધ રાહત કામગીરીની માહિતી આપી હતી. જિલ્લામાં બે એક સપ્તાહ સુધી સતત વરસાદી માહોલ રહ્યા બાદ ધાનેરામાં માંદગીના વધતા કેસો ને અનુલક્ષી અગમચેતીના ભાગરૂપે દેનાબેંક દ્વારા એપોલો મ્યુનિક હોસ્પિટલના સહયોગથી ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું પણ સફળ આયોજન કરવામાં આવેલ હતું. આ ફ્રી મેડિકલ ચેકઅપમાં મોટી સંખ્યામાં લોકોએ સ્વાસ્થ્યની ચકાસણી કરાવીને લાભ લીધો.

અંબાજી મેળાને લઈ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

પ્રતિનિધિ અંબાજી

ગુજરાતમાં ડેરઈન સ્વાઈન ફ્લુનો કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે નજીકના સમયમાં અંબાજી ખાતે ભાદરવી પુનમનો પણ મેળો ભરાનાર છે. પરંતુ અંબાજી પંથકમાં પણ ભારે ગંદકીના પગલે સ્વાઈનફ્લુની દહેશત જોવા મળી રહી છે. ત્યારે મેળા દરમિયાન સ્વાઈન ફ્લુનો ચેપ સ્થાનિક લોકોને ન લાગે ને હાલમાં પણ ગંદકીના પગલે રોગચાળો ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે દાંતા તાલુકા ઈન્ટિયન રેડક્રોસ સોસાયટી તથા અંબાજીના હોમીયોપેથીક ડોક્ટરો તથા જિલ્લા આરોગ્ય તંત્ર સહિત સેવાભાવી લોકો દ્વારા અંબાજીમાં સ્વાઈન ફ્લુ ન થાય તે માટે હોમીયોપેથીક દવા તથા સ્વાઈન ફ્લુ વિરોધી આયુર્વેદિક ઉકાળાના ડોજ

રાહુલ જોષી

પીવડાવવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકોએ લાભ લીધો હતો. એ ઉપર્યક્ત દરમિયાન જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અરૂણ આચાર્ય, દાંતા તાલુકા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખ મહેન્દ્ર અગ્રવાલ, ડો.નીતીનભાઈ પટેલ, ડો.મધુરભાઈ ઠાકર, ડો.ભરતભાઈ, લેબ ટેકનીશિયન હરીભાઈ પટેલ દાંતાથી મુકેશ અગ્રવાલ તથા તેમનો પરિવાર સહિત અંબાજીમાં સેવાભાવી લોકો ઉપસ્થિત રહી સામાજીક સંસ્થા સહિત ડોક્ટરો દ્વારા કરાયેલી કામગીરીને બિરદાવી હતી.

માંડલા ગામની સગર્ભા મહિલાની ૧૦૮ વાનમાં પ્રસુતિ કરાવાઈ

(પ્રતિ.) માંડલા

કાંકરેજ તાલુકાના માંડલા ગામની નર્મદાબેન ચમનજી પરમારને તાજેતરમાં પ્રસુતિનો દુઃખાવો ઉપડતાં તેમના પરિવારજનોએ ૧૦૮ નો સંપર્ક કર્યો હતો. આથી ભાભર ૧૦૮ ના ઈએમટી બળવંતસિંહ ઠાકોર અને પાયલોટ હરેશભાઈ વજ્જર તાત્કાલિક માંડલા ગામે દોડી આવ્યા હતા અને નર્મદાબેનને પ્રસુતિ માટે ખસેડ્યા હતા. પરંતુ માંડલાથી થરા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જતાં પહેલા રસ્તામાં જ મહિલાને સફળતાપૂર્વક નોર્મલ ડીલેવરી (સામાન્ય પ્રસુતિ) કરાવી હતી. જો કે, માતા તથા બાળકની તબિયત સારી હોવાનું જણાવા મળ્યું છે.

જાહેર નિવેદન

આ સાથે જાહેર જનતાને વિદીત કરવામાં આવે છે કે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ઈન્ડિરા પર્યાવરણ ભવન, અલિગંજ, જોરબાગ રોડ, નવી દિલ્હી-૧૧૦૦૩ દ્વારા તેઓના પત્ર ક્રમાંક-J-૧૧૦૧૧/૨૦૧/૨૦૧૪-IA II (I) તારીખ: ૫-૯-૨૦૧૫ દ્વારા મેસર્સ લા. ચંદ્ર કામાલેબ પ્રાઈવેટ લિમિટેડને સર્વે નંબર ૬૨/P૨/P૨ ડીસા ચિત્રાસણી હાઈવે, ગામ: વાઘરોલ, તાલુકો : દાંતીવાડા, જિલ્લો: બનાસકાંઠા ખાતે એકટીવ ફાર્માસ્યુટીકલ ઈન્ગ્રેડિયન્ટ્સ ઉત્પાદન માટેની સુચિત પરિયોજનાને S.O ૧૫૩૩, ઈ.આઈ.એ. નોટીફીકેશન તા. ૧૪-૯-૨૦૦૬ અને તેના સુધારેલ જાહેરનામા મુજબ પર્યાવરણીય સંમતિ (એન્વાયરોન્મેન્ટલ ક્લીઅરન્સ) આપવામાં આવેલ છે. ઉપરોક્ત અનુમતિની નકલો ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.) ની પાસે ઉપલબ્ધ છે અને સદર અનુમતિને પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયની વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે.

સહી/-
પ્રિયવ્રત ગઢવી, ડાયરેક્ટર
લા ચંદ્ર કામાલેબ પ્રાઈવેટ લિમિટેડ
C/O ચંદ્રભાણ હોસ્પિટલ, રાજ પ્લાઝા, સોનલ થાર રસ્તા, ગુરૂકુળ રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧

ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.
માર્કેટયાર્ડ, દિયોદર-૩૮૫૩૦ (જિ.બનાસકાંઠા)
મંડળી પ્રતિનિધિની ચૂંટણી જાહેરાત

તા. ૨૩-૮-૨૦૧૭

આથી ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., દિયોદરના મંડળી સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે સંઘની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની મુદત પૂરી થતી હોવાથી ચૂંટણી કરવાની થાય છે. તે માટે મતદાર યાદી તૈયાર કરવાની હોવાથી આપની મંડળી મત આપવા તેમજ ઉમેદવારી કરવા માટે જે પ્રતિનિધિ મોકલવા માંગતી હોય તે પ્રતિનિધિના નામની નિમણુંકનો સહી-સિક્કા સાથેનો ઠરાવ તા. ૫-૯-૨૦૧૭ સુધીમાં મોકલી આપવાનું રાખશો. જો નિયત સમયમાં આપની મંડળીના પ્રતિનિધિના નામ સાથેનો ઠરાવ નહી મળે તો અને ચૂંટણી પ્રક્રિયામાં આપની મંડળી વંચિત રહેશે તો તેની અંગત જવાબદારી આપની રહેશે. જે નોંધ લેવા વિનંતી છે.

તારીખ : ૨૩-૮-૨૦૧૭
સ્થળ : દિયોદર

સંચાલક મંડળના આદેશથી
આપનો વિશ્વાસુ
દિલાવર એ. દેઁયા
મેનેજર
ધી દિયોદર તા.સહ.ખ.વે.સંઘ લી.,
દિયોદર (જિ.બનાસકાંઠા)

નોંધ:આ અંગે વિગતવાર જાણ મંડળી સભાસદોને ટપાલ દ્વારા મોકલવામાં આવેલ છે. તેમજ સંઘના નોટીસ બોર્ડ ઉપર પણ લગાવેલ છે.

ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.
માર્કેટયાર્ડ, દિયોદર-૩૮૫૩૦ (જિ.બનાસકાંઠા)
વ્યકિત સભાસદ ડેલીગેટની ચૂંટણી જાહેરાત

તા. ૨૩-૮-૨૦૧૭

આથી ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., દિયોદરના વ્યકિત સભાસદોને જાણ કરવામાં આવે છે કે સંઘની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીની મુદત પૂરી થતી હોવાથી વ્યવસ્થાપક સમિતિ ચૂંટણી કરવાની થાય છે. અને તે માટે મતદાર યાદી તૈયાર કરવાની ઠોઠ સંઘના વ્યકિત સભ્યોમાંથી સંઘના પેટા કાયદા, ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ અને ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓના ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ ની જોગવાઈઓ અનુસાર કરવાની થતી હોઈ સંઘના વ્યકિત સભ્યો પૈકી પાંચ (૫) ડેલીગેટની ચૂંટણી કરવાની છે.

આથી સંઘના તમામ વ્યકિત સભ્યોની એક મીટીંગ તા. ૫-૯-૨૦૧૭ ને મંગળવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંઘની ઓફિસે (માર્કેટયાર્ડ, દિયોદર) રાખવામાં આવેલ છે. તો સમયસર હાજર રહેવા વિનંતી છે.

મીટીંગ સ્થળ : સંઘની ઓફિસ, માર્કેટયાર્ડ, દિયોદર
મીટીંગ સમય : સવારના ૧૧-૦૦ કલાકે
મીટીંગ તારીખ : ૫-૯-૨૦૧૭, મંગળવાર
તારીખ : ૨૩-૮-૨૦૧૭
સ્થળ : દિયોદર

સંચાલક મંડળના આદેશથી
આપનો વિશ્વાસુ
દિલાવર એ. દેઁયા
મેનેજર અને ચૂંટણી અધિકારી
ધી દિયોદર તા.સહ.ખ.વે.સંઘ લી.,
દિયોદર (જિ.બનાસકાંઠા)

નોંધ:આ અંગે વિગતવાર પ્રોગ્રામ વ્યકિત સભાસદોને ટપાલ દ્વારા મોકલવામાં આવેલ છે. તેમજ સંઘના નોટીસ બોર્ડ ઉપર પણ લગાવેલ છે.

તંત્રી સ્થાનેથી ...

મોટી મોટી ભૂલોના મૂળમાં અહંકાર રહેલો છે

રેલ અકસ્માત :જુની સમસ્યા

ઉત્તર પ્રદેશના ખતૌલી પાસે શનિવારની સાંજે મોટો ટ્રેન અકસ્માત થયો તેમાં ૨૬ મોત અને સોથી વધુ મુસાફરો ઘાયલ થયા. આ ઘટનાથી મુસાફરોને નુકશાન થયું પણ ટીવી ચેનલોને મસાલો મળી ગયો અને વિપક્ષને સરકારનો ઉધડો લેવાનો મોકો મળી ગયો. રેલવે પ્રધાનના રાજીનામાની માગણીથી લઈને સરકાર પર ભારે તડાપીટ બોલાવાઈ રહી છે. ૭મા દાયકામાં જવાહરલાલ નહેરૂની સરકાર વખતે ટ્રેન અકસ્માત થતાં તત્કાલિન રેલ મંત્રી લાલબહાદૂર શાસ્ત્રીએ આ અકસ્માતની નૈતિક જવાબદારી સ્વીકારીને મંત્રીપદેથી રાજીનામું આપીને એક નવી પરંપરા સ્થાપી હતી પણ તે પછીના કોઈ રેલ મંત્રીએ આ પરંપરાની આગળ ચલાવી નથી. હાલ વિપક્ષી એકતાની છડી પોકારતા લાલૂપ્રસાદ યાદવના સમયમાં પણ રેલ અકસ્માત થયા હતા પણ તેમણે રાજીનામાની માગણી સ્વીકારી નહોતી. છતાં કોઈપણ મોટા રેલ અકસ્માત વખતે રેલ મંત્રીનું રાજીનામું માંગવાની પરંપરા ચાલુ થઈ ગઈ છે તે આજ સુધી ચાલુ છે. ટ્રેન અકસ્માત પાછળ જુદા જુદા કારણ હોય છે તેમાં રેલ કર્મીની બેદરકારી મુખ્ય હોય છે. રેલ પાટાની જાળવણીમાં રહેતી ખામી થકી મોટાભાગે ટ્રેન અકસ્માતો થતા હોય છે. આ જાળવણી કરવા રેલ મંત્રી પોતે જતા નથી હોતા. સિગનલ સિસ્ટમની ગરબડ પણ અકસ્માતનું કારણ બને છે. રેલમંત્રીનું કામ સિગનલ સિસ્ટમ ચલાવવાનું નથી છતાં સ્વ. શાસ્ત્રીજીએ પોતે સીધા જવાબદાર ન હોવા છતાં રેલમંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું. તેમનું કહેવું હતું કે, પાટાની જાળવણી કે સિગનલ સિસ્ટમ ચલાવવાનું કામ તેમનું નથી પણ સમગ્ર રેલ સિસ્ટમ ચલાવવાનું કામ તો તેમનું છે. એમાં ચૂક થઈ તેને પોતાની નૈતિક જવાબદારી ગણીને તેમણે રાજીનામું આપ્યું હતું.

સ્વ. શાસ્ત્રીજીની આ પહેલ પછીના દરેક રેલમંત્રી માટે માથાનો દુઃખાવો બની ગઈ છે. લગભગ દરેક રેલ મંત્રીના સમયમાં નાના મોટા કોઈને કોઈ રેલ અકસ્માતો થતા આવ્યા છે અને લગભગ દરેક વખતે તેમના રાજીનામાની આશા રખાઈ છે. રેલ અકસ્માતનું ક્યારેક કારણ આતંકી પ્રવૃતિ પણ હોય છે. એમાં રેલ મંત્રી શુ કરી શકે ? વળી, અકસ્માત થતાં અકસ્માતનું કારણ સ્પષ્ટ થઇ જાય એવું પણ નથી. એ માટે તપાસ થવાની રાહ જોવી જોઇએ.વિપક્ષને ખબર હોય છે કે, તેમના માંગવાથી કોઇ રાજીનામું આપી દેવાનું નથી છતાં તેઓ માગવા ખાતર રાજીનામુ માગતા હોય છે. પછી ભૂલી પણ થાય છે. આજનો સત્તા પક્ષ કાલે વિપક્ષમાં આવે તો ત્યારે તેનું વર્તન પણ એવું જ હોય છે.

સ્વ. શાસ્ત્રીજીના સમયની દૂર્ઘટનાને આજે અડધી સદી કરતાં વધુ સમય વીતી ગયો છે. આટલા સમયમાં રેલ તંત્રની સમગ્ર સિસ્ટમમાં ઘણો સુધારો આવી જવો જોઈતો હતો પણ કોઈ રેલમંત્રી તેમ કરવામાં સફળ થયા નથી. અકસ્માત વખતે નૈતિક જવાબદારી સ્વીકારવા છતાં રેલમંત્રીએ સિસ્ટમ સુધારવાની જવાબદારીને નૈતિક જવાબદારી ગણીને એ ક્ષેત્રે કામ કરવાની જરૂર છે. ઉત્તર રેલવેના પૂર્વ મહાપ્રબંધક એ. કે. પુઠિયાના જણાવ્યા પ્રમાણે છેલ્લા ત્રણ વરસમાં રેલવેની માળખાગત સુવિધા-ટ્રેક ડબલીંગ, સિગનલીંગ, નવી ટ્રેક નાખવી, વગેરે ક્ષેત્રે બહેતર કામ થયું છે. પાછલી સરકારના સમયમાં આ કામો અટક્યા પડ્યા હતા. રેલવે સ્ટેશને અને ટ્રેનોમાં સફાઈની સ્થિતિ પહેલાં કરતાં સારી થઈ છે. જો કે હજુ તેમાં ઘણો સુધારો કરવાની જરૂર છે. પહેલાં રેલવે સ્ટેશનો પર લિફ્ટ અને સ્વચાલિત દાદરા (સીડી) લકઝરી સગવડ માનવામાં આવતી હતી. પરંતુ હવે તેને અનિવાર્ય જરૂરિયાત સમજીને તે તરફ વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. સ્ટેશનો અને ટ્રેનોમાં વોટર વેડિંગ મશીન લગાવીને સ્વચ્છ પાણી પૂરૂં પાડવાની શરૂઆત થઈ ચૂકી છે. વૈકલ્પિક ઉર્જા માટે ટ્રેનો અને સ્ટેશનો પર સૌર ઉર્જાથી વીજળી મેળવવાના સારા પ્રયાસ થઈ રહ્યા છે. આમ ગણવા થઈએ તો રેલ સુવિધામાં ઘણો સુધાર કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી જે માળખાગત વિકાસ થયો છે એથી જુની ટ્રેનો ચાલી રહી છે. જો કે અકસ્માતો તે છતાં નિવારી નથી શકાયા તે એક હકીક્ત છે. આ ક્ષેત્રે ઘણું કામ કરવાનું બાકી છે. ભારતીય રેલવે પાસે આઉટ ડેટેડ ટ્રેનો (બોગીઓ) કામમાં લેવાઈ રહી છે અને જુની પટરી હજુ પણ ઘણી જગ્યાએ છે જેમાં ફેરફાર કરવાની આવશ્યક્તા છે. જુની ટ્રેનોની જગ્યાએ નવી ટ્રેનો લાવવા કરતાં જુના પાટામાં બદલાવ કે સુધાર કરવાને અગ્રતા આપવાની વિશેષ જરૂર જણાઈ રહી છે. રેલવે તંત્રનો લક્ષ ઝીરો એક્સીડન્ટ તરફ જવાનો હોવો જોઈએ. મુસાફરોની સગવડોમાં થવા જોઈતા સુધારામાં હજુ ૧૫-૨૦ ટકા જ સિદ્ધિ મળી છે. ત્રણ વર્ષમાં આપણે કેટલી આશા રાખી શકીએ ?રેલવે તંત્ર મિશન રફતારથી કામ કરી રહ્યું હોવાનો મત વ્યક્ત કરતાં પૂર્વ રેલવે બોર્ડના ટ્રાફિક સદસ્ય વિનૂ માથુર જણાવે છે. પ્રોજેકટ પ્રાઈવેટાઈજેશનમાં પણ રેલવેએ સારૂં કામ કર્યું છે. સેમી હાઈસ્પીડ અને બુલેટ ટ્રેન લાવવા માટે પણ સારૂં કામ થઈ રહ્યું છે.મેટ્રો જ્યાં જ્યાં ચાલુ થઈ છે ત્યાં ખૂબ જ સારી સગવડો મળી રહી છે. જુની વ્યવસ્થા જ ખખડધજ છે. વાંક દેખા લોકો મેટ્રો અને બુલેટ કરતાં જુની સિસ્ટમને સુધારવાને અગ્રતા આપવાનું કહી રહ્યા છે. વાસ્તવમાં મેટ્રો જુની સિસ્ટમનો સુદૃઢ વિકલ્પ બની શકે છે. તે રીતે વિચારવું જોઈએ. જુની સગવડો સુધારવા સાથે નવી સગવડો મળવા લાગે તેમાં ખોટું શું છે ?જુની સિસ્ટમને સુધારવા એટલા મોટા બજેટની જરૂર છે કે, તે બે પાંચ વર્ષમાં પૂરૂં પાડી ન શકાય. નવી સિસ્ટમમાં પણ મોટા બજેટની જરૂર છે. દરેક કામ ક્રમશઃ જ આગળ વધી શકવાનું છે. એટલે નવી સિસ્ટમ લાગુ કરવાની સાથે સાથે રેલવે તંત્ર જુની સિસ્ટમની જાળવણી પર પણ કામ કરી રહ્યું છે. અકસ્માતો નિવારવા એ દિશામાં અલબત હજુ વિશેષ ધ્યાન દેવાની જરૂર છે. સાથે સાથે નવા નવા વિસ્તારો સુધી રેલ સુવિધા પહોંચાડવાની પણ એટલી જ જરૂર છે. રેલવે તંત્રને બજેટની મર્યાદામાં વધુ બહેતર સુવિધા આપવા વધુ પ્રયાસ કરવા જરૂરી છે.

આંતરરાષ્ટ્રીય વન્યજીવ ફોટોગ્રાફી પ્રતિસ્પર્ધામાં ભારતીય ફોટોગ્રાફર વિજેતા બન્યા

વાઈલ્ડલાઈફ રિઝર્વસ સિંગાપુરે આજે પોતાના પહેલાફોટોગ્રાફી મુકાબલો થ્રૂ ધ લેન્સના વિજેતાની ઘોષણા કરી છે. આમાંભારતના ફોટોગ્રાફર તપન શેઠે બાજી મારી છે. તેમણે સિંગાપુર ઝૂનાસૌથી નવા સ્થળે રેપ ટોપિયામાં લેવામાં આવેલા ચમેલિઅનના એક શાનદારફોટા માટે વિજેતા ચૂંટવામાં આવ્યા છે. આ પ્રતિસ્પર્ધામાં એશિયાના ૫ દેશોના ફોટોગ્રાફર્સની ૧૭૦૦ એન્ટ્રીઝસામેલ કરવામાં આવી. રીઝનલ ફાઇનલ છેલ્લા મહિને સિંગાપુરમાં આયોજિતકરવામાં આવી હતી. આમાં તપને ચીન, ઈન્ડોનેશિયા, મલેશિયા અનેફિલીપીન્સના ફોટોગ્રાફર્સને પાછળ છોડતા બાજી મારી હતી.હું જાનવરોના ભૌતિક યોગદાનને ખૂબ વિસ્તારથીકેમેરામાં કેદ કરવા ચાહતો હતો. અને ખાસ કરીને એવા એન્ગલ જેદેખનારાને એક ફોટોથી વધુ દેખાઈ દે. વેલ્ડ ચમેલિઅન આને એટલુંસુંદર છે કે તેને કેમેરામાં કેદ કરવાનું મન કરે. આ ફોટોમાં મને આશા છે કેલોકોને આપણી આસાપાસની સારામાં સારી વાતોને પણ કેમેરામાં કેદકરવાના મહત્વ તથા કોશિશની કદર કરવાનો અવસર આપી શકું અને એવું કરવામાટે પ્રેરિત કરી શકું. હું વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીને લઈને જુનૂની છું.સિંગાપુરના વાઈલ્ડલાઈફ પાર્ક્સમાં ફરવાનો અનુભવ કદી ભૂલી નહી શકાય.

વાઈલ્ડલાઈફ રિઝર્વસ સિંગાપુરે આ પ્રતિસ્પર્ધા પહેલીવાર આયોજીત કરીહતી. આમાં ક્ષેત્રના સ્થાનિક ફોટોગ્રાફી સમૂહોની મદદ લેવામાં આવીહતી. આ સમૂહોમાં ભારતનું Kunzum.com પણ સામેલ છે. એન્ટ્રીઝ પાંચ અલગ કેટેગરીના આધારે પારખવામાં આવી.થ્રૂ ધ લેન્સ વિશે વધુ જાણકારી માટે https://www.facebook.com/wrs.sg/ પર વિઝીટ કરો.ગ્રેન્ડ પ્રાઈઝ વિનર અને રનર્સ-અપને એક-એક HTC U11 મળશે. આ દુનિયાનો પહેલો સ્ક્વીજેબલ સ્માર્ટફોન છે અને આના કેમેરાને સૌથી વધુ રેટિંગ મળ્યા છે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

જીઓનીએ રૂ. ૮,૯૯૯ની આકર્ષક કિંમતે એક્સ૧ લોન્ચ કર્યો

અગ્રણી સ્માર્ટફોન કંપની જીઓની ઈન્ડિયા તેની નવીન અને અદ્યતન ટેકનોલોજી સાથે આગામીદિવસોમાં અદ્‌ભુત પ્રોડક્ટ ગુણવત્તા અને આકર્ષક ભાવ સાથેપ્રોડક્ટ્સની નવી શ્રેણી લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આ દિશામાંઆગળ વધતાં કંપનીએ જીઓની એક્સ૧ના લોન્ચ કર્યો છે, જે ફિંગરપ્રિન્ટ સેન્સર અને ૩૦૦૦ એમએએચ બેટરીની સુવિધા સાથે રૂ.૮,૯૯૯ની આકર્ષક કિંમતે ઉપલબ્ધ બનશે.સાચા અર્થમાં પરિવર્તનશીલ નવું એક્સ ૧ જીઓનીની શ્રેષ્ઠ રજૂઆતછે, જે ફિંગરપ્રિન્સ સેન્સરથી સજ્જ છે અને તે તમારા ફોનનીસુરક્ષા અને ગોપનિયતા સુનિશ્ચિત કરવાની સાથે-સાથે લાંબા સમય સુધી ચાલતી ૩૦૦૦ એમએએચ બેટરી સાથે સેલ્ફીલેવું સરળ અને અનુકૂળ બનાવશે. તેના ત્રણ અલગ-અલગ સ્લોટ્સ વારાફરતી બે વિવિધ નેટવર્ક સાથે જોડી શકાશે તથા એક્સટર્નલએસડી કાર્ડની સાઈઝ ૨૫૬ જીબી સુધીની રહેશે. બે આકર્ષક કલરવેરિઅન્ટ્સમાં ઉપલબ્ધ આ પાવરફુલ જીઓની એક્સ૧ અત્યંત વાજબીભાવમાં પ્રિમિયમ ડિઝાઈન ઓફર કરે છે. ટૂંક સમયમાં લોન્ચ થનારી અમારી પ્રોડક્ટ્સનીશ્રેણી અમારા ગ્રાહકોને પ્રભાવિત કરવાની સાથે-સાથે અદ્‌ભુતવિશેષતાઓ અને પ્રિમિયમ ગુણવત્તા સાથે તેમના અનુભવમાં વૃદ્ધિ કરશે.''યુવાન અને ઉત્સાહી યુઝર્સને લક્ષ્યમાં રાખીને ડિઝાઈન કરાયેલાજીઓની એક્સ૧માં પ્રત્યેક યુઝરના સ્માર્ટફોનના અનુભવને સરળ અને આનંદદાયી બનાવવાની તમામ વિશેષતાઓ છે.

પ્રાચી દેસાઈ અને શ્વેતા ખંડુરી સહિત ટીમ માલિકો - આશિષ શાહ,ચેરમેન અને એમડી, પદ્મનાભ સ્પોર્ટ્સ પ્રા. લિ. કે જે પદ્મનાભઈન્ડસ્ટ્રીઝ લિ.ની પેટા કંપની છે

તેમણે તથા ભારતના સૌથીયુવાન ટીમ માલિક ધ્વનિલ ભાવનગરીએ ઈન્ડિયન ક્યૂ માસ્ટર્સ લીગની સ્ટાર ટીમોમાંની એક 'ગુજરાત કિંગ્સ'ને પ્રમોટ કરી છે.

અમદાવાદ

પદ્મનાભ ઈન્ડસ્ટ્રીઝ લિ. ની પેટાકંપની પદ્મનાભ સ્પોર્ટ્સ પ્રા. લિ.ના ચેરમેન અને એમડી આશિષ શાહ તથા ભારતમાં સૌથીયુવાન ટીમ માલિક ધ્વનિલ ભાવનગરીએ મીડિયાને તેમની ટીમ 'ગુજરાત કિંગ્સ' અંગેજાણકારી આપી હતી, જે ટીમે તેના નામ અનુસાર જ પ્રથમ એવી 'ક્યુ સ્લેમ-ઈન્ડિયનક્યુ માસ્ટર્સ લીગ'ની બે મેચોમાં વિજય મેળવ્યો છે. આ લીગનું આયોજન આવર્ષે અમદાવાદમાં ૧૯થી ૨૫ ઓગસ્ટ દરમિયાન થયું છે.'ગુજરાત કિંગ્સ' ઉપરાંત પદ્મનાભ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની પેટા કંપની પદ્મનાભસ્પોર્ટ્સ પ્રા. લિ.ના ચેરમેન અને એમડી આશિષ શાહ તથા ભારતના સૌથી યુવાટીમ માલિક ધ્વનિલ ભાવનગરી કે જેઓ પ્રિમિયર બેડમિન્ટન લીગમાં 'અમદાવાદ સ્મેશમાસ્ટર્સ' પણ ધરાવે છે તેમણે કહ્યું હતું, 'પદ્મનાભ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપનીપદ્મનાભ સ્પોર્ટ્સ પ્રા. લિ. એ રમતગમત ક્ષેત્રે પ્રવેશ કર્યો છે અને અમને અત્યંત ખુશી છે કે અમે પ્રથમ કદમ ક્યુ સ્લેમ-ઈન્ડિયન ક્યૂ માસ્ટર્સ લીગનું છે. ક્યુ સ્લેમ-ઈન્ડિયન ક્યુ માસ્ટર્સ લીગ એ ભારતમાં પ્રથમ એવું ફોર્મેટ છે. તે અત્યંત ઝડપથીરમાતી રમત છે, જે ઓડિયન્સ પસંદ કરે તે રીતે પસંદ કરવાની હોય છે.લોકોને ઝડપી રમતો ગમે છે, તેઓ અનિશ્ચિત પરિણામો પસંદ કરે છે, તેઓઅપસેટ્સ પસંદ કરે છે, તેઓ ડ્રામા ઈચ્છે છે અને અમે એ જ ઓડિયન્સને આપવાનો હેતુ ધરાવીએ છીએ.'

સ્કોડાએ મોન્ટે-કાર્લોને બજારમાં ઉતારી :મોન્ટે-કાર્લો રેસિંગ પરમ્પરાના સમ્માનમાં તૈયાર કરવામાં આવેલ સ્પોર્ટ મૉડલ



સ્કોડા ઓટો ઈન્ડિયાએ ૧૦.૭૫ લાખ રૂપિયાની આકર્ષક એક્સ શો રૂમ કિંમત પર મોન્ટે-કાર્લોને બજારમાં ઉતારી.મોન્ટે-કાર્લો 'એક રાષ્ટ્ર, એક મૂલ્ય'ના સ્કોડાના કથન અનુરૂપ છેતથા મોટર સ્પોર્ટના ક્ષેત્રમાં સ્કોડાની લાંબી વિરાસતથીપ્રેરિત છે. મોન્ટે-કાર્લો ડબલ રંગના બે પસંદિત વિકલ્પોમાંઉપલબ્ધ થશે, બ્લેક રુફની સાથે ફ્લેશ રેડ તથા બ્લેક રુફનીસાથે કેન્ડી વ્હાઈટ.''મોન્ટે-કાર્લો, ભારતમાં અમારા મૉડલની આક્રમક રણનીતિનું અભિન્નઅંગ છે. મોન્ટે-કાર્લો બ્રાન્ડના જોશીલા ડિઝાઈન, ઉત્કૃષ્ટ આંતરિકસજાવટ અને શ્રેષ્ઠ સુવિધાઓ, સુરક્ષાની સાથે સાથેકનેક્ટિવિટી સુવિધાઓનું આકર્ષક સંયોજન પૂરુ પાડે છે.પ્રીમિયમ અનુભવની ઈચ્છા રાખનારા વિવેકી ગ્રાહકોને ધ્યાનમાંરાખતા નિર્મિત મોન્ટે-કાર્લો આ સેગમેન્ટમાં મુખ્ય છે. મોન્ટે-કાર્લોમાં રૈપિડ મૉડલ રેન્જથી નવી પેઢીના પેટ્રોલ અનેડીઝલ એન્જિન સામેલ કરવામાં આવ્યા છે. સુવિધાની દૃષ્ટિએ અનેક ચીજો ઉપલબ્ધ છે, જેમકે પાર્કોનીક રિયર પાર્કિંગ સેન્સર, સ્વચાલિત ડિમિંગ રિયર વ્યૂ મિરર અને બારીઓ માટેવન-ટચ એન્ટી પિંચ ટેકનોલોજી. આની સાથે સાથે આરામદાયક સુવિધાઓમાં રિમોટ કંટ્રોલ દ્વારા સંચાલિત સેન્ટ્રલ લૉકિંગસિસ્ટમ, એક મલ્ટી ફંક્શનલ ડિસ્પ્લે, ઊંચાઈને સમાયોજિત કરવા યોગ્ય ચાલક તથા આગળ બેસેલા યાત્રીની સીટો અને આગલી સીટની પાછળ સામાન રાખવા માટે પૉકેટ, વગેરે સામેલ છે.આમાં ડ્રાઈવ રજૂ કરવામાં આવ્યા છે જે અત્યાધુનિક ૬.૫ ઈંચના કલર ટચસ્ક્રીન સેન્ટ્રલ ઈંફૂટમેન્ટ સિસ્ટમ છે, જે તમને ડ્રાઈવનો અસલીઅનુભવ આપે છે.

આ તહેવારની મોસમમાં અમેઝોન ફેશન સાથે તમારા વોર્ડરોબમાં ભારતીય હેન્ડિક્રાફ્ટના ચમત્કારનું ગૂંથણ કરો



યુગ જૂની કળાકારીગરી અને કળાત્મક ખૂબીઓ ભારતીય હેન્ડિક્રાફ્ટ્સમાં બહુ જ નાજુકતાથી ગૂંથવામાં આવી છે. સમકાલીન ફેશનનુંજોર વધ્યું છે ત્યારે ઘરમાં ગૂંથણ કરેલી એથનિક, ઓર્નેટ જ્વેલરી અને એસેસરીઝ આ તહેવારની મોસમમાં તમારા વોર્ડરોબની શોભા વધારી શકે છે.અમેઝોન ફેશનના ક્રિયેટિવ ડાયરેક્ટર નરેન્દ્ર કુમારે પારંપરિક કળા સ્વરૂપોથી પ્રેરિત એસેસરીઝ ક્યુરેટ કરી છે, જે આ મોસમમાં કમબેકકરે છે અને આ તહેવારની મોસમમાં તમારા સમારંભીય વસ્ત્રો સાથે ઉત્તમ રીતે જોડી જમાવી શકે છે. હસ્તમુદ્રિત મીનાકારીથીરાજસ્થાન થેવા સુધી આ આકર્ષક જ્વેલરીના નંગો વૈવિધ્યપૂર્ણ એથનિક કળાની ઝાંખી આપે છે.મીનાકારી સરફેટ ઓર્નામેન્ટેશન સાથે પ્રાચીન ટેકનિકને ઉત્તમ રીતે જોડે છે અને જયપુરમાં અત્યંત લોકપ્રિય છે. નાજુક મીનાકારીકામ ઝૂમખીઓ, ચાંદબાલીઓથી વીંટીઓ અને પેન્ડન્ટો સુધીની એસેસરીઝની શ્રેણીમાં જોવા મળી શકે છે. વૈવિધ્યપૂર્ણ રંગની પેલેઅને નૈસર્ગિક મોટિફ્સે મીનાકારીને આ તહેવારની મોસમમાં અત્યંત ફેવરીટ બનાવી દીધી છે. તેની વર્સેટાલિટીને ધ્યાનમાં લેતાં તમેએથનિક અને સેમી- એથનિક વેરની શ્રેણી સાથે જ્વેલરીની જોડી જમાવી શકો છો, જે તેને રોજબરોજના વોર્ડરોબનું એસેન્શિયલબનાવે છે. દિવસ માટે હલકા શેડ્સ અને સાંજ માટે ઘેરા શેડ્સ અપનાવી શકો છો.ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી તરીકે લોકપ્રિય તે સમયાંતરે આપણાં વસ્ત્રો પર શોભતી જ્વેલરીનું અત્યંત લોકપ્રિય સ્વરૂપ રહ્યું છે. આપ્રવાહ આ મોસમમાં પણ ચાલુ જ છે. તમે તમારા આઉટફિટ્સને પૂરક રંગીન પથ્થરો સાથે આભૂષણાત્મક વધુ નાજુક નંગોનેઅપમાવો. સ્વભાવે વર્સેટાઈલ ઓક્સિડાઈઝ્ડ નંગોનું કાર્ય ટાઈ એન્ડ ડાઈ સાથે ટેક્નિક, ઓર્ગેનિક ફેબ્રિક્સ અને નેચરલ શેડ્સ, જેમ કે ઈન્ડિગો અને સેફરોન સાથે ઉત્તમ જોડાણ સાધે છે.

મેજિકબ્રિક્સ એપે છેલ્લા ત્રિમાસિક માં નવા વપરાશકારોમાં ૪૦ ટકાની વૃદ્ધિ નોંધાવી

ઘર ખરીદવું આજે એટલું મુશ્કેલ નથી રહ્યું જેટલું કે એક દાયકા પહેલા હતું. તે સમયે ઘર ખરીદનારા લોકોને પૂરી રીતે દલાલો અને અંગત સંપર્કો પર નિર્ભર રહેવું પડતું હતું. જો કે ટેલનિકલ ઉન્નતિના ચાલતા આજે વ્યક્તિ પોતાના આંગળીઓન ટચની સાથે સંપત્તિ સંબંધિત દરેક જાણકારી હાંસલ કરી શકે છે. મેજિકબ્રિક્સ જેવા મોબાઈલ એપ્સ આવવાથી પૂરી "ક્રિયા ખૂબ જ સરળ થઇ ગઇ છે. , મોબાઈલ ડેટા તથા સ્માર્ટફોનના વધતા વપરાશની સાથે મોબાઈલ એપ્સનું ચલણ પણ ઝડપી વધી રહ્યું છે. દૂરસંચારની આ ઉન્નતિના ચાલતા આ સેગમેન્ટ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે. છેલ્લા ત્રિમાસિકમાં મેજિકબ્રિક્સ એપ ડાઉનલોડમાં ૪૦ ટકાની વૃદ્ધિ નોંધાઇ છે. અમે વપરાશકર્તાની બદલાતી માંગ અનુરૂપ તેમને એવી ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે "યત્નશીલ છીએ જેથી તેમની ઘર ખરીદવાની યાત્રા ખૂબ જ સરળ અને સુગમ થઈ જાય.

મેજિકબ્રિક્સ એપ આજની પેઢી માટે ખૂબ જ ફાયદારૂપ સાબિત થઇ રહ્યું છે કેમકે અમારા ૪૦ ટકા વપરાશકર્તા એપના માધ્યમથી જ સાઇટનો વપરાશ કરે છે. ઉપસ્થિત પરિવેશને ધ્યાનમાં રાખતા એપ્સ ઘર ખરીદવાના નિર્ણયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા છે.

&પિક્ચર્સ પ્રસ્તુત કરે છે સિલ્વેસ્ટર સ્ટેલોનની આઈકોનિક ફિલ્મ જોન રેમ્બો ૨૫ ઓગસ્ટ રાત્રે ૮ વાગ્યે

સુપરસ્ટાર સિલ્વેસ્ટર સ્ટેલોન દ્વારા નિભાવવામાંઆવેલ આ રોલ એક્શન પ્રેમી દર્શકોના દિલોમાંએક ખાસ જગ્યા રાખે છે. ટેલીવિઝન પર આ રોએક્શનને સાર્થક કરવા માટે નવા ભારતની બ્લોકબસ્ટર મૂવિ ચેનલ &પિક્ચર્સ આ શુક્રવાર ૨૫ ઓગસ્ટ રાત્રે ૮ વાગ્યે પોતાના ફ્રાઈડેહોલીવુડ નાઈટ્સ કાર્યક્રમ અંતર્ગત ક્લાસિકએક્શન ફિલ્મ જોન રેમ્બો રજૂ કરવા જઈ રહ્યુંછે. સિલ્વેસ્ટર સ્ટેલોન દ્વારા લખેલ તેમજ નિર્દેશીત કરેલ ફિલ્મ જોન રેમ્બો, રેમ્બો ફેંચાઈઝીની ચોથી તેમજ છેલ્લી કડી છે.

ફિલ્મ કમોન બકા ૨૫ મીએ રીલીઝ થશે

માણસ ધારે તો સીસ્ટમ બદલી શકે તેવી જ તેનામાં તાકાત છે

અમદાવાદ

સરકારી સીસ્ટમને બદલવા મથતા ચાર નવયુવાનોની સામાજીક સંદેશા સાથેની ફિલ્મ કમોન બકા દિશા સુતો છે. આ ફિલ્મ ૨૫ મી ઓગષ્ટે રીલીઝ કરી રહ્યા છે.કંઈક અલગ કન્સેપ્ટ સાથેની હાસ્યરસથી તરબોળ કરતી કમોન બકા દિશા સુતો છે. લેટસ વેકઅપ ફિલ્મ વિશે વાત કરતાં તેણે વધુમાં જણાવ્યું હતું કે આ એક તો બજેટની અને સામાજીક સંદેશો રજુ કરતી ખાસ કરીને સામાન્ય માણસને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલી ફિલ્મ છે જે લોકોને પસંદ પડશે એવું મારૂં માનવું છે. તેમણે ઉમેર્યું કે આ ગુજરાતી ફિલ્મના ઈતીહાસમાં સૌ પ્રથમ વાર છ ભાષાનો ઉપયોગ થયો છે. જ્યારે હિંદી, અંગ્રેજી અને ગુજરાતી એમ ત્રણ ભાષામાં કર્ણપ્રીય ગીતો રજુ કરાયા છે. ફિલ્મનું મોટા ભાગનું શુટીંગ સાયન્સ સીટી રોડ પર સાલ કોલેજ, ભાવનગર અને અન્ય સ્થળોએ ફિલ્માવાયું છે.

સરકારી સીસ્ટમ હોય કે દેશના વિકાસની વાત હોય કોઈપણ બાબતમાં યુવા વર્ગની બહુ મહત્વપુર્ણ ભૂમિકા હોય છે અને જરૂર છે માત્ર યુવાને પોતાની આંતરીક શકિત પારખવાની. જો આજના યુવાનને તેની સાચી દિશા અને ધ્યેય ખબર પડી જાય તો તે કંઈપણ કરવા શકિતમાન છે. તેમણે ઉમેર્યું કે જો દરેક વ્યકિત પોતાની જવાબદારી સમજી જાતે જ સુધરી જાય તો કોઈને સુધારવાની જરૂર જ ના પડે. દેશ આખો આપોઆપ બદલાઈ જાય.

સૌમ્યા અને પ્રિતો અમદાવાદમાં પોતાના પ્રશંસકો સાથે શક્તિ.... અસ્તિત્વ કે અહેસાસ કી ની સફળતાની ઉજવણી કરે છે



અમદાવાદ

કલર્સની પ્રમુખ ફિક્શન પ્રસ્તુતિ, શક્તિ... અસ્તિત્વ કે અહેસાસ કી એ ભારતીય ટેલિવિઝન પર પોતાને મોખરે સ્થાપિત કરી લીધેલ છે. ટોચના રેટ પરનો શો, શક્તિ એક કિન્નર સૌમ્યા (રુબિના દિલાઈક), અને જીવનના દરેક મુકામ પર તેણી સામનો કરે છે તે ભેદભાવ છતાં પણ સામાન્ય જીવન જીવવાના તેણીના સંઘર્ષની કહાણીનું વર્ણન કરે છે. તેણીનો પતિ હરમન (વિવિઅન ડીસેના) જ્યારે સૌમ્યાના ગૌરવની વાત આવે છે, તો પોતાની માતા પ્રિતો(કામ્યા પંજાબી) ની વિરુદ્ધ જઈને પણ તેણીની પોતાની સાચી ઓળખને પામવા ટેકો કરવા સાથે ઉભો રહે છે. જો કે, સૌમ્યાની ખુશી ટૂંકી હોય છે કેમ કે તેણી સમાજ સામે પોતાને સ્વીકારવાનો તે નકાર કરે છે તો મૂઢ થઈ ગયેલી ઉભી હોવાનું પામે છે. શો ની સફળતાની ઉજવણી કરવા, પોતાના પ્રશંસકો સાથે તેઓના અનુભવોની આપ- લે કરવા અને આગળની કહાણી અંગે વાતચીત કરવા, શોની મુખ્ય કાસ્ટ- રુબિના દિલાઈક અને કામ્યા પંજાબી- આજે અમદાવાદ શહેરની મુલાકાત લે છે. રશ્મિ શર્મા ટેલિફિલ્મ્સ દ્વારા નિર્મિત, શક્તિ... અસ્તિત્વ કે અહેસાસ કી દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮:૦૦ કલાકે કલર્સ પર દર્શાવવામાં આવે છે. સૌમ્યાનું પાત્ર ભજવવા અને અમદાવાદની મુલાકાત લેવા બાબતે બોલતાં, રુબિના દિલાઈકે કહ્યું, ''શક્તિ... અસ્તિત્વ કે અહેસાસ કી ભારતીય ટેલિવિઝન પર કેડી કંડારતો શો છે. આપણાં સમાજ દ્વારા કિન્નરો સામે એક ભેદભાવ ઉભો કરવામાં આવેલ છે. તે બાબતે જાગૃતતા ઉભી કરવા સાથે કાંઈક અલગ કરવા પ્રયોગ તરીકે જે શરૂ થયું હતું.તે આજે મારા માટે જીવન પરિવર્તક અનુભવ બની ગયેલ છે. સૌમ્યાનું પાત્ર, ખાસ કરીને, આ પ્રગટીકરણના મોખરે છે.

જાયન્ટસે પલટનને બતાવી દીધુ કે લખનૌમાં નવાબ કોણ છે સાતમા વિજય સાથે ગુજરાત જાયન્ટસ ટોચના સ્થાને



પોઈન્ટના ટેબલમાં સૌથી વધુ ગુણ ધરાવતી ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની ટીમે વધુ એક અદભૂત પરફોર્મન્સ દ્વારા વીવો પ્રોકબડ્ડી લીગ સિઝન ૫ની લખનૌમાં યોજાયેલ એ ઝોનની મેચમાં મંગળવારે પૂણેરી પલટનને૩૫ -૨૧ ના આજ સુધીના મોટામાર્જિનથી પરાજીત કરી છે.ગુજરાત ફોરચ્યુન જાયન્ટસનાદસ મેચમાં ૪૧ પોઈન્ટ થયા છે અને તે ૨૧ પોઈન્ટસાથે બીજા સ્થાને રહેલી પૂણેરી પલટન કરતાં૨૦ પોઈન્ટ આગળ છે.બે મજબૂત ડિફેન્ડીંગ ટીમ વચ્ચેની આ મેચમાં જાયન્ટસના ફેઝલ અત્રાચલીએ પ્રસંગને અનુરૂપ રમત દાખવીને ઉત્તમ રમતરમી હતી. આ લેફ્ટ કોર્નર સ્પેશ્યાલીસ્ટ ઈરાનીયન ખેલાડીએ પલટનના કેપ્ટન દિપક હુડા સામે ૨ પોઈન્ટ સહિત કુલ ૯ટેકલીંગ પોઈન્ટસ મેળવ્યા હતા અને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ હાંસલ કર્યો હતો.શરૂઆતથી જ આ મેચ એકતરફી બની ગઈ હતી ગુજરાત ફોરચ્યુન જાયન્ટસે ગયા સપ્તાહની વિજય કૂચ આગળ ધપાવી હતીઅને હાફ ટાઈમ વખતે તે ૧૬-૭ પોઈન્ટથી આગળ હતા. સુકેશ હેગડેએ ૪ રેઈડ પોઈન્ટ મેળવીને પોતાની આગેવાની પૂરવાર કરી હતી યુવાન રેઈડર સચિન તાવરે પણ એટલાજ પોઈન્ટમેળવ્યા હતા.ગુજરાતની ટીમ એક સંવાદી એકમની જેમ રમત રમી રહી હતી. અને મેચની ૧૨મી મિનીટે જ હરિફ ટીમને ઓલઆઉટ કરીદીધી હતી. હેગડેએ તેમની હરિફ ટીમના કેપ્ટન સંદીપ નારવાલને પાછો બેન્ચ ઉપર મોકલી આપ્યો હતો.સંદીપ નારવાલની આગેવાની હેઠળની આ ટીમ સંપૂર્ણ હતાશ જણાતી હતી અને જાયન્ટસની આત્મવિશ્વાસથી છલકતી વ્યુહરચનાને કારણે તેમના માટે પોઈન્ટસ મેળવવાનુ મુશ્કેલ બન્યું હતું.

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત તરણેતરનો લોકમેળો

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો, ઉત્સવો, લોકમેળાઓનું આગવું મહત્વ છે.સૌરાષ્ટ્રમાં ત્રણ મેળા સુપ્રસિધ્ધ છે.જેમાં માધવપુરનો મેળો, જુનાગઢનો ભવનાથનો મેળો અને ત્રીજો સુરેન્દ્રનગર જિલ્લામાં આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત તરણેતરનો લોકમેળો.વિદેશી પર્યટકો, સંશોધકો અને ઈતિહાસપ્રેમીઓ તરણેતરનો આ ભાતીગળ લોકમેળો માણવા અવશ્ય આવે છે.ગુજરાત સરકાર પણ આ મેળામાં લોકઉત્સાહને જોઈ આકર્ષાઈ છેલ્લા કેટલાક વર્ષોથી અહીં વિવિધ મંત્રાલયો અને અધિકારીઓ-મંત્રીઓને મોકલી અનેક પ્રકારના કાર્યક્રમો કરે છે.સ્વાઈનફલુના સુસવાટા વચ્ચે માનવ હેલી જોવા મળશે.એ જ કંઈક જીવનજીવવાનો લહાવો છે ને ?

તરણેતરનો પ્રાચીન ઈતિહાસ જોઈએ તો પાંચાલ વિસ્તાર એટલે કે, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા અને મૂળી તાલુકાનો વિસ્તાર.જે પૂર્વે ભગવાનશ્રીકૃષ્ણની પટરાણી સત્યભામાનું મોસાળ હતું.જ્યારે મહાભારતના યુધ્ધને જગાડનાર મહારાણી દ્રોપદીનું પિયર.

તરણેતર ગામ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાનગઢથી આઠ કી.મી.રાજકોટ એરપોર્ટથી ૯૦ તથા અમદાવાદ આ.એરપોર્ટથી ૨૧૫ કી.મી.ના અંતરે પાકા રોડથી જોડાયેલ ગામ છે.ભાતીગળ આ લોકમેળો ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ દરમિયાન ભરાય છે.અબાલ વુધ્ધ સૌ કોઈ મેળો માણવા થનગની ઉઠે છે.જ્યારે જ્યોતિગ્રામ યોજના નહોતી ત્યારે નવી સવી પરણીને સાસરે આવેલી ભાભી છ-છ મહીના પહેલા રોજ વહેલી પરોઢીયે ઉઠી ઢીંચણ માથે દીવો મૂકીને લાકડા દિયર માટે છતરીયું પર ભરત ભરવા માંડતી જે ભાવના ધીમે ધીમે લપ્ત થતી જાય છે, છતાં હજુ ભાતીગળ છતરીયું ક્યાંક ક્યાંક જોવા મળે છે.

તરણેતરનો આ મેળો યૌવનનો મેળો કહેવાય છે, જે તરણેતર ગ્રામપંચાયતના સરપંચે જણાવ્યું છે કે, ચાલુ વર્ષે આગામી તા.૨૫/૮/૨૦૧૭ થી તા.૨૭/૮/૨૦૧૭ શુક્ર, શનિ, રવિ એટલે કે ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ એમ ત્રણ દિવસ યોજાશે.રાજ્ય સરકારનાં વિવિધ ખાતાપણ ભાતીગળ આ મેળામાં ભાગ છે.આરોગ્ય-નશાબંધી ઉપરાંત ફોરેસ્ટ-વન પર્યાવરણ- હસ્તકલા-પ્રવાસન વિભાગ-એસ.ટી.નિગમ સારો રસ લે છે.

આ મેળો તરણેતર ગામના પાદરમાં સરોવર કિનારે આવેલ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભરાય છે.આ મેળાની શરૂઆત ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં થઈ હોવાનું જાણવા મળે છે.આ મેળાની પૂર્વભૂમિકામાં ધાર્મિક-સામાજિક મહત્વ રહેલું છે.એક લોકવાયકા પ્રમાણે પાંચાલભૂમિના આ મંદિરના સ્થળે દ્રોપદી સ્વયંવરમાં અર્જૂને મત્સ્યવેધ કર્યો હતો.કહેવાય છે કે મંદીર ફરતે આવેલ ગંગાકુંડમાં ઋષિ પાંચમના દિવસે ગંગાની ધારા પ્રગટ થાય છે.તેથી લોકો આ કુંડમાં સ્નાન કરી ગંગાસ્નાનનું પૂણ્ય મેળવે છે.

અહીં લોકસંસ્કૃતિના પ્રતિક સમા કલા અને સાહિત્યના દર્શન થાય છે.ભક્તિ-શક્તિ અને સૌદર્યના ત્રિવેણી સંગમ સમા આ લોકમેળામાં મસ્તીભર્યા લોકમિજાજનો ઠેર ઠેર અનુભવ થાય છે.માલધારીઓના મહીયર તરીકે ઓળખાતા પાંચાળ પ્રદેશમાં આવેલ ચોટીલા ડુંગરની ધારે, સરોવરને કિનારે આ લોકમેળો ભરાય છે.અહીં આયર, ભરવાડ, મેર વગેરે પશુપાલક જાતિઓ ચોમાસાના પાછલા ભાગમાં ઢોરને ચરાવવા અહીં આવે છે અને આ સર્વે જાતિઓ મેળા નિમિત્તે ભેગા થાય છે.કુટુંબીજનો અને જ્ઞાતિભાઈઓ એકઠા થતાં આનંદ અને ઉત્સાહ જોવા મળે છે.અહીં માંગલિક પ્રસંગો અને માતાજીના નૈવેધ ધરાવવાનો કાર્યક્રમ યોજાય છે.આ મેળામાં કોળી, સથવારા, ખાંટ, કુંભાર, કણબી, તેરતાંસળી, રબારી, કાઠી, ચારણ, હરીજન વગેરે અનેક જાતિના લોકો રંગબેરંગી વસ્ત્ર પરિધાન કરી ઉમટી પડે છે.ને ત્રણ-ત્રણ દિવસ સુધી આ ભાતીગળ લોકમેળાની મજા માણે છે.કાઠી કોમ સૂર્ય પૂજક છે.થાનગઢ અને આજુબાજુમાં કેટલાક સૂર્યમંદિરો આવેલા છે.ભરવાડ અને કોળી યુગલોના રાસ-દાંડીયા, હુંડો, ટીટોડા જેવા વિશિષ્ટ લોકનૃત્યો આ મેળાની ખાસીયત છે મૂળે ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભરાય છે.ત્રિનેત્રેશ્વર શબ્દ ધીરે ધીરે અપભ્રંશ થઈને જ આ ગામનું નામ "તરણેતર" પડ્યું છે.બોમ્બે ગેઝેટની નોંધ પ્રમાણે આ મંદિર પાસે મહંતનો મઠ હતો, આ જગ્યા આતિથ્ય માટે જાણીતી હતી.તે સમયે આસો સુદ-આઠમ હવનાષ્ટમીના દિવસે આ લોકમેળો ભરાતો હતો.તરણેતરનો આ મેળો .ભક્તિ-શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે.અશ્વદોડ, બળદગાડા દોડ જેવી પ્રાચીન હરીફાઈઓની સાથે તંબુરા, મંજીરા, કરતાલ, બેડીયાપાવા, નરઘાં, કાંસીજોડ જેવા પારંપરિક લોકવાદ્યોના સથવારે ભજન-દુહા-છંદોની છોળો રેલાતી હોય, દાંડીયા-રાસ, રાસ મંડળીઓ, અઢીંગા ટીટોડા, હુડા, મણિયારો, ઢાલ-તલવારના રાસની રમઝટ બોલાતી હોય, હાથે છુંદણાં છુંદાવતી અને નિતાંત મસ્તીવાળું ગ્રામ્ય મિજાજનું વાતાવરણ હીલોળા લેતું હોય, હૈયે હૈયું દબાતું હોય તેવો આભાદર્શ ઉત્સવ એટલે તરણેતરનો લોકમેળો.વહેલી સવારથી જ ગ્રામીણ લોકો સ્નાન દર્શન કરીને મંદિરના પ્રાંગણમાં લોકનૃત્યો, ગરબા-ગરબી, રાસ, રાસ-દાંડીયા, હુડો, ટીટોડા વગેરે પ્રકારના નૃત્યો આખો દિવસ કરે છે.જેમાં સ્ત્રી-પુરૂષો સાથે હોય છે.નવા હીર ભરેલા વસ્ત્રાભૂષણોથી સજ્જ તઓ વર્તુળાકારે નાચે છે.વચ્ચે તેમનો નાયક હાથમાં ભરત ભરેલી કલાત્મક છત્રી લઈને વાંકલડી પાઘડી માથે શિરમોર કુંમકું ફરકાવતો મોર-પોપટની ભાત પાડેલ ભરતવાળા કેડીયામાં ચાંપત રાખીને ગળે રેશમી રુમાલ બાંધી મૂછે વળ ચઢાવી, આંખે સુરમો આંજીને બોરીયાળા ચોરણાની ગોઠણે લટકતી નાળીએ ખોબલો ફુમકા બાંધીને નૃત્યના લય સાથે પ્રકારભેદ કરવાનો બધાને દોરે છે.કહેવાય છે કે જ્યાં લોકમેળો હોય ત્યાં કુદરતનો રૂપાળો ખોળો હોય અને ત્યાં હૈયા હેલે ચડ્યા વિના રહે તો એને માણસ ન સમજવા.સામસામા દુહાની રમઝટ ન જામે તો તરણેતરનો મેળો આણોહરો દીસે, શરણાયું જેવા નરવા ગળામાંથી મીઠા રાહડા જો પગે નહી તો તરણેતરીયો મેળો મોળો લાગે, મેળામાં ગામ ગામની રાવટીયું લાગે છે.જેમાં સંતવાણીના સૂરો રેલાતા હોય છે.તરણેતરનો લોકમેળો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.જે તેની અદકેરી વિશિષ્ટતા છે.આધ્યાત્મિક ઉંચાઈ દર્શાવતો આ ભાતીગળ લોકમેળો ગ્રામીણ લોકોના ભાવ, ભક્તિ અને સૌંદર્ય શક્તિનો અદભૂત મેળાવડો છે."તરણેતરના મેળામાં મોરલી વાગે છે..." ના ગગનભેદી ગીતો શ્રધ્ધા-ભક્તિની જ્યોતને વધુ પ્રજ્જવલીત કરે છે.આ મેળાની પૂર્ણાહૂતિ થતાં જ બોલ માડી અંબે..જય..જય અંબે..અરવલ્લીના ડુંગરમાં ગબ્બરના ગોખે બિરાજમાન મા અંબાનો ભાદરવી પૂનમના મેળામાં પદયાત્રીઓનો પ્રવાહ શ્રધ્ધા-આસ્થા-ભક્તિના ઘુઘવતા સાગર જેવો શરૂ થશે.ભારતીય સંસ્કૃતિની આવી આગવી ગોઠવણ માનવ જીવનને માનસીક ટેન્શન મુક્ત રાખી ભાઈચારાની ભાવના ફેલાવવાનું ઉમદા કાર્ય કરે છે.

લેખક યશપાલસિંહ ટી.વાઘેલા
શ્રી ઓગડ વિદ્યામંદિર, થરા

વર્લ્ડકપ માટેની ટીમ બેલેન્સમાં ફીટ નથી થઈ રહ્યા ધોની-યુવી

યુવરાજસિંહનો વિકલ્પ શોધી ચૂક્યુ છે ટીમ મેનેજમેન્ટ જ્યારે ધોનીની વિકલ્પ શોધી રહ્યું છે

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીની નજર હવે વર્ષ ૨૦૧૯માં યોજનાર વર્લ્ડકપ પર ટકેલી છે. જે માટે અત્યારથી જ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે. ટીમ મેનેજમેન્ટનો પૂરો સહયોગ પણ કોહલીને મળી રહ્યો છે. જોકે વર્લ્ડકપ માટેની આ ભવિષ્યની ટીમમાં યુવરાજસિંહ અને મહેન્દ્રસિંહ ધોનીની ભૂમિકાને લઈને ચર્ચાઓ શરૂ થઈ ચુકી છે. અંદર ખાનેથી એવો સુર પણ બહાર આવી રહ્યો છે કે વર્લ્ડકપ માટેની બેસ્ટ ઈલેવનમાં ધોની અને યુવરાજ ફીટ બેસતા નથી. જેથી ટીમ મેનેજમેન્ટે આરામના બહાને યુવરાજસિંહને શ્રીલંકન પ્રવાસમાંથી બહાર કરી દીધો છે. આ મામલે વિવાદ ન થાય તે માટે યુવરાજસિંહને આરામ આપવામાં આવ્યો હોવાનુ જણાવવામાં આવ્યુ છે. જોકે વાસ્તવમાં યુવરાજસિંહનું ફોર્મ છેલ્લા કેટલાક સમયથી ચિંતાનો વિષય રહ્યો છે. તાજેતરમાં લેવાયેલ યો યો ટેસ્ટમાં પણ યુવરાજસિંહ નિષ્ફળ રહ્યો હતો. જ્યારે ધોનીને શ્રીલંકા સામેની વન-ડે શ્રેણીમાં તક આપવામાં આવી છે. **અનુસંધાન પાન નં.૬ ઉપર**

રવિચંદ્ર અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ઓલરાઉન્ડરોની યાદીમાં સામેલ



ભારતીય ઓલ રાઉન્ડર રવિચંદ્રન અશ્વિને કોલંબો ટેસ્ટમાં ૫૪ (૯૨ બોલ પર) રનોની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. આ ઈનિંગ્સ દરમિયાન તેણે ફકત ભારતીય ટીમને પહેલી ઈનિંગ્સમાં મહત્વપૂર્ણ સ્કોર ઉભો કરવાની મદદ કરી એટલું જ નહીં પોતાના ચમકતા કેરિયરમાં એક વધુ સિતારો જોડવાનું કામ કર્યું છે.

અશ્વિત તેજીતી ભારતીય ટીમમાં એક ઓલરાઉન્ડરની કમી પુરી કરી રહ્યો છે.તેણે આજે આ કમમાં સિકસરની સાતે પોતાની ટેસ્ટ કેરિયરની ૧૧મી અર્ધસદી પુરી કરી હતી પોતાની આ ઈનિંગ્સમાં તેણે પાંચ ચોક્કા અને એક સિકસર લગાવી હતી. આ ઈનિંગ્સ દરમિયાન અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ૨૦૦૦ રન બનાવનાર અને ૨૦૦ વિકેટ લેનાર ખાસ ઓલરાઉન્ડર્સની યાદીમાં સામેલ થઈ ગયો.અશ્વિન ફકત આ યાદીમાં સામેલ થયો એટલું જ નહીં તેણે આ યાદીમાં તમામ વરિષ્ઠોને પાછળ પાડી ચોથા નંબર પર પોતાનો કબજો કર્યો છે.તેણે આ મુકામ ૫૧મી ટેસ્ટની ૭૧મી ઈનિંગ્સમાં હાંસલ કર્યું છે.ખુબ તેજીથી આ મુકામ પર પહોંચનાર અશ્વિનની આગળ ફકત મહાન ઓલરાઉન્ડરમાં સામેલ થનાર ત્રણ ખેલાડીઓમાં ઈયાન બોથમ,કપિલ દેવ અને ઈમરાન ખાન છે.ઈમરાન બાદ અશ્વિનનો નંબર આવે છે. અશ્વિન બાદ રિચર્ડ હેડલી,શોન પોલક,ક્રિસ કેન્સ રિચર્ડ બેનોડ સ્ટુઅર્ટ બોન્ડ છે. હેડલીએ ૫૪ મેચમાં,પોલકે ૫૪,કેન્સે ૫૦ બેનોડે ૬૦ અને સ્ટુઅર્ટ બોન્ડે ૬૭ મેચમાં આ સિધ્ધિ હાંસલ કરી છે.

ચેતેશ્વર પુજારાના ટેસ્ટમાં ૪૦૦૦ રન પુરા થયા છે

ટીમ સ્પીરીટ

પુજારા આવ્યો ત્યારે ૪૦૦૦ રન પુરા કરવા ૩૪ રનની જરૂર હતી જે પુજારાએ ૯૮ બોલ રમીને બનાવી લીધા હતા. પુજારાએ ૪૦૦૦ રન ૮૪ ઈનિંગ્સમાં બનાવ્યા છે. આની સાથે જ તે રાહુલ દ્રવિડના રેકોર્ડની બરોબરી સુધી પહોંચી ગયો છે. દ વોલ તરીકે જાણિતા રાહુલ દ્રવિડે આટલી જ ઈનિંગ્સમાં ૪૦૦૦ રન પુરા કર્યા હતા. ભારત તરફથી સૌથી ઝડપથી ૪૦૦૦ રન પુરા કરનાર ખેલાડીઓમાં વિરેન્દ્ર સહેવાગ પ્રથમ સ્થાને અને સુનિલ ગાવસ્કર બીજા સ્થાને છે. સહેવાગે ૭૯ અને સુનીલ ગાવસ્કરે ૮૧ ઈનિંગ્સમાં ૪૦૦૦ રન પુરા કર્યા હતા. આ બંને ખેલાડીઓ ઓપનિંગમાં બેટિંગ કરતા હતા જ્યારે પુજારા અને દ્રવિડ ત્રીજા નંબરના બેટ્સમેન છે. ક્રિકેટના જાણકાર લોકો રાહુલ દ્રવિડની જેમ જ પુજારાને ગણે છે. ત્રીજા નંબર પર બેટિંગ કરીને પુજારા ભારતીય ટીમની નવી દિવાલ તરીકે ગણાઈ રહ્યો છે. પુજારા રાહુલ દ્રવિડની શૈલીમાં જ મેદાન પર ટકી રહીને લાંબી ઈનિંગ્સ રમવામાં નિષ્ણાત ખેલાડી તરીકે રહ્યો છે. પુજારાએ ટેસ્ટ ક્રિકેટમાં ૫૦ ટેસ્ટ પુરી કરી લીધી છે તેની સરેરાશ ૫૦ની ઉપર રહી છે. ૧૨ સદી ફટકારી છે અને ૧૫ અડધી સદી ફટકારી છે. તેનો સર્વોચ્ચ ઝુમલો ૨૦૬ રન અણનમનો રહ્યો છ

ઝડપી ૪૦૦૦ રન.....

કોલંબો મેદાન ઉપર બીજી ટેસ્ટના પ્રથમ દિવસે આજે પુજારાએ ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦૦ રન પુરા કર્યા હતા. આની સાથે જ પુજારા ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપથી ૪૦૦૦ રન પુર્ણ કરનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં જોડાઈ ગયો હતો. પુજારાની સાથે સાથે સૌથી ઝડપથી ૪૦૦૦ રન પુરા કરનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં વિરેન્દ્ર સહેવાગ પ્રથમ સ્થાન પર રહ્યો છે. ઝડપી ૪૦૦૦ રન પુરા કરનાર ખેલાડીઓ નીચે મુજબ છે.

ખેલાડી	૪૦૦૦ રન (ઈનિંગ્સમાં)
સહેવાગ	૭૯
સુનિલ ગાવસ્કર	૮૧
રાહુલ દ્રવિડ	૮૪
ચેતેશ્વર પુજારા	૮૪

ચેતેશ્વર પુજારાએ સૌથી ઝડપી ૪૦૦૦ રન પુરા કરનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં પણ સ્થાન મેળવી લીધું ૫૦મી ટેસ્ટ મેચ રમતા સિદ્ધિ હાંસલ કરી

સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

સવાલ :

૧. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ ટીમનો કેપ્ટન કોણ હતા ?

૨. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસની પ્રથમ મેચ કઈ ટીમ સામે હતી ? કઈ ટીમ વિજેતા બની હતી ?

૩. અત્યાર સુધીમાં એક માત્ર કયો ઓલિમ્પિકમાં ક્રિકેટરની રમત સામેલ કરવામાં આવી હતી ?

૪. હાલમાં જ પુર્ણ થયેલ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં કયા સ્વીમરે એક જ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સાત ગોલ્ડમેડલ જીતીને માઈકલ ફલેપ્સના રેકોર્ડની બરાબરી કરી હતી ?

૫. હાલમાં જ પુર્ણ થયેલ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં મેડલ ટેબલમાં કયા દેશે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું ?

૬. અત્યાર સુધીમાં ટેસ્ટમેચોમાં સૌથી ઓછી ઈનીંગમાં ૪૦૦૦ રન કરનાર ભારતીય ખેલાડી કોણ ?

૭. ભારતમાં 'રાષ્ટ્રીય ખેલ દિવસ' કયા ખેલાડીના માનમાં ઉજવાય છે ?

૮. હાલમાં વિશ્વ ટેસ્ટ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ૨૦૦૦ રન તેમજ ૨૫૦ વિકેટની સિદ્ધિ ધરાવનાર ખેલાડી કોણ છે ?

૯.૨૦૨૨ માં એશિયન ગેમ્સ કયાં રમાશે ?

૧૦. ૨૦૨૬ માં એશિયન ગેમ્સ કયાં યોજાશે ?

૧૧.હાલમાં જ ભારતીય બોકસર વિજેન્દરકુમારે કયા બોકસરને હરાવીને સતત નવમા મુકાબલામાં અજેય રહ્યો હતો ?

૧૨. હાલમાં જ કયા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એલ્લેટીકસ ચેમ્પીયનશીપમાં ૧૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીત્યો હતો ?

જવાબ :

૧. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ ટીમનો કેપ્ટન સુકેશ હેગડે હતા .

૨. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસની પ્રથમ મેચ દીલ્હી દબંગ ટીમ ટીમ સામે હતી અને જેમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસની ટીમ ૨૬-૨૦ થી વિજેતા બની હતી.

૩. અત્યાર સુધીમાં એક માત્ર ૧૯૯૦, પેરીસ (ફ્રાન્સ) માં આયોજીત ઓલિમ્પિકમાં ક્રિકેટરની રમત સામેલ કરવામાં આવી હતી.

૪. હાલમાં જ પુર્ણ થયેલ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં અમેરીકાના કેલબ ડ્રેસલેએ નામના સ્વીમરે એક જ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સાત ગોલ્ડમેડલ જીતીને માઈકલ ફલેપ્સના રેકોર્ડની બરાબરી કરી હતી.

૫. હાલમાં જ પુર્ણ થયેલ વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં મેડલ ટેબલમાં અમેરીકા દેશે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

૬. અત્યાર સુધીમાં ટેસ્ટમેચોમાં સૌથી ઓછી ઈનીંગમાં ૪૦૦૦ રન કરનાર ભારતીય ખેલાડી વિરેન્દ્ર સહેવાગ ફકત ૭૯ ઈનીંગમાં ખેલાડી હતો.

૭. ભારતમાં 'રાષ્ટ્રીય ખેલ દિવસ' ધ્યાનચંદ ખેલાડીના માનમાં ઉજવાય છે.

૮. હાલમાં વિશ્વ ટેસ્ટ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ૨૦૦૦ રન તેમજ ૨૫૦ વિકેટની સિદ્ધિ ધરાવનાર ખેલાડી ભારતના આર.અશ્વિન છે.

૯.૨૦૨૨ માં એશિયન ગેમ્સ હાંગઝોઉ (ચીન)માં રમાશે.

૧૦. ૨૦૨૬ માં એશિયન ગેમ્સ નગોયા (જાપાન)માં યોજાશે.

૧૧.હાલમાં જ ભારતીય બોકસર વિજેન્દરકુમારે ચીનના ઝુલ્પીકાર માઈમાઈટીલી બોકસરને હરાવીને સતત નવમા મુકાબલામાં અજેય રહ્યો હતો.

૧૨. હાલમાં જ બ્રિટનના લેજન્ડરી ઈડવીર મો ફરાદે નામના ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એલ્લેટીકસ ચેમ્પીયનશીપમાં ૧૦,૦૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો.

૧૩. હાલમાં જ અમેરીકાના ગેટલી નામના ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એલ્લેટીકસ ચેમ્પીયનશીપમાં ૧૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

પોતાની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં પાંચ વિકેટો મેળવનાર બોલરો

ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

ડાબોડી તેજ ગોલંદાજ મુસ્તફીઝુર રહેમાને બાંગ્લાદેશ તરફથી પોતાની કેરીયરની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં પાંચ વિકેટો મેળવીને એક અનોખી સિદ્ધિ મેળવી છે. મુસ્તફીઝુર રહેમાને પોતાના કેરીયરની બીજી વન-ડે મેચમાં પણ પાંચ વિકેટો ઝડપીને અનોખો વિક્રમ નોંધાવ્યો છે. પોતાની પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી સારી બોલીંગ કરવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના વિરૂદ્ધ હરારે ખાતે ૨૯ નવેમ્બર ૨૦૦૩ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૭ ઓવરમાં ૨૨ રન આપીને ૬ વિકેટો મેળવી હતી. ફિડેડ એડવર્ડની આ સૌ પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચ હતી અને તેણે પ્રથમ વન-ડેમાં ૬ વિકેટો ઝડપનાર એક માત્ર બોલર બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મુસ્તફીઝુર રહેમાન પહેલા બાંગ્લાદેશ તરફથી પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં પાંચ વિકેટો મેળવનાર બોલર તસ્કીન અહેમદ હતો. જેણે ભારત વિરૂદ્ધ મીરપુર, ઢાકા ખાતે ૧૭ જુન ૨૦૧૪ ના રોજ રમાયેલ વન-ડે માં ૨૮ રન આપીને ૫ વિકેટો લીધી હતી. જે ભારત વિરૂદ્ધ બાંગ્લાદેશ તરફથી વન-ડે મેચમાં સર્વશ્રેષ્ઠ દેખાવ છે.

મુસ્તફીઝુર રહેમાન પહેલાં એક દિવસીય મેચમાં ૫ કે તેથી વધુ વિકેટો ઝડપનાર બીજો સૌથી ઓછી ઉંમરનો ખેલાડી બન્યો છે. જે દિવસે એણે આ સિદ્ધિ મેળવી ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષ ૨૮ દિવસની હતી. જ્યારે તસ્કીન અહેમદે ૧૯ વર્ષ ૧૫ દિવસ આ સિદ્ધિ મેળવી હતી. કેનેડાના ઓસ્ટીન હોડરીગટને પોતાની પ્રથમ વન-ડે માં પાંચ વિકેટો ઝડપી ત્યારે તેઓ સૌથીવધુ ઉંમરે પાંચ વિકેટ ઝડપનાર બોલર બન્યા હતા. બાંગ્લાદેશ વિરૂદ્ધ ડરબન ખાતે ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ આ સિદ્ધિ મેળવી ત્યારે તેમની ઉંમર ૨૭ વર્ષ ૧૭૩ દિવસની હતી. ઓસ્ટીનેઆ મેચમાં ૨૭ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી.

શ્રીલંકાના શાહિલ કરનેન એક દિવસીય આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રથમ મેચમાં પાંચ વિકેટ મેળવનાર સૌ પ્રથમ બોલર હતા. ૩૧ માર્ચ ૧૯૮૪ ના રોજ મોરાટુબ ખાતે રમાયેલ ન્યુઝીલેન્ડ સામેની મેચમાં ૮ ઓવરમાં ૨૬ રન આપીને ૫ વિકેટો ઝડપી હતી.

ભારત વિરૂદ્ધ પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ અત્યાર સુધી ત્રણ બોલરોએ પોતાની પ્રથમ મેચમાં પાંચ વિકેટો ઝડપવાની સિદ્ધિ મેળવી છે. આવી સિદ્ધિ મેળવનાર પ્રથમ બોલર દક્ષિણ આફ્રિકાનો એલન ડોનાલ્ડ હતો. જેણે કોલકત્તા ખાતે ૧૦ નવેમ્બર ૧૯૯૧ ના રોજ ૮.૪ ઓવરોમાં ૨૯ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી. આ દક્ષિણ આફ્રીકાની પણ સૌ પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ હતી. જેમાં દક્ષિણ આફ્રીકા ત્રણ વિકેટે હારી ગયેલ.

ભારત વિરૂદ્ધ પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં જ્યારે કોઈ બોલરે પાંચ વિકેટો લીધી હતી એમાં બે વાર એ ટીમને હારનો સામનો કરવો પડેલો અને માત્ર એક જ વાર જીત થયેલ. આ જીત મુસ્તફીઝુર રહેમાનની બોલીંગના કારણે બાંગ્લાદેશે વિજય પ્રાપ્ત કર્યો હતો.

ઓસ્ટ્રેલિયાના ટોની ડોમકેડ શ્રીલંકા વિરૂદ્ધ રજી જાન્યુઆરી ૧૯૮૮ ના રોજ ૭.૨ ઓવરોમાં ૨૧ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી. તેઓ પ્રથમ ઓસ્ટ્રેલિયાના એક માત્ર બોલર છે કે જેમણેપોતાની કેરીયરની પ્રથમ વન-ડે મેચમાં પાંચ વિકેટો ઝડપી હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાનો ૮૧ રને વિજય થયો હતો. પોતાની પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં પાંચ વિકેટ ઝડપનાર બાંગ્લાદેશનો મુસ્તફીઝુર રહેમાને પોતાની કેરીયરની બીજી વન-ડે માં પણ ૬ વિકેટો ઝડપીને એક અનોખો રેકોર્ડ બનાવ્યો હતો. તેઓ પોતાની પ્રથમ બે વન-ડે મેચોમાં પાંચ કે તેથી વધુ વિકેટો મેળવનાર બીજો વિશ્વનો બોલર બન્યો હતો.

આ પહેલાં આવી સિદ્ધિ મેળવનાર ઝીમ્બાબ્વેનો એક માત્ર બોલર બ્રાયન વિટ્ટોરી હતો. જેણે બાંગ્લાદેશ વિરૂદ્ધ હરારે ખાતે ૧૨ મી ઓગષ્ટ ૨૦૧૧ ના રોજ પોતાની કેરીયરની પ્રથમ વન-ડે મેચમાં ૩૦ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી ત્યારબાદ બે દિવસ પછી રમાયેલ બીજી વન-ડે મેચમાં ૨૦ રન આપીને પાંચ ખેલાડીઓને આઉટ કર્યા હતા.

બાંગ્લાદેશ તરફથી અત્યાર સુધી ૧૩ બોલરોએ એક દિવસીય વન-ડે મેચોમાં પાંચ કે તેથી વધુ વિકેટો ઝડપી છે. અબ્દુલ રજાકે આવી સિદ્ધિ ચાર વાર મેળવી છે. બાંગ્લાદેશ તરફથી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી સારી બોલીંગનો રેકોર્ડ સંયુક્ત રૂપથી મુર્તુજા મશરફ અને રૂબેલ હુસૈનના નામે છે. મુર્તુજાએ કેન્યા વિરૂદ્ધ નેરોબી ખાતે ૧૫ મી ઓગષ્ટ ૨૦૦૬ ના રોજ ૨૬ રન આપીને ૬ વિકેટો ઝડપી હતી. ત્યારબાદ રૂબેલે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ઢાકા ખાતે ૨૯ ઓકટોબર ૨૦૧૩ ના રોજ ૨૬ રન આપીને ૬ વિકેટો ઝડપી હતી.વન-ડે ના ઈતિહાસમાં પોતાની પ્રથમ વન-ડે ઈન્ટર નેશનલ મેચમાં શ્રીલંકાના ચરીતા બુદ્ધિકા ફર્નાડોએ ઝીમ્બાબ્વે વિરૂદ્ધ શારજહા ખાતે ૨૬-૧૦-૨૦૦૧ ના રોજ ૬૭ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી. જે રનના હિસાબે સૌથી વધુ રન પાંચ વિકેટો મેળવવાને માટે આપ્યાની ઘટના છે.

જ્યારે પોતાની પ્રથમ વન-ડે મેચમાં સૌથી ઓછા રન આપીને પાંચ વિકેટો મેળવનાર ઓસ્ટ્રેલિયાના ટોની ડોડમેડ છે. જેણે પર્થ ખાતે ૨-૧-૧૯૮૮ ના રોજ શ્રીલંકા વિરૂદ્ધ માત્ર ૨૧ રન આપીને પાંચ વિકેટો ઝડપી હતી.

કમલેશ કંસારા

ભારતમાં સપ્ટેમ્બરથી ડિસેમ્બર વચ્ચે ૨૩ ક્રિકેટ મેચ રમાશે

ટર્નીંગ પોઈન્ટ

ભારતને આ વર્ષ પોતાના ઘરમાં નવેમ્બર ડિસેમ્બરમાં શ્રીલંકાની વિરૂદ્ધ ત્રણ ટેસ્ટ મેચ રમાનાર છે પરંતુ તેને કોઈ પણ જાણીતુ કેન્દ્ર આ મેચોની મેજબાની કરવા ઈચ્છુક નથી આ ઉપરાંત બે નવા કેન્દ્રો તિરૂવનંતપુરમ કેરલ અને બરસાપાડા આસામને શ્રીલંકાની વિરૂધ્ધ ટેસ્ટ મચોની મેજબાની મળી શકે છે.

ભારત સપ્ટેમ્બરથી ડિસેમ્બરની વચ્ચે રેકોર્ડ ૨૩ આંતરરાષ્ટ્રીય મેચોની મેજબાની કરશે.ભારતમાં ચાર મહીનાની મુદ્દત દરમિયાન શ્રીલંકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની ટીમો રમવા જશે.આ મેચોની મેજબાનીનો નિર્ણય કોલકત્તામાં યોજનાર બીસીસીઆઈની ટુર્સ એન્ડ ફિકચર્સ કમિટિની બેઠકમાં લેવામાં આવશે.

ભારતે ગત સત્રમાં રેકોર્ડ ૧૩ ટેસ્ટ મેચોની મેજબાની કરી હતી તે સમયે ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયાએ ભારતમાં ટેસ્ટ મેચ રમી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના પ્રતિબંધોને કારણે મેજબાન રાજય એસોસિએશનોના પૈસાના સંકટનો સામનો કરવો પડયો હતો. આ ઉપરાંત એકાઢ કેન્દ્રને છોડી મોટાભાગના સ્થળો પર ટેસ્ટ મેચ દરમિયાન સ્ટેડિયમ ખાલી પડયા હતાં જેને કારણે હજુ તમામ મુખ્ય કેન્દ્ર ટેસ્ટની જગ્યાએ વનડે અથવા ટી ટવેન્ટી મેચોના આયોજનના ઈચ્છુક છે.

આમ પણ આ સમયે શ્રીલંકાઈ ટીમ નબળી છે અને તેની પાસે એવા કોઈ વરિષ્ઠ ખેલાડી નતી જેને જોતા દર્શક સ્ટેડિયમમાં આવે. તેને કારણે આ વખતે કોઈ પણ મુખ્ય કેન્દ્ર આ સીરીજની ટેસ્ટ મેચનું આયોજન કરવા ઈચ્છુક નથી.ગત સત્રમાં દિલ્હી અને નાગપુર ટેસ્ટ મેચોની મેજબાનીથી વંચિત રહ્યાં હતાં આ બંન્ને શ્રીલંકાની વિરૂધ્ધ ટેસ્ટની મેજબાની માટે તૈયાર થયુ તો નવા કેન્દ્રોમાંતી તિરૂવનંતપુરમને તક મળશે અને જો તેમાં કોઈ એક નાગપુર જ તૈયાર થતું તો વરસાપાડાને પણ ટેસ્ટ મેજબાનીની તક મળી શકે છે.

ભારત સપ્ટેમ્બરથી ડિસેમ્બરની વચ્ચે રેકોર્ડ ૨૩ આંતરરાષ્ટ્રીય મેચોની મેજબાની કરશે ઓસ્ટ્રેલિયા ટીમ ૧૭ સપ્ટેમ્બરથી ૧૧ ઓકટોબર વચ્ચે પાંચ વનડે અને ત્રણ ટી ટવેન્ટી મેચ રમશે. ન્યુઝીલેન્ડ ટીમ ૨૨ ઓકટોબરથી ૭ નવેમ્બરની વચ્ચે ૩ વનડે અને ૩ ટી ટવેન્ટી મેચ રમશે ત્યારબાદ શ્રીલંકાની ટીમ ૧૫ નવેમ્બર ૨૪ ડિસેમ્બરની વચ્ચે ત્રણ ટેસ્ટ ત્રણ વનડે અને ત્રણ ટી ટવેન્ટી મેચ રમશે

રવીન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ૧૫૦ વિકેટ પુરી કરી

ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને એક સમયે શોર્ટર ફોર્મેન્ટના બોલર જ માનવામાં આવતા હતાં. એવું કહેવામાં આવતુ હતું કે તેમની બોલીંગ વનડે અને ટી ૨૦ ક્રિકેટના હિસાબથી જ યોગ્ય છે અને ટેસ્ટ ક્રિકેટમાં તેને વધારે સફળતા મળી શકશે નહીં. પરંતુ ગુજરાતના આ ખેલાડીએ પોતાની સપ્ત મહેનતથી આધારણને ખોટી સાબિત કરી છે અને શ્રીલંકાની વિરૂધ્ધ અહીં ચાલી રહેલ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રવીન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ૧૫૦ વિકેટ પુરી કરી ટીકાકારોને જોરદાર જવાબ આપી દીધો છે. જાડેજાએ શ્રીલંકાના ધનંજય ડિસિલ્વાને બોલ્ડ કરી આજે લંચ પહેલા આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી. જાડેજાની ટેસ્ટ કેરિયરની આ ૩૨મી ટેસ્ટ મેચ છે. બેટથી પણ ટીમમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર જાડેજાએ એક હજારતી વધુ ટેસ્ટ રન બનાવ્યા છે.

એ યાદ રહે કે બોલ અન બેટ બંન્નેતી ટીમ માટે યોગદાન આપવાની ક્ષમતાથી જાડેજા સુકાની વિરાટ કોહલીનો પસંદગીનો ખેલાડી બની ગયો છે. જાડેજા હાલના સમયે દુનિયાનો નંબર એક ટેસ્ટ બોલર છે. આ સીજમાં તેણે પોતાની આ ક્ષમતાનું શાનદાર પ્રદર્શન કર્યું છે તેણે એક સીજનમાં ૫૦૦ રન બનાવવાની સાથે ૫૦ વિકેટ લેવાની સિધ્ધિ હાંસલ કરી છે. આવું કરનાર તે દુનિયાનો ત્રીજો ખેલાડી છે

આ પહેલા ભારતીય ઓલરાઉન્ડર કપિલ દેવ અને ઓસ્ટ્રેલિયાઇ બોલર મિચેલ જોનસન પણ આમ કરી ચુકયા છે. કપિલ દેવે સૌથી પહેલા ૧૯૭૯-૮૦માં આ સિધ્ધિ હાંસલ કરી હતી જયારે મિચેલ જોનસને ૨૦૦૮-૦૯માં આ કમાલ કરી હતી.

કેન્ડી ટેસ્ટમાં શિખર ધવને અનેક રેકોર્ડ સર્જી કાઢયા

છ સદી પૈકી પાંચ સદી ધવનની વિદેશમાં બની

શિખર ધવને શ્રીલંકાની સામે પલ્લાકલે ટેસ્ટમાં આજે ટેસ્ટ કેરિયરની છઠ્ઠી સદી ફટકારી હતી. આની સાથે જ ટીમ ઈન્ડિયાના ગબ્બરના નામે વધુ એક સદી ઉમેરાઈ ગઈ હતી. સાથે સાથે એક રેકોર્ડ પણ જોડાઈ ગયો હતો. શિખર ધવને ભારતીય ટીમના એવા પ્રથમ બેટ્સમેન બનવામાં સફળતા મેળવી છે જે બેટ્સમેને પોતાના ટેસ્ટ કેરિયરની છ સદી પૈકી પાંચ સદી વિદેશી મેદાન પર ફટકારી છે. આની સાથે જ શ્રીલંકામાં ત્રણ સદી ફટકારીને શિખર ધવન પુજારા અને વિરેન્દ્ર સહેવાગના રેકોર્ડની નજીક પહોંચી ગયો છે. ધવને ૧૦૭ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી તોફાની સદી પુરી કરી હ તી. શ્રીલંકામાં તેની આ ત્રીજી સદી હતી. ગાલેમાં ૧૯૦ રનની ઈનિંગ્સ રમી હતી. શ્રીલંકન જમીન ઉપર સૌથી વધુ સદી સચિનના નામે છે જે પાંચ સદી કરી ચુક્યો છે.

અત્રે નોંધનીય છે કે, ગોલના મેદાન ખાતે રમાયેલી ટેસ્ટમાં પણ શિખર ધવન છવાયેલો રહ્યો હતો અને મેન ઓફ દ મેચ બન્યો હતો. ભારત તરફથી શિખર ધવને ઓપનિંગમાં શાનદાર બેટિંગ કરી હતી. પ્રથમ ઈનિંગ્સમાં તે ભવ્ય સદી ફટકારી ગયોહતો. શિખર ધવને ૧૬૮ બોલમાં ૩૧ ચોગ્ગાની મદદથી ૧૯૦ રન કર્યા હતા. શિખર ધવને પ્રથમ ટેસ્ટ મેચમાં સદી ફટકાર્યા બાદ શાનદાર ફોર્મ જાળવી રાખીને ત્રીજી ટેસ્ટ મેચમાં પણ આજે સદી ફટકારી હતી. બીજી ટેસ્ટ મેચમાં પણ શિખર ધવને ઉપયોગી બેટિંગ કરી હતી. શિખર ધવન વર્તમાન શ્રેણીમાં એક પચી એક શાનદાર બેટિંગ કરી રહ્યો છે અને નવા નવા રેકોર્ડ સર્જી રહ્યો છે.

શ્રીલંકામાં ત્રણ સદી ફટકારનાર પુજારા તેમજ વિરેન્દ્ર સહેવાગના રેકોર્ડની તોફાની શિખર ધવને બરોબરી કરી

પાલનપુર કોલેજમાં...
પાના નં.૩ ચાલુ

આપણા જિલ્લામાં બનાસ ડેરી જે છેવાડાના ગામડાનો નાનામાં નાનો માણસ દૂધના વ્યવસાય થકી લાખો કુટુંબો રોજગારી મેળવે છે. આપણા જિલ્લામાં સહકારી પ્રવૃતિ અવલ નંબર ગણાય છે. તેમણે જિલ્લા સહકારી સંઘની કામગીરી તથા સહકારી શિક્ષણ યોજના અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા સંઘના ડિરેક્ટર ઈશ્વરભાઈ એ. પટેલ (રતનગઢ) જણાવેલ કે, સરકાર જે ન કરી શકે તે સહકાર કરી શકે. તેમણે ડેરીઓની પ્રગતિ કારણોમાં મુળ લોકોની સહકારની ભાવના તેના પ્રત્યેનો વિશ્વાસ દર્શાવેલ છે. આપણા દેશમાં ઈફકો/ કૃભકોની સેવાઓ દેશના લાખો ખેડુતો લઈ રહેલ છે. કારણ કે તેના ઉત્પાદિત ખાતરો વિશ્વાસપાત્ર છે.

આ પ્રસંગે કરશનભાઈ ચૌધરીએ જણાવેલ કે, આપણા ગામમાં બચત મંડળીઓ, ક્રેડીટ મંડળીઓ બનાવી આપણે પગભર થઈ શકે છે. સહકારી પ્રવૃત્તિ એવું ફેક્ટર છે. જે પારદર્શક છે. જેના વહીવટકર્તાઓ પ્રામાણિક હોય છે. ત્યારે આ સહકારી પ્રવૃત્તિની નવી નેતાગીરી મળી છે. તે માટે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રિન્સીપાલ રમેશભાઈ પટેલ સહકારી પ્રવૃતિની માહિતી આપી હતી. તેમજ સંઘનો આભાર માન્યો હતો. તેમજ કોલેજના તાલીમાર્થીઓ પોતાના અભિપ્રાય આપી આવા વર્ગ યોજવા રજુઆત કરી હતી. સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ વર્ગનું સંચાલન તેમજ આભારવિધિ સંઘના મહિલા સી.ઈ.આઈ. ફાલ્ગુનીબેન પટેલે કરી હતી.

ડીસા સહિત...
પાના નં.૩ ચાલુ

પણ અત્યારે ગણેશચતુર્થી પર્વને ગણતરીના દિવસો બાકી રહેતા વિવિધ મંડળો , સંગઠનો અને આમ પ્રજાજનો દ્વારા ગણેશજીની અવનવા સ્વરૂપોની મૂર્તિઓની ખરીદી માટેના બાના આપી રહ્યા છે.ડીસા સહિત જિલ્લાભરમાં વિવિધ મંડળો-સંગઠનો, ધાર્મિક સંસ્થાઓ દ્વારા ગણેશજીનું સ્થાપન કરી પૂજા-અર્ચના કરવામાં આવશે.ત્યારે જિલ્લાના હાઈવે પર બહારના કારીગરો દ્વારા તૈયાર થઈ રહેલી મૂર્તિઓની ખરીદી કરવા જોવા માટે આવી રહ્યા છે.રૂપિયા ૧૫૧ થી માંડી મોટી ૨૫ હજાર સુધીની મૂર્તિઓ તૈયાર થઈ રહી છે.પ્લાસ્ટર ઓફ પેરીસથી બનાવવામાં આવી રહેલી મૂર્તિઓનું રંગારોગાન કરતા શુશોભીત થઈ ઉઠે છે.

ગ્રામ્યપ્રદેશોમાં પણ ગણેશ મહોત્વનો મહિમા વધી રહ્યો છે.ત્યારે ગામડાઓમાં પણ ઠેર ઠરે ગણેશજીની મૂર્તિઓની સ્થાપના થનાર છે.તેને લઈ ગામડાઓમાં મંડળો દ્વારા સફાઈ કામ હાથ ધરાવવામાં આવી રહ્યું છે સાથે સાથે વરસાદની મૌસમ હોવાથી વોટરપ્રુફ ટેન્ટ બાંધવા વગેરેની તડામાર તૈયારી થઈ રહી છે.ત્યારે બે દિવસ બાદ ગણેશચતુર્થીના દિવસે ઠેર ઠેર ગણપતિ બાપા મોરીયાનો નાદ ગુંજી ઉઠશે.

પશુ આહારની...
પાના નં.૮ ચાલુ

આવનાર હોવાની ખાનગી બાતમી મળી હતી.આથી તેમણે દશરથભાઈ હીરાભાઈ,જેસંગભાઈ દેવજીભાઈ,રવજીભાઈ રૂપસીભાઈ ને સાથે રાખી દુધવા પાસે નાકાબંધી કરી વૉચ ગોઠવી હતી.દરમ્યાન GJ08AU 0245 નંબરનું પીકઅપ ડાલું આવતાં તેને અટકાવવાની કોશીશ કરતાં તેના ચાલકે થરાદ તરફ ભગાવ્યું હતું.આથી પોલીસે તેનો પીછો કરી ઝાણદી ગામની સીમમાંથી ઝડપી લઈ તપાસ કરતાં પશુઆહાર (પાપડી)ની બોરીઓ નીચેથી ૫૦ પેટીમાં રહેલો ૨૨૩૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે થરાદના નાનામેસરા ગામના જીપચાલક ચેલાભાઈ રૂપાજી રબારીની અટકાયત કરી તેને જેલના સળીયા પાછળ ધકેલી દઈ આ જથ્થો કોનો હતો અને કોને ત્યાં લઈ જવાતો હતો તે દિશામાં તપાસ હાથ ધરી હતી.તેમજ રૂપીયા ૨૮૦૮૦૦નો દારૂ તથા ૨૦૦૦૦૦નું ડાલુ મળીને કુલ ૪૮૧૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અમીરગઢ ચેકપોસ્ટ...
પાના નં.૮ ચાલુ

ગાડી નં.HR 61A 5097 ચેક કરતા તેમાં ઉપરના ભાગે તાડ પત્રીના નીચે થી વિદેશી દારૂ અધધ માત્રામાં ભરેલ જણાય આવતા જે દારૂ કુલ બોટલ નંગ.૪૧,૬૪૦/- કિરૂ.૫૫,૬૮,૦૦૦/- નો તથા મોબાઈલ બે કિરૂ.૧૦૦૦/- તથા ટ્રક ગાડી કિરૂ.૧૨,૦૦, ૦૦૦/- તથા તાડ પત્રી,રસ્સી કિરું.૫૦૦/- મળી કુલ રૂ.૬૭,૭૧,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ટ્રકગાડીના ડ્રાયવર રવીકુમાર બિહારીલાલ સોની રહે.ટીબી તા.ટીબી જી. હનુમાનગઢ રાજસ્થાનવાળાઓ સામે અમીરગઢ પોસ્ટેમાં પ્રોહીબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

પૂરના કારણે..
પાના નં.૮ ચાલુ

વર્ષ ૨૦૧૫ માં પુરનો ભોગ બન્યા હતા અને તેમના મકાનો પુરમાં ધોવાઈ ગયા હતા. ત્યારબાદથી તેઓ જસરામાં ગૌચરની જમીનમાં તંબુ તાણી રહે છે. તેમ છતાં ગતિશીલ અને સંવેદનશીલ રાજય સરકારના શાસનમાં આ પરિવારોના મકાન બે વર્ષથી બન્યા નથી તેમજ આ વર્ષે પણ પુરે ખુવારી સર્જી છે. ગ્રામજનો સાથે સરપંચ મહેશભાઈ દવેએ પુરગ્રસ્ત પરિવારોનું પુનર્વસન થાય તે માટે અનેક રજુઆતો બાદ મુખ્યમંત્રીને લોહીથી પત્ર લખ્યો હતો પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં ખુલ્લી જમીનમાં રહેતા મજબુર ગરીબ પરિવારો જીવજંતુનો ભોગ બને છે. જતુબેનનું મોત પણ સરકારની બેદરકારીના કારણે થયું હોવાનો તેમના પુત્રોએ આક્ષેપ કર્યો છે. મૃતકની લાશનું ડીસા સિવિલમાં પીએમ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫ માં આવેલા ભયાનક પુર વખતે સરપંચ મહેશભાઈ દવેએ સમયસૂચકતા દાખવી આ પરિવારોને સલામત સ્થળે ખસેડયા હતા. એ પછી તેમના કાયમી પુનર્વસન માટે અથાગ પ્રયાસો કર્યા હતા પરંતુ રાજકીય ઈશારે તંત્ર અખાડા કરતા આ પરિવારો બે વર્ષથી તંબુમાં રહી ફરી પુરનો ભોગ બન્યા છે. ત્યારે સંવેદનશીલ સરકાર માનવીય અભિગમ દાખવીને પણ તેમને થાળે પાડે તેવો જનમત પ્રવર્તે છે.

ઘોડાસર શાળાના...
પાના નં.૮ ચાલુ

પુરી થયા બાદ બે શિક્ષકો આવ્યા હતા. જેમને મોડા આવવાનુ કારણ પૂછતા ઉધ્ધત વર્તન કર્યુ હતું. આમ 'ચોર કોટવાલને દંડે' જેવો ઘાટ ઘડાતા આવા શિક્ષકો વિરૂધ્ધ કાર્યવાહી નહીં થાય તો શાળાને તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી બાળકોના ભાવિની જવાબદારી સરકારના શિરે રહેશે તેમ ઉમેર્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, થરાદ સહિત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા અનિયમિત શિક્ષકોના કારણે બાળકોનું ભણતર બગડે છે. જેથી આવા શિક્ષકો સામે શિક્ષણ તંત્ર લાલ આંખ કરે તે જરૂરી છે.

પાલનપુર ખાતે...
પાના નં.૮ ચાલુ

માટે આપણા પરફોર્મન્સ પર ધ્યાન આપીએ. વાલીઓ પોતાના બાળકોને માર્ગદર્શન પુરુ પાડી તેમને મદદરૂપ બની તેમની કારકિર્દી બનાવવામાં મદદરૂપ બને તેમ તેમણે જણાવ્યું હતું. કલેકટરશ્રીએ કહ્યું કે આપણો બનાસકાંઠા જિલ્લો શિક્ષણ સહિત તમામ ક્ષેત્રોમાં ટોપ પર આવે તે માટે સૌ સાથે મળી પ્રયાસો કરીએ. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મુકેશભાઇ ઘોયાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા જિલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ યોજવામાં

આવ્યો છે. તેમણે કહ્યું કે વિધાર્થીઓ અને કલાકારોમાં રહેલી કલાને ઉજાગર કરવા રાજય સરકાર ધ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એચ.એલ.રાવલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડૉ.દિપક દરજીએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. કલા મહાકુંભમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો અને અને વિવિધ સ્પર્ધાઓની કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ પ્રસંગે અગ્રણીશ્રી હિતેષભાઇ ચૌધરી, વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ચેરમેનશ્રી ગૌરાંગભાઇ પાધ્યા અને મહામંત્રીશ્રી ગોવિંદભાઇ ચૌધરી, વિધામંદિર કેમ્પસ ડાયરેકટરશ્રી હસમુખભાઇ મોદી સહિત અગ્રણીઓ, દિગદર્શકશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને સારી સંખ્યામાં કલાકારો અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા મથક...
પાના નં.૮ ચાલુ

બની જાય છે. એટલુ જ નહી, સરકારે છેલ્લા ઘણાં વર્ષોથી સ્વચ્છતા અભિયાન છેડ્યું છે.જેમાં ઘરે ઘરે શૌચાલયો બનાવવાના ઢોલ પિટવામાં આવે છે.પરંતુ સરકારનું તંત્ર તાલુકા મથકમાં જ શૌચાલય બનાવવાનું ભૂલી ગયું છે.તેથી લાખણીમાં ક્યાંય શૌચાલય જ નથી જેના કારણે લોકો ખુણે ખાંચકે કે ખુલ્લામાં લઘુ શંકા કરે છે.તેમાં પણ મહિલાઓ શરમજનક સ્થિતિમાં મુકાય છે.જ્યારે શૌચાલયના અભાવે ચોમેર ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે.જેની અસહ્ય દુર્ગંધથી અનેક વિસ્તારોમાંથી પસાર થતા મોઢે રૂમાલના ડૂચા મારવા પડે છે.આ ગંદકીના કારણે તાલુકા મથકમાં વિવિધ બિમારીઓનો ઉપદ્રવ પણ જોવા મળે છે. શૌચાલયના અભાવે તાલુકા મથકમાં સરકારના અતિ મહત્વાકાંક્ષી સ્વચ્છતા અભિયાનના જાહેરમાં ધજાગરા ઉડી રહ્યા છે. જેને ગંભરીતાથી લઈ જવાબદાર તંત્ર આળસ ખંખેરી તાલુકા મથકે ચાર કે પાંચ સુલભ શૌચાલય બનાવે તેવી લોક માંગણી પ્રવર્તે છે.

ડીસા સહિત...
પાના નં.૮ ચાલુ

અન્ય ઘાસ ચારાનું બહોળા પ્રમાણમાં વાવેતર કર્યુ છે. જેને પણ પાછોતરો થઈ રહેલ વરસાદ ખુબ ઉપયોગ બની રહ્યો છે. જિલ્લાભરમાં થઈ રહેલા સામાન્યથી મધ્યમ થઈ રહેલા વરસાદ ખરીફ પાક માટે ખુબ અનુકુળતા બક્ષી રહ્યો છે જેને જિલ્લાના ખેડૂતોને અતિવૃષ્ટિના સમયે પણ ખરીફ સિઝનમાં મબલખ ઉત્પાદનની આશા જાગી છે.

થરાદની ચામુંડાનગર...
પાના નં.૮ ચાલુ

પામી છે. નગરના ચામુંડાનગર ખત્રીવાસના રહીશોએ દસ દિવસથી પાણી નહી આવતું હોવાનો રોષ પ્રકટ કરી પૈસા આપીને ટેન્કર મંગાવવું પડતું હોવાનું જણાવ્યુ હતું.આ અંગે પાલિકાના ચીફઓફીસરે જણાવ્યું હતુંકે પાણી બંધ કરાતાં પહેલાં નર્મદાના દરવાજા બંધ કરવાના કારણે અત્યાર સુધી પાણીપુરવઠો મળી રહ્યો છે.જોકે પાલિકા દ્વારા પાણીની સંભવિત અછતને પહોંચી વળવા એકાંતરા દિવસે પાણી આપવા ઉપરાંત નહેરની બાજુમાં રહેલા ખેડુતના બોરનું પાણી લઈને પણ નગરમાં આપવાનું આયોજન કરેલ હોવાનું જણાવ્યું હતું. નર્મદા વિભાગ દ્વારા પણ ચાલુ કામગીરી વચ્ચે થોડુ પાણી છોડવામાં આવ્યું હોવાનં જણાવતાં કચ્છશાખા નહેર વિભાગના કાર્યપાલક ઈજનેર એમ.કે. રાજપુતે જણાવ્યું હતુંકે પાણીની સમસ્યા ન સર્જાય તે માટે કેનાલની કામગીરી હજુ ચાલુ હોવા છતાં પણ પાલિકાની મોટર ડુબે તેટલી માત્રામાં પીવા માટેનું પાણી નહેરમાં છોડવામાં આવ્યું છે.જોકે પુર્વવત મળતાં હજુ પાંચેક દિવસ અને સિંચાઈ માટે અઠવાડીયાનો સમય લાગી શકે તેમછે.

વનડે શ્રેણીનો કાર્યક્રમ

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે જીતી લીધા બાદ હવે વનડે શ્રેણીમાં પણ ધરખમ દેખાવ કરવા માટે ભારતીય ટીમ સંપૂર્ણપણે તૈયાર છે. વનડે શ્રેણીમાં કેટલાક સ્ટાર ખેલાડી રમનાર નથી. જેમાં ભારત તરફથી જાડેજા અને અસ્વીનનો સમાવેશ થાય છે. પ્રથમ વનડે મેચ આવતીકાલે દામ્બુલ્લા ખાતે રમાયા બાદ અંતિમ વનડે મેચ ત્રીજી સપ્ટેમ્બરના દિવસે રમાનાર છે. ત્યારબાદ એકમાત્ર ટ્વેન્ટી મેચ રમાશે. તમામ વનડે મેચો ડેનાઈટ હોવાના કારણે બપોરે ૨.૩૦ વાગે શરૂ થશે. બન્ને ટીમો પોત પોતાની વ્યુહરચના બનાવી ચુકી છે. વનડે શ્રેણી રોમાંચક બને તેવી શક્યતા છે. શ્રીલંકામાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ટેસ્ટ શ્રેણી બાદ વનડે શ્રેણીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

- ૨૪મી ઓગસ્ટ કેન્ડીમાં બીજી વનડે (બપોરે ૨.૩૦)
- ૨૭મી ઓગસ્ટ કેન્ડીમાં ત્રીજી વનડે (બપોરે ૨.૩૦)
- ૩૧મી ઓગસ્ટ કોલંબોમાં ચોથી વનડે (બપોરે ૨.૩૦)
- ત્રીજી સપ્ટેમ્બર કોલંબોમાં પાંચમી વનડે (બપોરે ૨.૩૦)
- ૬ઠ્ઠી સપ્ટેમ્બર એકમાત્ર ટ્વેન્ટી (બપોરે ૨.૩૦)

ધોની
અનુસંધાન પાના નં.૫ નું ચાલું

જોકે, આ શ્રેણીમાં તેનું પ્રદર્શન તેના આગામી ભવિષ્ય અંગે નિર્ણય કરશે. ટીમ મેનેજમેન્ટ સાથે જોડાયેલ સૂત્રોનુ કહેવુ છે કે, વર્લ્ડકપ માટેના ટીમ બેલેન્સમાં આ બન્ને ખેલાડી ફીટ બેસતા નથી, જેથી ટીમ મેનેજમેન્ટ તેમના વિકલ્પ શોધવાના પ્રયત્ન કરી રહ્યુ છે. જે અંતર્ગત કોહલીએ આગામી દિવસોમાં અન્ય ખેલાડીઓને તક આપવાના પણ સંકેત આપ્યા છે. ત્યારે જોવાનુ એ રહેશે કે ટીમ ઈન્ડિયા સમય રહેતા ધોની અને યુવરાજસિંહનો યોગ્ય વિકલ્પ શોધી શકે છે કે નહી..

ટીમ ઈન્ડિયાનો દ.આફ્રિકાનો પ્રવાસ નકકી, તારીખ નક્કી નહીં

બીસીસીઆઈના સીઈઓ રાહુલ જૌહરીએ પુષ્ટી કરી છે કે ભારત આગામી વર્ષની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકાના પૂર્ણકાલિક પ્રવાસે જશે. શ્રીલંકાને નવેમ્બર ડિસેમ્બરમાં ભારત પ્રવાસે આવવાનું છે. જો કે આઈસીસીના ભવિષ્ય પ્રવાસ કાર્યક્રમનો હિસ્સો છે. પરંતુ ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા પ્રવાસને લઈ કેટલીક આશંકાઓ બની છે.

જૌહરીએ કહ્યું કે ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકીના પ્રવાસ પર જશે. જો કે હજુ તારીખ નક્કી કરવામાં આવી નથી આ પ્રવાસ પૂર્ણકાલિક હશે ભારતીય ક્રિકેટરો માટે ૨૦૧૭-૧૮નું સત્ર ખુબ વ્યસ્ત હશે. આ દરમિયાન ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા ભારત પ્રવાસે આવનાર છે.

શ્રીલંકા ૨૦૧૭માં બીજીવાર ભારતથી ભિડશે.તે નવેમ્બર ડિસેમ્બરમાં ભારતી પ્રવાસમાં ત્રણ ટેસ્ટ પાંચ વનડે અને એક ટી ૨૦ મેચ રમશે. હાલમાં ભારતીય ટીમ શ્રીલંકાના પ્રવાસે છે.આ દરમિયાન જૌહરીએ મહિલા આઈપીએલની કોઈ રીતની સંભાવનાનો ઈન્કાર કર્યો પરંતુ કહ્યું કે તેને પ્રોત્સાહન આપવા માટે પગલા ઉઠાવવામાં આવશે

જાડેજાએ એક વધુ કમાલ કરી, દુનિયાનો નંબર વન ઓલરાઉન્ડર

ભારતના રવીન્દ્ર જાડેજાએ બાંગ્લાદેશના શાકિબ અલ હસનને પાછળ પાડી આઈસીસી ટેસ્ટ રેકીગ્સમાં નંબર વન ઓલરાઉન્ડર બની ગયો છે.

શ્રીલંકાની વિરૂધ્ધ બે ટેસ્ટ મેચમાં શાનદાર પ્રદર્શનને કારણે જાડેજા હવે ૪૩૮ અંકની સાથે દુનિયાનો નંબર વન ટેસ્ટ ઓલરાઉન્ડર બની ગયો છે. શાકિબ અલ હસન ૪૩૧ અંકોની સાથે બીજા સ્થાન પર આવી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે જે કોલંબો ટેસ્ટના કારણે જાડેજા ટોચ પર પહોંચ્યો છે તે મેચમાં ખરાબ આચરણને કારણે તેને એક ટેસ્ટમાંથી બરતરફ કરી દેવામાં આવ્યો હતો.

જાડેજાએ આ મેચમાં ૭૦ રન કર્યા હતાં આ ઉપરાંત સાત વિકેટ લીધી હતી અને ભારતની ઈનિગ્સ અને ૫૩ રનોની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા હતી. બોલરોની યાદીમાં રવિચંદ્રન અશ્વિન ૮૪૨ એક સ્થાન ખસી ત્રીજા ક્રમ પર પહોંચી ગયો છે. મોઈન અલી ૪૦૯ અંકોની સાથે ચોથા અને બેન સ્ટોકસ ૩૬૦ અંકોની સાથે પાંચમાં ક્રમ પર છે.બોલરોની યાદીમાં રવીચંદ્ર જાડેજા ૮૯૩ અંકોની સાથે ટોચ પર કાયમ છે. જયારે દ.આફ્રિકાની વિરૂધ્ધ શાનદાર પ્રદર્શનની મદદથી જિમી એડરસન બીજા ક્રમ પર પહોંચી ગયો. તેમણે રવિચંદ્રન અશ્વિનને ત્રીજા ક્રમ પર ધકેલી દીધો એડરસનના ૮૬૦ અંક છે જયારે અશ્વિનના ૮૪૨ અંક છે. આ પ્રકારે બેટસમેનોમાં સ્મિથ ૯૪૧ અંક સાથે પહેલા અને જો રૂટ ૮૯૧ અંક સાથે બીજા ક્રમે છે. શ્રીલંકાની વિરૂધ્ધ બે ટેસ્ટ મેચોમાં ધમાકેદાર પ્રદર્શનના કારણે ચેતેશ્વર પુજારા ૮૮૮ અંકની સાથે ત્રીજા ક્રમ પર પહોંચી ગયો છે.

રાજપુરના મંદિરો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના રાજપુર લોધાવાસમાં આવેલ હરિહર મહાદેવના મંદિરે શ્રાવણ માસ નિમિત્તે દશરથ શાસ્ત્રી દ્વારા દર વર્ષે ભોલેનાથની પૂજા અર્ચના કરવામાં આવે છે. ત્યારે ગતરોજ શ્રાવણ માસના અંતિમ દિવસે સોમવતી અમાવશે શિવનો હવન લોધા સમાજ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં હવનના મુખ્ય દાતા ગીરધારીલાલ બાબુલાલ અશીયા હતા. તેમજ લોધા સમાજના લોકો ઉપસ્થિત રહી હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. અંતમાં તમામ લોકોને મહાપ્રસાદ તેમજ બટુક ભોજન કરાવ્યું હતું. જયારે શ્રાવણના છેલ્લા દિવસે રાજપુરના તમામ મંદિરો શ્રાવણ માસના અંતિમ દિવસે હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

ડીસા શહેર ભાજપ અનુ.જાતિ મોર્ચાના હોદ્દેદારોની વરણી

ડીસા

જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રમુખ કેસાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રીઓ અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા તથા ઉમેદદાનજી ગઢવીના માર્ગદર્શનથી જિલ્લા અનુ.જાતિ પ્રમુખ ભરતભાઈ પરમારની સુચનાથી શહેર પ્રમુખ હિતેષભાઈ જાદવ અને મહામંત્રી મનુભાઈ મકવાણા ડીસા શહેર પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ અને મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી તથા અશોકભાઈ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરેલ છે. જેમાં પ્રમુખ હિતેશભાઈ જાદવ, મહામંત્રી મનુભાઈ મકવાણા, ઉપપ્રમુખ પ્રવિણભાઈ પુનડીયા, ઉપપ્રમુખ નટુભાઈ સોનાજી ચૌહાણ, મંત્રી નરેશભાઈ તુરી, મંત્રી હિમંતભાઈ સોલંકી, મંત્રી નરેશભાઈ વિરાભાઈ ચૌહાણ, મંત્રી પરમાર છગનભાઈ, કોષાધ્યક્ષ પરમાર પ્રવિણભાઈ રેવાભાઈની વરણી કરાઈ છે.

શ્રીમતી સાળવી પ્રા.શાળા પાલનપુરમાં સ્વાઈન ફલુ રોગના ઉકાળાનું વિતરણ

પાલનપુર શહેરમાં સ્વાઈનફલુનો કહેર વધતો જાય છે ત્યારે પાલનપુર સ્થિત સોળગામ લેઉવા પાટીદાર સ્નેહ મિલન સમિતિ અને સરદાર પટેલ ગ્રૃપ દ્વારા રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો ના થાય તે માટે શ્રીમતી સાળવી પ્રા.શાળા અને શ્રી કે.કે ગોઠી હાઈસ્કૂલના છાત્રોને ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ.શાળાના આચાર્ય ચંદ્રકાન્ત પટેલ સાહેબ છાત્રોને સ્વાઈનફલુના લક્ષણો અને અક્સીર ઈલાજ ઉકાળા વિશે માહિતી આપી હતી.દેવાભાઈ સાળવી, દિનેશભાઈ નવેરીયા, વિનોદભાઈ ગોઠી વગેરે ટીમે જહેમત ઉઠાવી હતી.

સંજય જોષી

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર (કીલોના)	દુન તીબાર ૫ કી. ૮૨૦૦	ઓરેન્જ ૫૬૦૦	વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૫૦૦	દુન તીબાર ૧ કી. ૮૨૦૦	દાવત અપ્સરા ૫૦૦૦	વડેચા ૫ કી. ૪૮૦૦
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૫૦૦	હાથી ૧૧૨૧ ૬૮૦૦	જીરાસર ચંદન ૨૮૦૦	વડેચા ૧ કી. ૫૦૦૦
સોનુ તોલો ૨૯૩૦૦-૨૯૭૦૦	બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦	ચણાદાળ ૪૪૪ ૮૮૦૦	વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
તેલ બજાર	નર્મદા મગ પોલીસ ૫૮૦૦	મગદાળ સમરદીપ ૭૨૦૦	સાંગલી ૧૦ કે. ૪૩૦૦
રાધે પામોલીન ૮૯૦-૯૨૦	મગદાળ નર્મદા સુપર ૫૮૦૦	મગમોગર રીયલ ૮૦૦૦	**ખોળ બજાર**
પામોલીન ૮૮૫-૯૨૦	નર્મદા મગ મોગર ૬૫૦૦	અડદદાળ અક્ષર ૮૩૦૦૦	દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
સોયા રીફાઈન ૧૨૧૦-૧૨૨૦	મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦	મગ ૫૭૦૦	મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦	નર્મદા અડદદાળ ૮૫૦૦	અંગુર તુવેરદાળ ૬૦૦૦	જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
સીંગતેલ૧૫ કી. ૧૫૦૦-૧૫૩૦	અડદદાળ નર્મદા પ્રી. ૮૦૦૦	અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦	ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
સીંગતેલ ૧૫ લી.૧૫૦૦-૧૫૨૦	દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦	ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦	મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦
સીગતેલ ૫ લી. ૫૦૦	દુન દહેરાદૂન મીની દુબારજુના	કિસાન તુવેરદાળ ૬૨૦૦	જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦	૫૦૦૦	પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦	**પરચુરણ**
૫ લીટર ૪૧૦	દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦	પરખ સ્પેશીયલ ૫૨૦૦	સોજી ૮૬૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦	દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦	લાલપરી તીબાર જુના ૪૨૦૦	મેંદો ૮૬૦
કોપરેલ ૧૫ કિલો ૨૩૦૦	દુન કણકી જુની ૩૦૦૦	લાલપરી દુબાર જુના ૩૮૦૦	શ્રીફળ એમ. ૮૮૦
૫ કે. કોપરેલ ૮૬૦	ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦	લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦	નિરમા સાબુ ૫૨૫
૫લી. અંકુર સીંગતેલ ૫૦૦	ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦	લાલપરી દુબાર નવા ૩૯૦૦	મેદી ૬૦-૧૦૦
૧૫ લીટર સનફલાય ૧૧૮૦	ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦	રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦	અજમો ૧૫૦-૨૪૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦	ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦	લાલમંદિર બાસમતી ૩૬૦૦	સાકરીયા ૪૫૦૦
૫ લી. ૩૭૦	હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦	**ખાંડ બજાર**	ખાંડ બુરૂ ૪૨૦૦
૨ લી. ૧૫૭	હાથી૮૧૭ નવા દુબાર પાંણાં	(બોરીના ભાવ)	કોકમ ફુલ ૧૮૦
ચોખા-દાળ બજાર	૫૮૦૦	**ખાંડ એસ. ૩૮૫૦-૩૯૦૦**	એલચી ૧૧૦૦-૧૪૦૦
(૧૦૦ કીલોના ભાવ)	તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦	**ખાંડ એમ.૪૦૦૦**	મોરૈયો ૬૫-૯૪
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦	તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦	ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦	તલ ૯૦-૧૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦	તુવરદાળ ખીડીયાર ૫૮૦૦	**ચા-બજાર**	ખસ-ખસ ૩૫૦-૫૮૦
ગેટવે રેગ્યુલર ૫૦૦૦	દાવત સીલેકટનવા ૮૮૦૦	સુરજ છાપ ચા ૩૦૦	સીંગદાણા ૬૫-૮૦
ગેટવે રીઝાના ૪૫૦૦	દાવત સુપર જુના ૯૮૦૦	હરણ છાપ ચા ૨૨૦	**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
ગેટવે એવરેડી ૪૦૦૦	દાવત દીલખુશ નવા ૭૫૦૦	**આખા મરચાં-હળદર**	દુધી ૨૦૦-૩૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦	દાવત દીલખુશ જુના ૬૫૦૦	હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦	સુકી ડુંગળી ૫૮૦-૬૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦	દાવત દુબાર જુના ૬૦૦૦	હળદર આખી રાજાપુરી	લસણ ૭૦૦-૮૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦	દાવત રોઝાના જુના ૫૫૦૦	ગટ્ટા ૧૦૦-૧૪૦	ધાણા ૯૦૦-૧૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦	દાવત ૭૦ જુના ૪૧૦૦	હળદર આખી સેલમ ૯૦	મરચાં ૮૦૦-૧૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦	દાવત ૬૦ મીની જુના ૩૨૦૦	હળદર તળેલી સાંગલી ૮૦	લીબુ ૩૦૦-૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦	લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦	મરચા વન્ડર હાટ ૨૦૫૦	અડવી પત્તા ૨૦૦-૪૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦	લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦	મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦	આદુ ૮૦૦-૧૦૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦	લાલ કીલ્લો તીબાર ૭૦૦૦	મરચા તેજા ૧૮૦૦	રીંગણ ૬૦૦-૮૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦	લાલ કિલ્લો દુબાર ૫૫૦૦	મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦	ટામેટા ૧૦૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦	લાલ કિલ્લો મોગરો ૪૫૦૦	મરચા ટોમેટો ૨૨૦૦	ભીંડા ૪૦૦-૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦	હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦	મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦	કોબી ૨૮૦-૪૬૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦	હેરીટેજ તીબાર ૭૨૦૦	કાશ્મીરી ૯૦	વટાણા ૯૦૦-૧૧૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦	હેરીટેજ દુબાર ૫૫૦૦	કાશ્મીરી મમરી ૯૦	ટીંડસા ૭૦૦-૮૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦	હેરીટેજ મીની દુબા ૪૫૦૦	સુપર પટની ૧૦૫	**ગવાર ૧૦૦૦-૧૨૦૦**
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦	કાયનાત પી ૮૫૦૦	સુપર રજવાડી ૧૯૦	બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦	કાયનાત સુપર ૮૦૦૦	મરચા ડેડીકટ ૧૨૫	સાંગા બટાકા ૧૨૦-૧૪૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦	કાયનાત ૬૮૦૦	મરચાં ૫૮૦૦	ચોળી ૧૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦	રાજા બાસમતી ૪૦૦૦	**ગોળ બજાર**	તુરીયા ૫૦૦-૮૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦	કુરૂક્ષેત્ર ૫૮૦૦	વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦	
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦	એપ્પલ પ્રીમીય ૪૮૦૦		

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

પાટણમાં જલારામ ચાર રસ્તા પર બાઈક લારીને અથડાતાં બેને ઈજા

પાટણ

પાટણમાં જલારામ મંદિર ચાર રસ્તા પર દબાણ હેઠળના લારી ગલ્લા અને પાર્ક થયેલી રીક્ષાઓના કારણે અકસ્માતના બનાવો આંતરે દિવસે બને છે.ગત સોમવારે સાંજે એક બાઈક ચાલક રસ્તા વચ્ચે ઉભેલી પાણી પુરીની લારીને અથડાતાં ત્યાં ઉભેલી યુવતીઓમાંથી બે જણને સામાન્ય ઈજા થઈ હતી.અત્રે નોંધવું ઘટે કે જલારામ ચાર રસ્તા પર કોઈ પોલીસ કે ટ્રાફિકવાળા કરકતા ન હોવાથી વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘંન કરે છે.જ્યારે રીક્ષાચાલકે ગમે ત્યાં રીક્ષા પાર્ક કરતા હોવાથી આખા રસ્તાને જાણે બાનમાં લીધો હોય તેવું દ્રશ્ય સર્જાય છે.

રાધનપુર તાલુકાના સિનાડમાં શિક્ષકનો વિદાય સમારંભ

કમલ ચકવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના સિનાડ પે.સેન્ટર શાળાના ઉ.શિ.મહેશકુમાર બી.ચૌહાણની ઓવર સેટ અપના કારણે જાવંત્રી પ્રા.શાળામાં બદલી થતા વિદાય સમારંભ યોજાયો હતો.શાળા પરિવાર તરફથી શ્રીફળ અને સાકર તેમજ ચાંદી ગણેશજીની મૂર્તિ અર્પણ કરી શાલ ઓઢાડી વિદાય આપવામાં આવી હતી.શાળાના આચાર્ય નરસિંહભાઈ સાપુ, શિક્ષક નાનજીભાઈ રાવળે શબ્દોથી વિદાય આપી હતી.

શંખલપુરમાં ભગવાનને આંગી...

કમલ ચકવર્તી

પવિત્ર પર્યુષણ પર્વ નિમિત્તે બહુચરાજી તાલુકાના જૈનતીર્થ શંખલપુર ગામે બિરાજમાન ૨૫૦૦ વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથ પ્રભુને નયનરમ્ય આંગીની રચના કરવામાં આવી હતી. શાંતિનાથ પ્રભુની પ્રતિમા સંપ્રતી મહારાજા સમયની અલૌકિક દિવ્ય છે. આંગીના દર્શનનો જૈન સમુદાયે લાભ લીધો હતો.

પૂર્વ રેલવે મંત્રી અને કોંગ્રેસ નેતા પવન બસંલના પુત્રના સ્થળો પર આવકવેરાના દરોડા

ચંડીગઢ

પૂર્વ રેલ મંત્રી અને કોંગ્રેસના નેતા પવન બંસલના પુત્રના સ્થળના પુત્રના નિવાસે રાતે ઈનકમ ટેક્સે દરોડા પાડયા હતાં. આવકવેરા વિભાગે પંચકુલાની સાથે ચંડીગઢ સોલન અને મુંબઈમાં પણ દરોડા પાડયા હતાં. અધિકારીએ જણાવ્યું હતું કે આવક વિભાગ ફાર્મા કંપની તરફથી કહેવાતા કર રાહતના દુરૂપયોગની તપાસ કરી રહ્યું છે. હાલ મળતી માહિતી અનુસાર આ દરોડા પવન બંસલના પુત્રના ફાર્મા કંપનીમાં ટેકસની છેંતરપીડીને લઈ છે.લગભગ ૧૦ જગ્યા ઈનકમ ટેક્સ વિભાગની ટીમ દરોડા પાડયા હતાં.

વિવિધ બજાર ભાવ

ડીસા		**ભીલડી**		બાજરી	૨૫૦-૨૭૧
બાજરી	૨૨૫-૨૬૪	એરંડા	૮૬૦-૯૦૦	જીરૂ	૨૮૦૦-૩૬૧૦
એરંડા	૮૮૫-૯૦૦	રાયડો	૧૪૫-૧૬૨	રજકો	૧૬૦૦-૨૮૦૨
રાયડો	૧૪૫-૧૬૨	રાજગરો	૧૫૦-૭૪૧	**રાહ**	
ઘઉં	૩૧૬-૩૨૫	બાજરી	૨૩૫-૨૫૬	બાજરી	૨૮૦-૩૧૫
બાજરી	૨૨૫-૨૬૪	ઘઉં	૩૦૪	એરંડા	૮૭૦-૮૭૫
રાજગરો	૭૭૦-૮૧૫	ગવાર	૭૩૧-૭૪૦	રાયડો	૧૬૫-૧૮૦
ગવાર	૧૪૫-૭૩૧	**પાનેરા**		ચીકુડી	૮૭૦-૮૮૫
મગફળી	૫૫૦-૭૦૦	ઘઉં	૩૦૧-૩૫૧	**સિધ્ધપુર**	
પાલનપુર		બાજરી	૨૩૧-૨૭૬	રાયડો	૧૫૭-૧૬૨
ઘઉં	૩૦૫-૩૨૭	ગવાર	૪૭૫-૧૫૧	એરંડા	૮૬૦-૯૭૦
બાજરી	૧૮૨-૨૫૮	રાયડો	૧૪૦-૧૬૭	અડદ	૭૧૧
ચણા	૧૦૮૦-૧૦૯૦	એરંડા	૮૬૭-૮૮૧	મેથી	૪૩૯-૫૫૦
એરંડા	૮૮૦-૯૦૦	ઈસ.૧૬૮૦-૨૧૪૪		ગવાર	૭૦૦-૭૨૨
મગફળી	૫૦૦-૭૭૯	જીરૂ	૩૦૦૦-૩૩૬૧	ઘઉં	૩૨૪-૩૪૭
રાજગરો	૭૪૦-૮૪૦	મેથી	૫૬૦	બાજરી	૧૬૦-૨૭૪
લાખણી		સુવા	૭૪૩-૯૨૧	જુવાર	૭૦૦
બાજરી	૨૪૫-૨૫૭	વરી.	૬૫૨-૭૩૬	**પાટણ**	
એરંડા	૮૬૫-૮૯૧	રાજગરો	૬૬૦-૭૩૯	જીરૂ	૩૩૫૧-૩૩૬૦
રાયડો	૧૪૧-૧૬૭	અજમો	૯૬૮-૧૧૫૦	વરીયાળી	૮૦૦-૯૦૮
ગવાર	૭૦૦-૭૩૦	રજકો	૨૮૪૫	મેથી	૪૦૦-૪૯૧
ચીકુડી	૮૪૦-૮૮૧	**થરાદ**		સુવા	૮૫૦-૯૭૯
તલ	૧૨૦૦	જીરૂ	૨૮૦૦-૩૬૦૦	બંટી	૨૦૦-૩૪૪
થરા		એરંડા	૮૬૫-૮૮૫	રાયડો	૧૪૧-૧૮૧
જીરૂ	૩૨૬૧-૩૫૪૦	રાયડો	૧૫૦-૧૯૫	એરંડા	૮૭૦-૯૦૯
એરંડા	૮૭૫-૮૯૨	ગવાર	૭૧૫-૭૪૦	ઘઉં	૩૦૮-૩૪૭
રાયડો	૧૫૦-૧૧૩	મેથી	૫૦૦-૫૭૦	બાજરી	૨૩૫-૨૧૧
ગવાર	૧૭૦-૭૧૩	ઈસ.	૧૭૦૦-૧૯૫૦	અજમો	૧૫૦-૮૮૦
ઘઉં	૩૦૭-૩૨૧	અજમો	૭૦૦-૧૩૪૫	જવ	૯૯૦-૩૦૧
બાજરી	૨૩૫-૨૪૭	વરી.	૮૦૧-૯૦૧	અડદ	૭૦૦-૭૪૧
જુવાર	૫૭૦-૫૯૦	ચીકુડી	૮૦૦-૯૧૧	ગવાર	૭૨૪-૭૩૯

રાધનપુર તાલુકાના બંધવડમાં ગુરૂજીને અભિષેક કરાયો

કમલ ચકવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના બંધવડ ગામે પૂજ્ય ધ્યાનયોગી શ્રી મધુસુદન દાસ બાપુની પ્રતિમાને મધુપાર્કથી સ્નાન કરાવી અભિષેક કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ આરતી અને પૂજા અર્ચના કરવામાં આવી હતી.ભરૂચ નજીક આવેલા નિકોરાથી ખાસ સાધકો અભિષેક કરવા માટે પધાર્યા હતા. પૂજ્ય ધ્યાનયોગી શ્રી મધુસુદન દાસ બાપુના દેવ થયા બાદ સમગ્ર વહીવટ પૂ.આનંદીમા સંભાળે છે. નિકારોમાં શાનદાર મંદિર અને આશ્રમ છે જ્યારે ગુરૂજીના અમેરીકાના કેલીફોર્નિયામાં પણ આશ્રમ છે, જ્યાં અમેરિકન સાધકો ગુરૂજીને ભગવાનની જેમ પૂજે છે. પૂજ્ય આનંદીમાને દિપકભાઈ નો પણ સહયોગ મળી રહ્યો છે.

એક શામ શહીદો કે નામ અંતર્ગત પાટીદાર સમાજની ખાટલા બેઠકો યોજાઈ

ચાણસ્મા

રાજય સરકાર દ્વારા પાટીદાર અનામત આંદોલનને ઠંડુ પાડવા ચર્ચા માટે તૈયાર હોવાની જાહેરાત કરાઈ છે, ત્યાં પાટીદાર અનામત આંદોલન શરૂ થયાને ૨ વર્ષ પૂર્ણ થતાં ૨૬ મી ઓગસ્ટે પાટણમાં એક શામ શહીદો કે નામ કાર્યક્રમ યોજનાર છે. જેને લઈ હાલ સમગ્ર ઉત્તર ગુજરાતમાં પાસની ટીમ દ્વારા ૨ દિવસમાં ૭૦ થી વધુ ગામોમાં ખાટલા બેઠકો યોજાઈ ચૂકી છે. પાસ પ્રવક્તા વરુણ પટેલે જણાવ્યું કે, પાટીદારો હક માટે લડી રહ્યા છે, જે નહીં મળે ત્યાં સુધી આંદોલન ચાલુ જ રહેશે. ૨૬ મીના કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના કાર્યકર સંમેલન કરતાં ૩ ગણા વધુ પાટીદારો સ્વયંભૂ ઉમટી પડવાની અમારી ગણતરી છે.

રાજયમાં અનામત આંદોલન દરમિયાન શહિદ થયેલા ૪૪ પાટીદાર યુવાનો તેમજ પાટણ જિલ્લાના ૨ શહીદવીરોને શ્રદ્ધાંજલિ આપવા તેમજ શહિદવીરોના પરિવારજનોને સન્માનિત કરવા ૨૬ મી ઓગસ્ટને શનિવારના રોજ પાટણ જિલ્લા પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા એક શામ શહીદો કે નામ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શરૂ કરાયેલી ખાટલા બેઠકો અંતર્ગત સોમવારે પાસના અગ્રણી વરુણ પટેલ, નિલેશ એરવાડિયા, મનોજ પનારા, સતિષ પટેલ, ડો.કિરીટ પટેલ, ગીતાબેન પટેલ, વંદના પટેલ સહિતના આગેવાનો દ્વારા જિલ્લાના માનપુર, અડિયા, ખારી ધારીઆલ, ચંદુમાણા, ખોરસમ, ભાટસર, મંડલોપ, છમીસા, વડાવલી, મેસરા, મણિયારી, મીઠી ધારીઆલ તેમજ પાટણ શહેરમાં ૧૫ થી વધુ સ્થળોએ બેઠકો યોજવા ૨૬ મીના કાર્યક્રમમાં ઉમટી પડવા આહ્વાન કર્યું હતું.

પ્રવક્તા વરુણ પટેલે જણાવ્યું કે, હાલમાં પાટીદાર સહિત સમાજના લોકોનો ઉત્સાહ જોતાં એકલા ઉત્તર ગુજરાતમાંથી જ ૩૦ થી ૪૦ હજાર લોકો હાજર રહેશે તેમ જણાય છે. ખાસ કરીને શિક્ષણ અને નોકરીમાં થઈ રહેલા અન્યાયના કારણે લોકોમાં આક્રોશ જોવા મળે છે.

પાટીદારોને અનામત મળે તે માટે આંદોલન આન, બાન અને શાનથી ચાલુ રાખીશું. તેમણે એમ પણ કહ્યું કે, સરકારની ચર્ચાની વાત સરકારનો સ્ટંટ હોઈ શકે છે. જો પાટીદાર સમાજના આગેવાનો અને વડીલો અનામત લઈને આવતા હોય તો અમારું સ્વાગત છે. અને માત્ર સરકારની વાહ વાહી કરવાનું નાટક હશે તો પાટીદાર સમાજ ક્યારેય નહીં ચલાવી લે. અમને વિશ્વાસ છે કે પાટીદાર સમાજ શહીદોની શહીદીને એળે નહીં જવા દે. ૨૬ મી નું પાટીદારોનું શક્તિ પ્રદર્શન જોઈ ઉત્તર ગુજરાતમાં ભાજપના મૂળિયા હલી જવાના છે.

બેંકોના ખાનગીકરણ અને મર્જરનો વિરોધ: ૭૦૦ કર્મીઓ હડતાળ પર

હિમતનગર: દેશની સરકારી અને ગ્રામીણ બેંકોમાં આપવામાં આવેલા હડતાલના એલાનને પગલે સાબરકાંઠા જિલ્લાની ખાનગી અને સહકારી બેંકો સિવાયની તમામ બેંકોના કર્મચારી હડતાલ પર ઉતરી જતા બેંકીંગ વ્યવહારો ઠપ્પ થઈ ગયા હતા. બેંકોના મર્જર અને ખાનગી કરણનો બેંક કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

બેંક સૂત્રો દ્વારા જાણવા મળી રહેલ માહિતી અનુસાર, સરકાર રાષ્ટ્રીયકૃત બેંકોનુ ખાનગીકરણ અને મર્જર કરવા આગળ વધી રહી છે. સરકારે ડીફોલ્ટરો સામે કોઈ કાર્યવાહી કરતી નથી અને અન્ય ચાર્જીસ વધારી રહી છે. બેંકોનું ખાનગીકરણ કરવામાં આવશે. તો ઘણી જગ્યાએ બેંકોની શાખાઓ બંધ કરવી પડશે. જેને કારણે બેંક કર્મચારીઓ બેકાર બનશે. એક બાજુ બેંકો ઉપર ભારણ વધી રહ્યુ છે અને નવી શાખાઓ ખોલવાની જરૂર છે.

બેંકો બંધ થવાથી નુકસાન થઈ શકે છે. મંગળવારે સાબરકાંઠા જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોના ૭૦૦ થી વધુ કર્મચારીઓએ હડતાલ ઉપર ઉતરી બેંકોના ખાનગી કરણનો વિરોધ કરતાં જિલ્લામાં ૧૦૦ કરોડથી વધુ આર્થિક વ્યવહારોને અસર થવા પામી હતી અને નાણાકીય વ્યવહારો ૬૫પ થવાની સૌથી વધુ માઠી અસર ગ્રામ્ય

હરિયાણા કોંગ્રેસમાં વિવાદ, હાઈકમાન્ડ અમારી વાત સાંભળતુ નથી : ધારાસભ્યો

ચંડીગઢ

હરિયાણા કોંગ્રેસમાં નવી ખટપટ જોવા મળી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડ્ડાના નજીકના માનવામાં આવતા બે ધારાસભ્યોએ પાર્ટી હાઈકમાન્ડથી પોતાની નારાજગી વ્યકત કરી છે.ધારાસભ્યોએ જનતાની વચ્ચે પોતાના નારાજગી વ્યકત કરી છે. ધારાસભ્યોની માંગ છે કે રાજયમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અશોક તનવરને બદલવામાં આવે છે.

ધારાસભ્ય કુલદીપ શર્મા અને કરન દલાલે કહ્યું હતું કે હાઈકમાન્ડ તેમની વાત સાંભળતુ નથી અને વર્તમાન નેતૃત્વના આધીન કોઈ પણ ચુંટણી લડવા તૈયાર નથી. ધારાસભ્યોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને હુડ્ડાની સંસદમાં થયેલ મુલાકાત ને લઈ બંન્ને વચ્ચે નજીકતા વધવાની અટકળો શરૂ થઈ હતી.

આ મુલાકાતને લઈ હરિયાણા કોંગ્રેસના ધારાસભ્ય જય તીરથે પણ કહ્યું હતું કે હુડ્ડા અને મોદીની મુલાકાતનું રાજનીતિક મહત્વ છે અને આ એક નવા રાજનીતિક સમીકરણને જન્મ આપી શકે છે. જો કે હુડ્ડાએ આ વાતનો ઈન્કાર કરી દીધો હતો કે તેમના વડાપ્રધાન મોદીની મુલાકાત એક શિષ્ટાચાર હતી તેને રાજકીય રંગ આપવો જોઈએ નહીં.

કુદલીપ શર્મએ જણાવ્યું હતું કે હુડ્ડા ૧૦ વર્ષ રાજયના મુખ્યમંત્રી ચાર વાર સાંસદ અને બે વાર રાજય કોંગ્રેસના પ્રમુખ રહી ચુકયા છે.આથી વડાપ્રધાન મોદી તેમનું મહત્વ જાણે છે અને તેમની સાથે વાતચીત કરવા માટે ગયા. જો કે હુડ્ડા ક્યારેય પણ ભાજપમાં સામેલ થશે નહીં કારણ કે તેમના પરિવારની અનેક પેઢીઓ કોંગ્રેસથી જોડાયેલી રહી છે. તે ભાજપ જેવી સાંપ્રદાયિક પાર્ટીમાં ક્યારેય જશે નહીં જયારે હાઈકમાન્ડ સાથે વિવાદોને લઈ શર્માએ કહ્યું કે હરિયાણા કોંગ્રેસ જેવી રીતે ચાલી રહી છે આવી સ્થિતિમાં પાર્ટીને કાંઈ હાંસલ થનાર નથી. અમે એક કોંગ્રેસી જ તરીકે મરવાનું પસંદ કરીશું પરંતુ હાલ સર્જરીની જરૂરત છે. પાર્ટીમાં ક્યાં સર્જરીની જરૂરત છે તે રાષ્ટ્રીય નેતૃત્વને નક્કી કરવાનું છે. જયારે ચુંટણી લડવા બાબતે પુછતા દલાલે કહ્યું કે કકત અમે લોકો જ નહીં હરિયાણામાં કોઈ પણ વર્તમાન નેતૃત્વમાં ચુંટણી લડવા ઈચ્છતા નથી આવી સ્થિતિમાં કોઈ નહીં લડવા તૈયાર નથી

ત્રણ તલાક અંગે સુપ્રીમના ચુકાદાને લઈ લઘુમતીઓમાં મિશ્ર પ્રતિભાવ

મહેસાણા

સુપ્રીમ કોર્ટમાં ૫ જજોની બેંચે મંગળવારે ત્રણ તલાકને ગેરબંધારણીય ઠરાવતો કરેલો ફેંસલો લઘુમતીઓમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. મોટાભાગનાની એક જ વાત હતી કે, આ ધાર્મિક બાબત છે અને તેમાં કોઈ દરમિયાન ગીરી હોવી જોઈએ નહીં. કોર્ટના આદેશને લઘુમતીઓ માથે ચઢાવે છે, પરંતુ ત્રણ તલાકનું અમલીકરણ સમાજમાં યથાવત રહેશે. જ્યારે શિક્ષિતો આ નિર્ણયથી મહિલાઓને હવે ન્યાય મળી શકશે તેવું માને છે. જોકે, મૌલવીઓના કહેવા મુજબ, ત્રણ વખત તલાક બોલવાથી તલાક થઈ જતા નથી. તેમાં તબક્કાવાર અનુસરવાનું હોય છે. મુસ્લિમ માટે ધર્મ એ જ ઈમાન છે અને કુરાન મુજબ ત્રણ તલાક આજે પણ છે અને કાલે પણ રહેશે. અલ્લાહ ઔર ઉસકે રસુલકો જો હુકમ હૈ ઉસી પર હમારા ઈમાન હૈ, હું એજ કરી શકું જે કુરાન અને હજીસમાં કહ્યું હોય. આઈપીસી ધારા જે પણ હોય તેનું અપમાન કરતા નથી, પરંતુ અમારા ધર્મની જ્યારે વાત છે તેને વળગીને ચાલીશું. - હજરત મૌલાના ગુલામરસુલબાબા વિસનગરવાળા, ખદીબો ઈમામ સુન્ની નુરી મસ્જિદ, કસ્બા કુરાનમાં ત્રણ તલાક માન્ય છે. જે આજે પણ છે અને કાલે પણ રહેશે. ૧૪૦૦ વર્ષ પૂર્વે કુરાનમાં ત્રણ તલાકનો ઉલ્લેખ થયેલો છે અને અમે કુરાનની તોહીન નહી કરીએ. - ચિસ્તી અશરફી રઝવી, ખતીબી ઈમામ, જુમ્મા મસ્જિદ, મહેસાણા ત્રણ તલાક દઈ પત્નીને છુટાછેડા આપવાની વાતનો અમે વિરોધ કરીએ છીએ અને ઈસ્લામિક પરંપરાઓમાં પણ તેને ભિદઅત તરીકે જોવાય છે. વિવાદિત તલાક-એ-ભિદઅત પર જ્યારે સરકાર અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડ ભેગા મળીને કોઈ કાયદો લાવે તો જ ફેર પડે, બાકી સુપ્રીમ કોર્ટના કહેવાથી મુસ્લિમ મહિલાઓને રાહત મળશે નહી. - જાહેદાબાનુ અબ્દુલ્લાહ બાબી, આસ્મા પરિવાર, મુસ્લિમ સંગઠન

ધીણોજ સમરસ પંચાયતના મહિલા સરપંચનું રાજીનામું

પ્રતિનિધિ ચાણસ્મા

ચાણસ્મા તાલુકાની સૌથી મોટી ધીણોજ ગ્રામપંચાયતના સમરસ મહિલા સરપંચે આજે તેમના હોદ્દા ઉપરથી સ્વૈચ્છિક રાજીનામુ ધરી દેતાં તાલુકા વિકાસ અધિકારીએ તેમના રાજીનામાનો સ્વીકાર કરી ઉપસરપંચને ચાર્જ આપવાનો આદેશ કરતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. જાણવા મળે છે તે મુજબ આજથી ચાર માસ અગાઉ ચાણસ્મા તાલુકાની સૌથી મોટી ધીણોજ ગ્રામપંચાયતની ચૂંટણીમાં મહિલા અનામત સરપંચ તરીકે ચૌધરી સમુબેન માનસંગભાઈ બિનહરીફ વિજેતા થયા હતા. પરંતુ તેમણે સ્વેચ્છાએ તેમના હોદ્દાનું આજે તાલુકા વિકાસ અધિકારી કે.એસ. ત્રિવેદીને રાજીનામુ ધરી દીધુ હતું. જે રાજીનામુ મંજુર કરી ઉપસરપંચ દેસાઈ નાથુભાઈને સરપંચનો ચાર્જ આપવાનો આદેશ કર્યો હતો. જો કે રાજીનામા પાછળ ગામનું આંતરિક રાજકારણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રાજીનામાથી ગામના સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

સાહેબ, મારો દીકરો હજુ જીવે છે! મૃત પુત્ર જીવિત થવાની આશાએ માતા કલાક ફરતી રહી

મહેસાણા

મહેસાણા સિવિલમાં મૃત પુત્ર જીવિત થવાની આશાએ તેને ગોદડીમાં વીંટીને મહિલા ૧ કલાક સુધી ફરતી રહ્યાનો હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. પીલુદરા ગામના ધુળાજી ઠાકોર રવિવારે રાત્રે સિકયુરિટીની નોકરી પર હતા, તે સમયે તેમના ૧ મહિનાના પુત્રની તબિયત લથડી હતી.

વળાદ થઈ હોવાનું માની ધુળાજીની પત્ની લખીબેને ગામના વૃદ્ધ પાસે વળાદ ઉતરાવવા સહિતની વિધિ કરાવવા છતાં પુત્રની તબિયતમાં સુધારો જણાયો ન હતો. આથી સોમવારે બપોરે ૧૧-૩૦ કલાકે મહિલા મહેસાણા સિવિલના ટ્રોમા સેન્ટરમાં ગોદડીમાં વીંટાળેલા પુત્રને લઈને પહોંચી હતી.

અહીં હાજર ડૉ. મંજુલિકા બારોટે બાળકને તપાસી મૃત જાહેર કર્યા બાદ પણ પુત્રના ધબકારા સંભળાતાં હોવાનું કહી મહિલા ૧ કલાક સુધી સિવિલમાં ફરતી રહી હતી. મહિલાની સ્થિતિ જોતાં તબીબે પુનઃ બાળકને ચકાસી તેને વેન્ટીલેટર પર

ઊંઝાના શીહી પાસે સ્કોર્પિયોની ટક્કરે

મહેસાણા

ઊંઝાના સુરજ (ડાભી) ગામનો યુવક થરાદથી ઘરે આવેલા સંબંધીને ઊંઝા બસ સ્ટેન્ડે મુકવા રવિવારે સવારે બાઈક લઈને જતા હતા. ત્યારે ઊંઝા-પાટણ રોડ પર આવેલા શીહી ગામ નજીક સામેથી આવતી સ્કોર્પિયો કારના ચાલકે ટક્કર મારતાં બાઈક પર સવાર બંને યુવાનોનાં ઘટના સ્થળે મોત નીપજ્યાં હતાં. જ્યારે કારચાલક નાસી ગયો હતો. આ અંગે ઊંઝા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઊંઝા તાલુકાના સુરજ (ડાભી) ગામના ૪૫ વર્ષના પિતાંબરભાઈ રતનભાઈ વ્યાસના ઘરે થરાદથી તેમના સંબંધી ગોરખા રામાભાઈ અઝાભાઈ કામ પર આવ્યા હતા. રવિવારે સવારે એમને થરાદ જવાનું હોઈ પિતાંબરભાઈ વ્યાસ તેમનું બાઈક લઈ તેમને ઊંઝા બસ સ્ટેન્ડે મુકવા નીકળ્યા હતા. સવારે ૭ વાગે ઊંઝા-પાટણ રોડ પર આવેલા શીહી ગામ નજીક સ્કોર્પિયો કારના ચાલકે સામેથી આવતા બાઈકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જર્યો હતો.

બાઈક સવાર પિતાંબરભાઈ વ્યાસ અને ગોરખા રામાભાઈ ફંગોળાઈને જમીન ઉપર પટકાઈ જતાં તેઓને માથા અને શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજા થતાં તેઓનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં ઊંઝા પોલીસ ઘટના સ્થળે પહોંચી પંચનામા સહિત કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે પૂર્વ વિરોધપક્ષ નેતા ખેડા જિલ્લા પંચાયતની નેમપ્લેટ લાપેલી સ્કોર્પિયો કાર લઈને ચાલક નાસી ગયો હતો.જેની પોલીસે તપાસ હાથ ધરી છે.

ચાણસ્મા તાલુકા પંચાયતની કારોબારી સભા રદ

પ્રતિનિધિ ચાણસ્મા

કોંગ્રેસ શાસિત ચાણસ્મા તાલુકા પંચાયતમાં કારોબારી અધ્યક્ષની જાણ બહાર ગત તા. ૨૧/૮/૨૦૧૭ ના રોજ તાલુકા વિકાસ અધિકારી ચાણસ્માએ પોતાની સહીથી બોલાવેલી મિટીંગનો કારોબારી અધ્યક્ષ સહિત ૯ સભ્યોએ સખત વિરોધ નોંધાવતાં કારોબારી મીટીંગ રદ કરવાની ટી.ડી.ઓ.ને ફરજ પડી હતી અને આ વિવાદ આગામી દિવસોમાં વધુ પેચીદો બનશે તેમ જણાઈ રહ્યું છે.

કારોબારીની મીટીંગ બોલાવવાનો અબાધિત અધિકાર કારોબારીના અધ્યક્ષનો હોય છે અને તેમની સહીથી મીટીંગનો એજન્ડા કાઢવામાં આવે છે. પરંતુ ચાણસ્મા ખાતેની તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા વિકાસ અધિકારીએ અધ્યક્ષ અને સભ્યોને વિશ્વાસમાં લીધા સિવાય પોતાની સહીથી તા. ૧૮/૮/૨૦૧૭ ના રોજ મીટીંગનો એજન્ડા કાઢી ટપાલ મારફતે મોકલી આપવામાં આવ્યો હતો. અને તા. ૨૧ ઓગષ્ટના રોજ મીટીંગ બોલાવવામાં આવી હતી. જેની જાણ પદાધિકારીઓને થતાં તેમના હક ઉપર તરાપ મારી તાલુકાનો વહીવટ મનસ્વીપણે ચલાવનાર તાલુકા વિકાસ અધિકારી સામે ભારે વિરોધ વંટોળ ઉભો થયો હતો અને આખરે તમામ સભ્યો મીટીંગમાં ગેરહાજર રહેતાં કારોબારીની મીટીંગ મુલતવી રાખવાની ટી.ડી.ઓને ફરજ પડી હતી. આ સમગ્ર મામલે અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારી અને ગાંધીનગર સુધી ધારદાર રજુઆત કરી ટી.ડી.ઓ સામે પગલાં લેવા માગણી કરી હતી. બધાને અંધારામાં રાખી આ મીટીંગમાં કેટલાક અરજદારોની જમીન એન.એ. કરવાની અરજીઓ બાબતે નિર્ણય લેવાનો હોવાથી અધ્યક્ષને આ બાબતથી અજાણ રાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. હવે આ મીટીંગનો વિવાદ આગામી દિવસોમાં વધુ ગંભીર બનશે તેમ જણાય છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત " ખુલ્લે મેં શૌચ સે આઝાદી " સમાહ ઉજવણી

સતીષ ભટ્ટ

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા ૧૫-ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ સુધી " ખુલ્લે મેં શૌચ સે આઝાદી " સમાહ ઉજવણી નાં ભાગ રૂપે તા ૨૧ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ સુધી જીલ્લામાં "સ્વચ્છતા રથ" દ્વારા સ્વચ્છતા અંગેના સંદેશા આપવાનું આયોજન જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાબરકાંઠા દ્વારા કરવામાં આવેલ છે. આ સંદર્ભે ૨૧ ઓગસ્ટ નાં રોજ જીલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ દ્વારા હિમતનગર નાં લોલાસણ ખાતેથી સ્વચ્છતા રથને લીલી ઝંડી આપેલ. આ રથ દ્વારા જીલ્લાના ૫ તાલુકા હિમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ માં પસંદ કરેલ ગામોમાં જઈને સ્વચ્છતા અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મ,સ્વચ્છતા નાં ગીતો દ્વારા ગ્રામજનો ને સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવશે. આ કાર્યક્રમ સમયે લોલાસણ ખાતે નિયામક ડી.આર.ડી.એ આર.એન ખાંટ, સરપંચશ્રી લોલાસણ, ગ્રામ પંચાયત સભ્યો, લોકઆગેવાનો, પ્રાથમિક શાળાના બાળકો, આરોગ્ય અને આંગણવાડીના અધિકારી- કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

ડીસા સહિત જિલ્લામાં ભારે ઝાપટાં વચ્ચે વરસાદી માહોલ યથાવત

નરસિંહ દેસાઈ

વરસાદના આંકડા

તાલુકો	ગતસોજ વરસાદ	કુલ વરસાદ
અમીરગઢ	૫	૧૩૩૫,
ભાભર	૯૧	૮૬૫
દાંતા	૫	૧૧૩૩
દાંતીવાડા	૩૫	૫૫૩૧
ધાનેરા	૦૦	૧૦૩૭
દિયોદર	૫૧	૧૪૨૦
ડીસા	૩૯	૧૧૩૭
કાંકરેજ	૧૯	૭૧૦
પાલનપુર	૬	૧૩૯૧
થરાદ	૦૦	૭૫૬
વાવ	૧૭	૯૬૩
વડગામ	૬	૧૧૫૦
લાખણી	૦૦	૧૦૭૮
સૂઇગામ	૩૧	૭૭૦

દિયોદરમાં બે ઇંચ જેટલો વરસાદ નોધાયો

ડીસા

બંગાળની ખાડી ઉપર સક્રિય થયેલી અપર એરસરક્યુલેશન સિસ્ટમ ગુજરાતમાં પ્રવેશતા છેલ્લા બે-ત્રણદિવસથી ગુજરાતમાં ઠેર ઠેર વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી હતી પણ સિસ્ટમ નબળી પડતા ગુજરાત સહિત બનાસકાંઠા જિલ્લામાં વરસાદનું જોખમ ઘટી ગયું હતું તેમ છતાં રાજય પર છવાયેલ અપર એર સરક્યુલેશનના પગલે અનેક જગ્યાએ વીજળીના ચમકારા અને ગાજવીજ સાથે ભારે વરસાદી ઝાપટાઓ થયા છે. મંગળવારે ડીસા સહીત જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થવા પામ્યો હતો.ત્યારબાદ બુધવારના દિવસે પણ જિલ્લામાં અનેક સ્થળોએ રીમઝીમ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. તારીખ ૨૩/૮/૨૦૧૭ ના સવારે ૬ કલાકે પુરા થતા ૨૪ કલાકમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ દિયોદર વિસ્તારમાં પડ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહેતા અનેક સ્થળો પર સામાન્યથી મધ્યમ વરસાદ થવાની શક્યતાઓ રહેલી છે. ત્યારબાદ અપર એર સરક્યુલેશન સિસ્ટમ નબળી પડતા હવામાનમાં સુધારો થવાની શક્યતાઓ રહેલી છે.

ડેમની આજની સ્થિતિ...

	આવક	જાવક	સપાટી(ફુટમાં.)
દાંતીવાડા	૧૭૦૯	૧૭૧૩	૬૦૧.૯૦
સીપુ	૫૧૦	૪૬૯	૬૦૮.૮૮
મુક્તેશ્વર	૨૫૦	૨૦૦	૬૬૦.૮૫

થરાદની ચામુંડાનગર ખત્રી વાસમાં દસ દિવસથી પાણીની સમસ્યા

રહીશોને પૈસા આપીને પાણી ખરીદવાની નોબત આવતાં રોષની લાગણી

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

નર્મદા નહેરના રીપેરીંગના કારણે એક મહીનાથી પાણીપુરવઠો બંધ કરાતાં શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાવા પામી છે.ચામુંડાનગરના રહીશોએ વેચાતું પાણી લાવવું પડતું હોવાનો રોષ વ્યક્ત કર્યો હતો.જોકે ચીફઓફીસરે પાંચેક દિવસમાં પાણીપુરવઠો પુરતો મળતો થઇ જશે તેમ જણાવ્યું હતું.

તાજેતરમાં અતિવૃષ્ટી અને પુરમાં ભાભરના ખારીયા પાસે નર્મદાની મુખ્ય નહેરમાં મોટું ગાબું પડવા પામ્યું હતું.જેને રિપેર કરવા માટે નર્મદા વિભાગ દ્વારા જુલાઈના છેલ્લા અઠવાડીયાથી પાણીપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.આથી થરાદ નગરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાવા

અનુસંધાન પાના નં.૬

મગરવાડાની છાત્રાના અકાળે મોતથી અરેરાટી

(તા.પ્રતિ.) વડગામ

વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલી હાઈસ્કૂલની છાત્રા ખેલ મહાકુંભ માટે સોમવારે સો મીટરની દોડની પ્રેકટીસ કરી રહી હતી ત્યારે દોડ પૂર્ણ કર્યા પછી અચાનક ચકકર આવતાં તેનું મોત નિપજતા વડગામ પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. ધોરણ ૯ ની વિદ્યાર્થીની ઉર્વીબેન ભાયચંદભાઈ પ્રજાપતિનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. દરમ્યાન વાઈરલ ફીવરના કારણે અન્ય છાત્રાઓ પણ બેભાન થઈ હોવાનું જાણવા મળ્યું છે.

ગોઢ ગામમાં નદીમાં ડૂબી જતા ૬ વર્ષીય બાળકનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના ગોઢ ગામમાં ઉમરદશી નદી આવતા નદી જોવા ગયેલા ૬ વર્ષીય બાળકનું ડૂબી જતા મોત નીપજ્યું હતું. ગોઢ ગામમાં ગતરોજ વરસાદને પગલે ઉમરદશી નદી આવી હતી. જે નદી જોવા ગયેલો ૬ વર્ષીય બાળક રાજવીરસિંહ કુબેરસિંહ ડાભી નદીના પટમાં ઉતર્યો હતો. જ્યાં અચાનક પાણી આવતા બાળક ડૂબી જતા મોતને ભેટ્યો હતો. ગોઢ ગામમાં અચાનક ૬ વર્ષીય બાળકનું ડૂબી જતા મોત નીપજતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

પાલનપુર ખાતે જિલ્લાકક્ષાના બે દિવસીય કલા મહાકુંભનો પ્રારંભ કરાયો

વ્યકિતત્વ વિકાસ માટે દરેક માણસ પાસે કલા હોવી જરૂરી છે : દિલીપ રાણા

પાલનપુર

પાલનપુર મુકામે આવેલ વિપામંદિર કેમ્પસના શ્રી કાનુભાઈ મહેતા હોલમાં આજથી તા.૨૩ અને ૨૪ એમ બે દિવસીય જિલ્લાકક્ષાના કલા મહાકુંભનો પ્રારંભ થયો છે. બનાસકાંઠા કલેકટરશ્રી દિલીપ રાણાએ દિપપ્રાગટ્ય કરી જિલ્લા કક્ષાના કલા મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં ૧૧૦૦ જેટલાં સ્પર્ધકો પોતાની વિવિધ કલા રજુ કરશે.

આ પ્રસંગે કલેકટરશ્રી દિલીપ રાણાએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે વ્યક્તિત્વ વિકાસ માટે દરેક માણસ પાસે કલા હોવી જરૂરી છે. તેમણે કહ્યું કે એકાદ કલાના સહારાથી જીવન આનંદથી સારી રીતે જીવી શકાય છે. તેમણે કલાકારોને સંબોધતાં કહ્યું કે આપણામાં પડેલી કલાને બહાર લાવવા રાજય સરકાર ધ્વારા કલા મહાકુંભ યોજવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે ખેલાડીઓમાં રહેલી સુષુપ્ત શકિતનોને બહાર લાવવા તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે તેવી જ રીતે પ્રથમવાર કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. કલેકટરશ્રીએ વિપાર્થીઓને કહ્યું કે ભણવાની સાથે સાથે કલા અને રમત-ગમતના ક્ષેત્રમાં પણ રસ-રૂચિ કેળવી તેમાં પણ સારી કેરિયર બનાવી શકાય છે. તેમણે જણાવ્યું કે કોઈપણ સ્પર્ધામાં મળેલ હાર-જીતની ચિંતા કર્યા સિવાય આગળ વધવા

અનુસંધાન પાના નં.૬

વડગામના બાવળચુડીની મહિલાનું સ્વાઈન ફ્લૂથી મોત

તાલુકામાં કુલ છ પોઝીટીવ કેસ મળી આવ્યા

પ્રતિનિધિ છાપી

જિલ્લામાં સ્વાઈન ફ્લુના રોગને લઈ હાહાકાર મચવા સાથે અનેક લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં વડગામ તાલુકાના બાવળચુંડી ગામની એક મહિલાનું પાલનપુર સીવીલમાં મંગળવારે મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લામાં સ્વાઈન ફ્લુના કાળાકેર વચ્ચે વડગામ તાલુકાના બાવળચુંડી ગામની ભાવનાબેન કિશનભાઈ દેવીપુજકને વાયરલ ફીવરની બિમારી થતાં રીપોર્ટમાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં તાત્કાલિક સારવાર માટે પાલનપુર સિવીલમાં ખસેડવામા આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન ભાવનાબેન (ઉ.વ.આશરે ૨૫) નું મંગળવારે મૃત્યુ થયું હતું. વડગામ બી.એચ.ઓ. વિક્રમ ગઢવીના જણાવ્યા મુજબ તાલુકામાં સ્વાઈનફ્લુના કુલ છ કેસ નોંધાયા હતા. જેમાં અગાઉ માહી ગામની મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય દર્દિઓની તબીયત સુધારા ઉપર હોવાનું જણાવ્યું હતું. દરમ્યાન તાલુકાના ગામોમાં સર્વે હાથ ધરવા સાથે દવાનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે.

પશુ આહારની આડાશમાં લઇ જવાતો ૨૨૩૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

થરાદ પોલીસે બાતમીના આધારે નાનામેસરાના શખ્સને ઝડપી લીધો

(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ પોલીસને રાજસ્થાનથી વિદેશી દારૂ આવી રહ્યો હોવાની બાતમી મળતાં નાકાબંધી બાદ ફિલ્મીઢબે પીછો કરી પશુઆહારની આડાશમાં ૨૨૩૨ બોટલ વિદેશી દારૂ ભરેલુ એક છપડાલા સાથે નાનામેસરાના શખ્સ સાથે ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બુધવારની વહેલી સવારે થરાદના ખોડા બોર્ડર પર દારૂ સંબંધીત પેટ્રોલીગમાં રહેલા થરાદના પીઆઈ એ.બી. પટેલને રાજસ્થાનના કાયાનેળીયામાંથી વિદેશી દારૂ ભરીને એક ચોકકસ નંબરનું જીપડાલું ગુજરાતમાં

અનુસંધાન પાના નં.૬

પૂરના કારણે ખુલ્લામાં રહેતી મહિલાનું સર્પદંશથી મોત

જસરા ગામના ૧૩૬ પરિવારો બે વર્ષથી ગૌચરમાં તંબુ બનાવી રહેવા મજબુર : સરકારને સરપંચે પુનર્વસન માટે લોહીથી પત્ર લખ્યો છતાં કોઈ કાર્યવાહી નહીં

ડીસા - વાતમ

બનાસકાંઠામાં પૂર બાદ હજારો પરિવારોને ઘરબારના ઠેકાણા ન હોવાથી ખુલ્લી જમીનમાં આશરો લઈ રહ્યા છે ત્યારે ચોમાસાની સીઝનમાં ખુલ્લી જમીનમાં સાપ જેવા જાનવરોનાં ભય હેઠળ જીવી રહ્યા છે. જેમાં લાખણી તાલુકાના જસરા ગામમાં પુરના કારણે બે વર્ષથી ગૌચરની જમીનમાં તંબુ તાણી રહેતી ગરીબ પરિવારની મહિલાને સાપ કરડતાં મોત નિપજ્યું હતું. જસરાના સરપંચ મહેશભાઈ દવે અને ગ્રામજનોએ બે વર્ષ અગાઉ સરકારને તેમના પુનર્વસન માટે યોગ્ય જગ્યા ફાળવવા લોહીથી પત્ર લખ્યો હતો પણ કાર્યવાહી ન થતાં મોતની જવાબદારી સરકારની હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.

(ભરત સુંદેશા, દેવજી રાજપૂત)

લાખણી તાલુકાના જસરા ગામે રહેતી જતુબેન સોનાભાઈ વાલ્મિકી (ઉ.વ.૫૫) નું મંગળવારે રાત્રી દરમ્યાન સાપ કરડવાથી મોત નિપજ્યું હતું. જતુબેન સહિત ૧૩૬ પરિવારો

અનુસંધાન પાના નં.૬

અમીરગઢ ચેકપોસ્ટ ઉપરથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિ.) અમીરગઢ

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરએ જિલ્લામાં દારૂની બદી સદંતર બંધ થાય તે માટે બોર્ડર ચેક પોસ્ટો ઉપરથી આવતા શંકાસ્પદ વાહનો ચેક કરી દારૂ તથા ગુનાહિત ચીજવસ્તુઓની હેરાફેરી અટકે તથા આવી અસામાજિક પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અંકુશ આવે તે રીતે કડક અમલવારી કરવા સારું સૂચના કરતા તેઓની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક તથા સીપીઆઈ ડીસાના માર્ગદર્શન હેઠળ અમીરગઢ પોલીસ સબ ઈન્સ્પેકટર એમ બી ભારડ સ્ટાફના માણસોએ મળેલ બાતમી આધારે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ કરતા મળેલ હકીકત આધારે ટ્રક

અનુસંધાન પાના નં.૬

આજે કેવડા ત્રીજ...

વિનોદ બાંડીવાલા

આજે ભાદરવા સુદ-૩ ને ગુરૂવારના દિવસે કેવડા ત્રીજનું વ્રત બહેનો ઉજવણી કરતી હોઈ આ દિવસે બહેનો ભગવાનની પૂજા-અર્ચના કરી માથામાં કેવડાનું પાન નાખીને આખો દિવસ કેવડાની સુગંધ લઈ ઉપવાસ રાખે છે.કેવડા ત્રીજનું વ્રતને લઈ હુલ બજારમાં બહેનો કેવડો તેમજ પૂજાની છાબડી ખરીદી કરતી નજરે પડે છે.

પુરના પાણીથી પરેશાન નાગલાના લોકોની ધીરજ ખુટી : પાણીના નિકાલ માટે નાયબ કલેકટરને આવેદનપત્ર

મુખ્યમંત્રી જાત નિરીક્ષણ કરીને જવા છતાં પણ કોઇ કાર્યવાહી નહી કરાતાં રોષની લાગણી

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના નાગલા ગામમાં ભરાયેલા વરસાદી પાણીનો મહીનો છતાં પણ કોઈ જ નિકાલ નહી થતાં અકળાયેલા રહીશો અને ખેડુતો સાથે ગ્રામપંચાયત દ્વારા નાયબકલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.જેમાં પાણીનો તાકીદે નિકાલ કરવાની માંગણી કરાઇ હતી.

થરાદ તાલુકાના ખાનપુર,નાગલા અને ડોડગામમાં ગત જુલાઈમાં થરાદ પંથકમાં આવેલાં વિનાશક પુરનાં પાણી ફરી વળ્યાં હતાં.જેને મહીનો થવા છતાં પણ નિકાલ નહી થતાં આજે ગામ અને સીમ વિસ્તારમાં દસથી પંદર ફુટ જેટલાં ભરાયેલાં પડ્યાંછે.આથી નાગલા ગામના ગ્રામપંચાયતના મહિલા સરપંચ નવલબેન નરસેંગભાઈ પટેલ લેટરપેડ પર રોષે ભરાયેલા ગ્રામજનો અને ખેડુતો વતી તેમની સાથે નાયબ કલેકટરને

(વિષ્ણુ દવે)

આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યું હતુંકે ગત ૩૦મી જુલાઈના રોજ ખુદરાજ્યના મુખ્યમંત્રી વિજયરૂપાણીએ જાત નિરીક્ષણ કરીને ગામલોકોની મુલાકાત લઈને પાણીના નિકાલની ખાત્રી આપવા છતાં પણ તેનો નિકાલ થયેલ નથી. આથી પાણીનો તાકીદે નિકાલ કરવાની માંગણી કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

ઘોડાસર શાળાના શિક્ષકોની અનિયમિતતા મુદ્દે રજૂઆત

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાની ઘોડાસર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોની અનિયમિતતાથી બાળકોના ભણતર ઉપર વિપરીત અસરો પડે છે. જેથી ગામ લોકોએ આવા શિક્ષકો વિરૂધ્ધ ઉચ્ચસ્તરે રજૂઆતો કરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ગ્રામજનોએ શિક્ષણ મંત્રીને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વખતે એકેય શિક્ષક હાજર ન હતા. તેથી શિક્ષિકાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જે ઉજવણી

અનુસંધાન પાના નં.૬

ધી ડીસા મર્કેન્ટાઈલ કો-ઓ.સો.લી., ડીસા

વાર્ષિક સાધારણ સભાની નોટીસ
(ફકત સભાસદો માટે જ)

આથી સોસાયટીના તમામ સભાસદોને જણાવવાનું કે, સોસાયટીની સત્યાવીસમી વાર્ષિક સાધારણ સભા તા.૧૦/૦૯/૨૦૧૭ ને રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે 'જલારામ સેવા ભવન' જલારામ ભોજનાલયની ઉપર, જલારામ મંદિરની પાછળ, હાઈ-વે, ડીસા ખાતે રાખવામાં આવેલ છે, તો સભાસદોએ સમયસર હાજર રહેવા વિનંતી.

તા.૨૩/૦૮/૨૦૧૭
સ્થળ : ડીસા

મહેન્દ્રભાઈ જે. દોશી
ચેરમેનશ્રી,
ધી ડીસા મર્કેન્ટાઈલ કો-ઓ.સો.લી., ડીસા

જિલ્લામાં ખરીફ પાક માટે આકાશમાં વરસાદ રૂપી કાચુ સોનુ વરસ્યું

મઘા નક્ષત્રમાં થઈ રહેલા વરસાદથી ખેતીના પાકને ફાયદો

(પ્રતિ.) વડાવળ

ડીસા સહિત જિલ્લામાં છેલ્લા ત્રણ - ચાર દિવસથી સર્જાયેલા વરસાદી માહોલને લઈને ખરીફ સિઝન માટે અનુકુળતા વર્તાઈ રહી છે. ચાલુ વર્ષ જિલ્લામાં સમાંતરે મેઘરાજાની પધરામણી થતાં ખેતીના પાકને ફાયદો થયો છે. જિલ્લાના અનેક તાલુકામાં એક માસ અગાઉ પડેલા ભારે વરસાદથી ખેતીના પાક અને ખેતીની જમીનને ભારે નુકશાન થયુ હતું. તેમ છતાં જિલ્લાના અનેક ભાગોમાં ખેતીનો પાક સારો જોવા મળી રહ્યો છે.

છેલ્લા ત્રણ - ચાર દિવસથી જિલ્લામાં વરસાદી માહોલ સર્જાતા અનેક જગ્યાએ મધ્યમથી ભારે વરસાદી ઝાપટાઓ પડી રહ્યા છે ત્યારે ખેતીની દ્રષ્ટિએ મઘા નક્ષત્ર ચાલતા હોવાથી મઘા નક્ષત્રનો વરસાદના ખરીફ પાક માટે આકાશમાંથી કાચુ સોનુ વરસી રહ્યું છે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. ખરીફ પાકમાં જિલ્લામાં સૌથી

(નરસિંહ દેસાઈ)

વધુ મગફળીનું વાવેતર થયું છે. આ ઉપરાંત અડદ અને અન્ય કઠોળનો પાક સારો જોવા મળી રહ્યો હતો તેવા સમય ફરી પાછો વરસાદ થતા મગફળી અડદ સહિત પાકો ખીલી ઉઠયા છે. ભારે વરસાદના કારણે નિષ્ફળ ગયેલા અન્ય પાકોને સ્થાને ખેડૂતોએ પુન વાવેતર કરતા જુવાર, મકાઈ સહિત

અનુસંધાન પાના નં.૬

તાલુકા મથક લાખણીમાં જાહેર શૌચાલયનો અભાવ

૫૫ ગામની પ્રજા પરેશાન : મહિલાઓની હાલત કફોડી : સરકારના સ્વચ્છતા અભિયાનના જાહેરમાં ધજાગરા

પ્રતિનિધિ વાતમ

તાલુકા મથક લાખણીમાં ૫૫ ગામડાની પ્રજાનો રોજાંદો ભારે ઘસારો રહે છે પરંતુ શૌચાલયના અભાવે ખાસ કરીને મહિલાઓની શોભજનક હાલત થાય છે.જેના કારણે સરકારના સ્વચ્છતા અભિયાનના પણ જાહેરમાં ધજાગરા ઉડે છે.

ભાજપ સરકારે ૨૦૧૧ માં લાખણીને તાલુકાનો દરજ્જો આપ્યો હતો. તેથી અહીં સરકારી કચેરીઓ સાથે બેંકો, દવાખાના અને માર્કેટયાર્ડ પણ ધમધમવા લાગ્યા છે. તેથી તાલુકાની ૫૫ ગામોની પ્રજાની વિવિધ કામ અર્થે તાલુકા મથકે રોજની ભારે અવર જવર રહે છે પરંતુ તાલુકા મથકે હજુ સુધી બસ સ્ટેન્ડ બન્યું નથી. તેથી પ્રજાને રોડ ઉપર જ ખુલ્લામાં ઉભા રહી આવન જાવન કરવી પડે છે. જેથી ખાસ કરીને વૃધ્ધો, બિમાર અને બાળકોની હાલત કફોડી

અનુસંધાન પાના નં.૬

દેવજી રાજપૂત

આડેધડ ઉભા થતા કોમ્પલેક્ષો

લાખણીને તાલુકા મથકનો દરજ્જો મળતા જ જમીનના ભાવો રાતો રાત ઉંચકાઈ ગયા છે.તેમ છતાં ધંધાદારી હેતુ માટે વિવિધ કોમપલેક્ષોની ગણત્રી ગણી છે.દૂકાનગામામાં ૬૦ થી ૭૦ કોમપલેક્ષો બની ગયા છે.પરંતુ સરકારના નીતિ નિયમો નેવે મૂકી બનેલા કોમપલેક્ષોમાં સરાય શૌચાલય કે પાર્કિંગની પણ નવાઇ નથી.તેથી અત્યારથી જ ડીસા અને પાલનપુર જેવી ટ્રાફીક સમસ્યા સર્જાવા લાગી છે.ત્યારે તાલુકા મથકના હીતમાં જિલ્લા કલેકટર અંગત રસ દાખવી ભવિષ્યની સ્થિતિને નજરમાં રાખી ગ્રામજનોદ્વારા વિકાસ કામને કરાવે તેમ તાલુકાભરની પ્રજા ઝંખે છે.

ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ.મેંગાજી અમરાજી સુંદેશા
સ્વ.તા.૨૪/૮/૨૦૧૩

જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહી. સંબંધો નિભાવ્યા સજ્જતાથી કે વિદાય કદી વિસરે તેમ નથી. ઘુદ્રત આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ.લેરીબેન મેંગાજી સુંદેશા (પત્નિ)
અનિલભાઈ મેંગાજી સુંદેશા
ગલબાજી મેંગાજી સુંદેશા (LIC Agent)
છગનજી મેંગાજી સુંદેશા
રમેશભાઈ મેંગાજી સુંદેશા
(ગ્રીકટર તાલુકા સંઘ - ડીસા)

ઘર

ભરતભાઈ મેંગાજી સુંદેશા
સોમનાથ ભાતર ડેપો - ડીસા
કલમ ટ્રેડીંગ કું. - ડીસા
ઉત્તમ, હિતેશ, પ્રવિણ
તથા સમસ્ત સુંદેશા પરીવાર

મુ.પો.રાણપુર - આયમણાવાસ, તા.ડીસા, જી.બ.કાં.